# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તકઃ ૨૦૪ ▪ Volume 68 ▪ Issue 129 ▪ વિક્રમ સંવત ૨૦૮૧

▪ જયેષ્ઠ સુદ - ૭ ▪ મુંબઈ ▪ MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ 2 June 2025, Monday ▪ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૨ જૂન ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ઈશાન ભારતના રાજ્યોમાં પૂરની સ્થિતિ ગંભીર






## આસામ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમના મુખ્ય પ્રધાન અને મણિપુરના રાજ્યપાલ સાથે અમિત શાહની વાતચીત

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે વરસાદથી પ્રભાવિત ઈશાન ભારતના આસામ, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમ રાજ્યના મુખ્ય પ્રધાન તેમ જ મણિપુરના ગવર્નર સાથે રવિવારે વાતચીત કરી નિર્માણ પામેલી પરિસ્થિતિનો સામનો કરવા તમામ પ્રકારની સહાય કરવાની બાંયધરી આપી હતી.

અમિત શાહે કહ્યું હતું કે મુશ્કેલીની આ પળોમાં ઈશાન ભારતના લોકોને તમામ પ્રકારની સહાય કરવા મોદી સરકાર મક્કમ છે.

ભારે વરસાદને કારણે ઈશાનના રાજ્યોના અનેક વિસ્તાર પૂરની પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.

આસામના ૧૫ જિલ્લામાં પૂરને કારણે ૭૮,૦૦૦ કરતાં પણ વધુ લોકો પ્રભાવિત થયા છે.

છેલ્લાં થોડાક દિવસમાં થયેલા ભારે વરસાદને લીધે અનેક વિસ્તાર પર પૂરનાં પાણી ફરી વળતાં રોડ અને ટ્રેનસેવા પણ ખોરવાઈ ગઈ છે.

અરુણાચલ પ્રદેશમાં છેલ્લાં બે દિવસમાં ભેખડો ધસી

(જુઓ પાનું ૨) ▸▸



**પૂરઃ** મણિપુરના ઈમ્ફાલમાં ભારે વરસાદને પગલે આવેલું પૂર. અહીં કુદરતી આફતથી જાનમાલને ભારે નુકસાન થયું હતું. (પીટીઆઇ)

## રશિયામાં વિસ્ફોટઃ બે પુલ તૂટી પડ્યા, સાતનાં મોત



**ટ્રેન દુર્ઘટનાઃ** રશિયાના કુર્સ્કમાં પુલ પર માલગાડીને નડેલો અકસ્માત. દુર્ઘટનામાં ટ્રેન અને પુલને ભારે નુકસાન થયું હતું. (એપી / પીટીઆઇ)

મૉસ્કોઃ પશ્ચિમ રશિયામાં શનિવારે રાત્રે થયેલા વિસ્ફોટમાં બે પુલ તૂટી પડ્યા હોવા ઉપરાંત બે ટ્રેન પાટા પરથી ખડી પડી હોવાની ઘટનામાં ઓછામાં ઓછા સાત જણનાં મોત અને ડઝનબંધ લોકો ઘાયલ થયાં હોવાનું અધિકારીઓએ રવિવારે કહ્યું હતું. યુક્રેનની સરહદે બ્રિયાન્સ્ક વિસ્તારમાં શનિવારે એક પુલ તૂટીને પ્રવાસી ટ્રેન પર

(જુઓ પાનું ૨) ▸▸

## જીએસટીની આવક વધીને ₹ ૨.૦૧ લાખ કરોડ થઇ

નવી દિલ્હીઃ ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ (જીએસટી)ની કુલ આવક ગયા વર્ષ (૨૦૨૪)ના મે મહિનાની સરખામણીમાં ચાલુ વર્ષ (૨૦૨૫)ના મે મહિનામાં ૧૬.૪ ટકા વધીને રૂપિયા ૨.૦૧ લાખ કરોડ થઇ હતી.

અગાઉ, માલ અને સેવા કર (જીએસટી)ની આવક એપ્રિલમાં અત્યાર સુધીની સૌથી વધારે (રૂપિયા ૨.૩૭ લાખ કરોડ) થઇ હતી.

ચાલુ વર્ષના મે મહિનામાં સ્થાનિક ટ્રાન્ઝેક્શન (લેવડદેવડ) પરના જીએસટીની આવક ૧૩.૭ ટકા વધીને અંદાજે રૂપિયા ૧.૫૦ લાખ કરોડ થઇ હતી, જ્યારે આયાત પરના જીએસટીની આવક ૨૫.૨ ટકા વધીને રૂપિયા ૫૧,૨૬૬ કરોડ થઇ હતી.

મે મહિનામાં સેન્ટ્રલ જીએસટીની કુલ આવક રૂપિયા ૩૫,૪૩૪ કરોડ, સ્ટેટ જીએસટીની આવક રૂપિયા ૪૩,૯૦૨ કરોડ અને ઇન્ટિગ્રેટેડ જીએસટીની આવક રૂપિયા ૧.૦૯ લાખ કરોડ રહી હતી. સેસમાંથી આવક રૂપિયા ૧૨,૮૭૯ કરોડ થઇ હતી.

ગયા વર્ષે એટલે કે ૨૦૨૪ના મે મહિનામાં જીએસટીની આવક રૂપિયા ૧,૭૨,૭૩૯ કરોડ હતી.

દરમિયાન, મે મહિનામાં કુલ રિફંડ ચાર ટકા ઘટીને રૂપિયા ૨૭,૨૧૦ કરોડ રહ્યું હતું. જીએસટીની ચોખ્ખી આવક રૂપિયા ૧.૭૪ લાખ કરોડ થઇ હતી, જે વાર્ષિક ધોરણે ગણતરી કરીએ તો ૨૦.૪ ટકા વધુ હતી.

જીએસટીની આવક વિવિધ રાજ્યોમાં પણ બહુ અલગ-અલગ છે. દાખલા તરીકે મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને તમિળનાડુમાંની જીએસટીની આવકમાં ૧૭ ટકાથી પચીસ ટકાનો વધારો નોંધાયો હતો, જ્યારે ગુજરાત, આંધ્ર પ્રદેશ, તેલંગણામાંની જીએસટીની આવકમાં છ ટકા સુધીનો વધારો થયો હતો.

મધ્ય પ્રદેશ, હરિયાણા, પંજાબ અને રાજસ્થાનમાંની જીએસટીની આવક ૧૦ ટકા વધી હતી. (એજન્સી) ■

## અરુણાચલમાં ભૂસ્ખલનમાં મરનારના કુટુંબીજનોને ચાર લાખ રૂપિયાની સહાય

ઈટાનગરઃ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં બનેલા ભૂસ્ખલનના બનાવોમાં માર્યા જનાર વ્યક્તિના કુટુંબોને ચાર લાખ રૂપિયા એક્સ ગ્રેસિયા તરીકે આપવાની અરુણાચલ પ્રદેશ સરકારે જાહેરાત કરી છે. ઈશાન ભારતના આ રાજ્યમાં છેલ્લા ૪૮ કલાકમાં મુશળધાર વરસાદને લીધે થયેલા ભૂસ્ખલનમાં નવ જણ મરણ પામ્યા છે.

મુખ્ય પ્રધાન પેમા ખંડુએ શનિવારે રાત્રે એક નિવેદન બહાર પાડીને ભૂસ્ખલનમાં મરણ પામાનારા લોકો પ્રત્યે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે જિલ્લા સત્તાવાળાઓ અસરગ્રસ્ત લોકોને સહાય કરશે.

રાજ્યમાં જોરદાર વરસાદ પડવાની આગાહીને ધ્યાનમાં રાખીને ખંડુએ લોકોને સાવચેત રહેવાની અને ખાસ કરીને રાત દરમિયાન બિનજરૂરી પ્રવાસ ટાળવાનો અનુરોધ કર્યો હતો.

તેમણે લોકોને અપીલ કરી હતી કે તેઓ થોડા સમય માટે નદી કે જળાશયોમાં ન જાય. ખંડુએ કહ્યું હતું કે બધા વિભાગો તાકીદની પરિસ્થિતિનો સામનો કરવા હાઈ એલર્ટ પર છે.

શુક્રવાર રાતે ઈસ્ટ કામેન્ગ જિલ્લામાં સાત જણે જાન ગુમાવ્યા હતા.(એજન્સી) ■

## મમતા મુસલમાનોને ખુશ કરવા ઑપરેશન સિંદૂરનો વિરોધ કરે છેઃ અમિત શાહ

### બંગાળ સરકારે મુર્શિદાબાદમાં હિંસા ફેલાવા દીધી હતી



કોલકાતાઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે આક્ષેપ કર્યો હતો કે પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી લઘુમતીમાંની મુસ્લિમ કોમને ખુશ કરવા માટે ઑપરેશન સિંદૂરનો વિરોધ કરી રહ્યાં છે. રાજ્ય સરકારે જ મુર્શિદાબાદમાં હિંસા ફેલાવા દીધી હતી.

દરમિયાન, અમિત શાહે કોલકાતાના સીમાડે રાજારહાટમાં સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની નવી ઇમારતનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

અમિત શાહે દાવો કર્યો હતો કે પશ્ચિમ બંગાળ વિધાનસભાની આવતા વર્ષે યોજાનારી ચૂંટણીમાં તૃણમૂલ કૉંગ્રેસ ફરી સત્તા પર આવી નહિ શકે. મમતા બેનરજીનો મુખ્ય પ્રધાન તરીકેનો કાર્યકાળ ૨૦૨૬માં જ પૂરો થશે.

તેમણે જણાવ્યું હતું કે મમતા દીદી મુસલમાનોના મત મેળવવા ઑપરેશન સિંદૂરનો વિરોધ કરી રહ્યાં છે. તેઓ આમ કરીને દેશની માતાઓ અને બહેનોનું અપમાન કરી રહ્યાં છે. પશ્ચિમ

(જુઓ પાનું ૨) ▸▸

### સુપ્રીમ કોર્ટનો મહત્ત્વનો ચુકાદો

## 'શિક્ષકના ઠપકા બાદ વિદ્યાર્થી ફાંસો ખાય તો આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો ન બને'

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે આપેલા એક મહત્ત્વના ચુકાદામાં જણાવ્યું હતું કે જો કોઇ વ્યક્તિ કે શિક્ષકનો ઠપકો સાંભળ્યા બાદ વિદ્યાર્થી ફાંસો ખાય, તો ઠપકો આપનારી વ્યક્તિ કે તે શિક્ષક પર 'આત્મહત્યા માટે ઉશ્કેરવાનો' આરોપ લગાડી ન શકાય.

આ કેસમાં એક શાળા અને હૉસ્ટેલના વડા શિક્ષકે એક વિદ્યાર્થીની ફરિયાદને પગલે બીજા વિદ્યાર્થીને ઠપકો આપ્યો હતો અને તેને લીધે આ વિદ્યાર્થીએ પોતાની રૂમમાં જઇને ફાંસો ખાધો હતો.

ન્યાયાધીશ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને ન્યાયાધીશ પ્રશાંતકુમાર મિશ્રાની બૅન્ચે જણાવ્યું હતું કે કોઇ પણ સામાન્ય વ્યક્તિને ક્યારેય એવી કલ્પના પણ ન હોય કે હું જેને ઠપકો આપી રહ્યો છું, તે વ્યક્તિ મારો ઠપકો સાંભળ્યા બાદ આત્મહત્યા કરશે.

અગાઉ, ભારતીય દંડસંહિતાની કલમ ૩૦૬ હેઠળ એટલે કે આત્મહત્યા માટે ઉશ્કેરવાના ગુના બદલ પકડાયેલા શિક્ષકને છોડવાનો મદ્રાસ વડી અદાલતે ઇનકાર કર્યો હતો. બાદમાં, સર્વોચ્ચ અદાલતે મદ્રાસ વડી અદાલતના સંબંધિત ચુકાદાને રદબાતલ કર્યો હતો.

બૅન્ચે જણાવ્યું હતું કે કોઇ વિદ્યાર્થીની ફરિયાદને પગલે બીજા વિદ્યાર્થીને ઠપકો આપવાથી તે આત્મહત્યા કરશે, એવી કલ્પના કોઇ સામાન્ય વ્યક્તિ કરી ન શકે. આ કેસમાં આરોપી પર વિદ્યાર્થીને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ લગાડી ન શકાય.કેસની શરૂઆતમાં આરોપીના વકીલે અદાલતમાં દલીલ કરી હતી કે મારા અસીલે વિદ્યાર્થીને સુધારવા અને તે ભૂલનું પુનરાવર્તન ન કરે તેમ જ હૉસ્ટેલમાં શાંતિ જળવાઇ રહે, તે માટે તેને ઠપકો આપ્યો હતો. કોઇ અંગત કારણસર વિદ્યાર્થીને ઠપકો નહોતો અપાયો. (એજન્સી) ■

### ઑપરેશન સિંદૂર બાદ

## કાશ્મીરમાં ક્ષીર ભવાની મેળામાં હજારો શ્રદ્ધાળુની જમાવટ




**સુરક્ષાઃ** ક્ષીર (ખીર) ભવાની મેળામાં ભાગ લેવા જઈ રહેલા કાશ્મીરી પંડિતોની સલામતીનું જમ્મુ – શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ધ્યાન રાખી રહેલા સુરક્ષા દળના જવાનો. (પીટીઆઇ)

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુ : આખા દેશના શ્રદ્ધાળુ ભવાની માતાના દર્શન કરવા ઊમટી પડ્યા છે. આ મેળો ત્રણ જૂને સંપન્ન થશે. ઑપરશન સિંદૂર પછી પ્રશાસને આટલા મોટા આયોજન માટે પરવાનગી આપી છે અને તૈયારી પણ કરી છે. રવિવારે સવારે કડક સુરક્ષા મધ્યે યાત્રાળુઓ કાશ્મીર જવા રવાના થયા હતા. આ મેળો ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ વિસ્થાપિત લોકોને પોતાના મૂળ સાથે જોડવાનો અવસર છે.

ક્ષીર ભવાની પહોંચનારા શ્રદ્ધાળુનું કહેવું છે કે આ એક એવો મોકો છે કે જેમાં અમે અમારી આરાધ્ય દેવીના ચરણમાં શ્રદ્ધા સમર્પિત કરી શકીએ છીએ. ૨૨ એપ્રિલના પહલગામના આતંકવાદી હુમલા બાદ કાશ્મીરમાં પર્યટન પર માઠી અસર પડી છે. જોકે આ યાત્રા વડે એવી આશા રાખવામાં આવે છે કે પરિસ્થિતિ સામાન્ય રહેશે અને આસ્થા સાથે પર્યટન વેગ પકડશે.

એ પણ સત્ય વાત છે કે ઑપરેશન સિંદૂર પછી પહેલી વાર આટલા મોટા ધાર્મિક મેળાનું આયોજન થઈ રહ્યું છે. ૧૯૯૦ના દસકમાં આતંકવાદને લીધે પોતાના ઘરોથી વિસ્થાપિત થયેલા કાશ્મીરી પંડિતો માટે આ યાત્રા ફક્ત ધાર્મિક નહીં પરંતુ ભાવનાત્મક અને સાંસ્કૃતિક જોડાણનું પ્રતીક છે.

શ્રદ્ધાળુઓએ કહ્યું હતું કે અમે માતા

(જુઓ પાનું ૨) ▸▸

## યુક્રેનનો રશિયાના બે એરબેઝ પર સૌથી મોટો ડ્રોન હુમલો

### ૪૦ ફાઈટર પ્લેન ધ્વસ્ત કર્યાનો દાવો

મોસ્કોઃ રશિયા અને યુક્રેન વચ્ચે હજુ પણ યુદ્ધ ચાલી રહ્યું છે. જેમાં હવે યુક્રેને રશિયાના બે એરબેઝ પર મોટો ડ્રોન હુમલો કર્યો છે. એક રશિયન અધિકારીએ પણ યુક્રેન દ્વારા કરવામાં આવેલા આ હુમલાની પુષ્ટિ કરી છે. આ હુમલામાં ત્રણ લોકોનાં મોતની આશંકા છે. આ હુમલાના સ્થળે ભારે ધુમાડો નીકળતો જોવા મળી રહ્યો છે અને લોકોમાં અરાજકતા છે. યુક્રેનિયન મીડિયાનો દાવો છે કે આ સમય દરમિયાન ૪૦ થી વધુ રશિયન વિમાનો નાશ પામ્યા છે.

રશિયાના ઇર્કુત્સ્ક પ્રદેશના ગવર્નરે સાઇબિરિયામાં પ્રથમ ડ્રોન હુમલાની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે લશ્કરી એકમને નિશાન બનાવવામાં આવ્યું છે. સેના અને નાગરિક કાર્યવાહી દળો પહેલાથી જ ખતરાનો સામનો કરવા માટે રોકાયેલા છે. ડ્રોન લોન્ચ બેઝને અવરોધિત કરવામાં આવ્યો છે.

મીડિયા અહેવાલ મુજબ યુક્રેને રશિયાના બે મુખ્ય એરબેઝ પર મોટો ડ્રોન હુમલો કરવાનો દાવો કર્યો છે, જેમાં ૪૦ થી વધુ રશિયન લશ્કરી વિમાનોનો નાશ થયાનો દાવો કરવામાં આવ્યો છે. યુક્રેનિયન સુરક્ષા સેવાના એક અધિકારીના જણાવ્યા અનુસાર આ હુમલો રશિયાના ઓલેન્યા એરબેઝ અને બેલાયા એરબેઝ પર કરવામાં આવ્યો હતો. જે અનુક્રમે રશિયાના ટુપોલેવ ટીયુ-૯૫ અને ટી-યુ-૨૨એમથી બૉમ્બર્સના બેઝ છે. આ હુમલામાં નાશ પામેલા એ-ફિફટી એવાકસ એરક્રાફટનો પણ

(જુઓ પાનું ૨) ▸▸

## શુભાંશુ શુકલા બનશે અવકાશમાં જનારા ભારતના બીજા અવકાશયાત્રી



નવી દિલ્હીઃ ઍક્સિઓમ સ્પેસના આંતરરાષ્ટ્રીય અવકાશમથકના ચોથા કમર્શિયલ મિશનના ભાગરૂપે આઠ જૂને ફ્લૉરિડાના કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી સ્પેસએક્સના ફાલ્કન-નાઈન રૉકેટને લૉન્ચ કરવામાં આવશે. ભારતના શુભાંશુ શુકલા આ મિશનનો હિસ્સો હશે. આ સાથે જ ભારતના શુભાંશુ શુકલા રાકેશ શર્મા બાદ અવકાશમાં જનારા ભારતના બીજા અવકાશયાત્રી બનશે.

ભારતના રાકેશ શર્મા ચાર દાયકા અગાઉ વર્ષ ૧૯૮૪માં રશિયાના સોયૂઝ સ્પેસક્રાફ્ટ મારફતે અવકાશમાં જનારા પ્રથમ ભારતીય અવકાશયાત્રી બન્યા હતા. ભારતીય સમય પ્રમાણે આઠ જૂને સાંજે ૬:૪૧ વાગે ફ્લોરિડાસ્થિત 'નાસા'ના સ્પેસપોર્ટ પરથી આ સ્પેસક્રાફ્ટને લૉન્ચ કરવામાં આવશે.

આ સ્પેસક્રાફ્ટમાં જનારા અન્ય ક્રૂ મેમ્બરોમાં સ્લાવૉઝ ઉઝનાન્સ્કી (પૉલેન્ડ), તિબોર કાપૂ (હંગેરી)નો સમાવેશ થાય છે. આ બંને આંતરરાષ્ટ્રીય અવકાશમથકે જનારાં યુરોપિયન દેશના પ્રથમ અવકાશયાત્રી હશે. અમેરિકાના વરિષ્ઠ અવકાશયાત્રી પૅગી વ્હીટસન એક્સિઓમ-ફૉર

(જુઓ પાનું ૨) ▸▸

### પહલગામ આતંકી હુમલા બાદ

## આસામમાંથી ૮૧ 'રાષ્ટ્રવિરોધીઓ' પકડાયા

ગુવાહાટીઃ એપ્રિલમાં પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ આસામમાં રાષ્ટ્રવિરોધી હોવાના આરોપસર વધુ બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે આ પ્રકારની ધરપકડનો કુલ આંક ૮૧ થયો છે. આ જાણકારી આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ રવિવારે આપી હતી.

મુખ્ય પ્રધાન સરમાએ એક્સ પર જણાવ્યું કે સોનિતપુર અને કામરૂપ જિલ્લામાંથી એક-એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પાકિસ્તાન પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા બદલ ૮૧ રાષ્ટ્રવિરોધીઓ હવે જેલના સળિયા પાછળ છે... આપણી સિસ્ટમ સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી પોસ્ટ્સ પર સતત નજર રાખી રહી છે અને કાર્યવાહી

(જુઓ પાનું ૨) ▸▸

## 'ઑપરેશન સિંદૂર' પર સુંદર નિબંધ લખો અને મેળવો રોકડ ઇનામ

### સંરક્ષણ મંત્રાલયની સ્પર્ધાની જાહેરાત

નવી દિલ્હીઃ સંરક્ષણ મંત્રાલયે રવિવારે 'ઓપરેશન સિંદૂર' પર આધારિત નિબંધ લખવાની સ્પર્ધાની જાહેરાત કરી છે જે ૧ જૂનથી ૩૦ જૂન દરમિયાન યોજાશે. મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક 'પોસ્ટ'માં જણાવ્યું હતું કે ટોચના ત્રણ વિજેતાઓને ૧૦,૦૦૦-૧૦,૦૦૦ રૂપિયાનું રોકડ ઇનામ મળશે અને તેમને દિલ્હીના લાલ કિલ્લા ખાતે યોજાનાર ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેવાની ખાસ તક મળશે.

પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ભારતે 'ઑપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાનમાં નવ આતંકવાદી માળખાં પર સચોટ હુમલા કર્યા હતા ત્યારબાદ પાકિસ્તાને ૮, ૯ અને ૧૦ મેના રોજ ભારતીય લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ભારતે પાકિસ્તાની હુમલાઓનો કડક જવાબ આપ્યો, એરપોર્ટ,

(જુઓ પાનું ૨) ▸▸

## લાલચુ લોકો મારી સાથે રાજકારણ રમી રહ્યા છેઃ તેજ પ્રતાપ યાદવ

પટણાઃ રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)ના વડા અને પિતા લાલુ પ્રસાદ યાદવ દ્વારા પક્ષમાંથી હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદ બિહારના ભૂતપૂર્વ પ્રધાન તેજ પ્રતાપ યાદવે રવિવારે આક્ષેપ કરતાં કહ્યું હતું કે પક્ષ અને પરિવાર માટે વિકટ પરિસ્થિતિ ઊભી કરવા અમુક લાલચુ લોકો મારી સાથે રાજકારણ રમી રહ્યા છે.

લાલુ પ્રસાદ યાદવે પચીસ મેએ એમ કહીને તેજ પ્રતાપ યાદવની પક્ષમાંથી હકાલપટ્ટી કરી હતી કે તેનું વર્તન જવાબદારીપૂર્વકનું અને જાહેર શિસ્ત મુજબનું નહોતું.

સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં તેજ પ્રતાપ યાદવે લખ્યું હતું કે ''વ્હાલા, મમ્મી અને પપ્પા... તમે બંને જ મારું સંપૂર્ણ વિશ્વ છો. તમે અને તમારા દ્વારા આપવામાં આવેલો કોઈ પણ આદેશ મારા માટે ઈશ્વરસમાન છે. જો તમે છો તો મારી પાસે બધું જ છે. મને ફક્ત તમારા પ્રેમ અને વિશ્વાસની જરૂર છે. બીજા કશાંની નહીં. પપ્પા, તમે ન હોત

(જુઓ પાનું ૨) ▸▸

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતમાં યુદ્ધ વિના પણ સૈનિકો-લોકો મરી રહ્યાં છે, નુકસાન થઈ રહ્યું છે

**ભારતમાં** ક્યારેક એવા વણજોઈતા વિવાદો ઊભા થઈ જાય છે કે લોકોની બુધ્ધિ વિશે શંકા જાગે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) અનિલ ચૌહાણે પાકિસ્તાન સામેના ઓપરેશન સિંદૂર વખતે ભારતીય વિમાનો તોડી પડાયાં હતાં કે નહીં એ સવાલના આપેલા જવાબના કારણે એવો જ વિવાદ ઊભો થઈ ગયો છે. સિંગાપોરમાં એક કાર્યક્રમમાં સીડીએસ જનરલ ચૌહાણને સવાલ કરાયો હતો કે, પાકિસ્તાને ભારતના હુમલાને ખાળવા માટે લીધેલાં પગલાંમાં ભારતીય ફાઈટર જેટ તોડી પાડ્યાં હતાં? પાકિસ્તાને દાવો કર્યો હતો કે, પાકિસ્તાન એરફોર્સે ૬ ભારતીય જેટ તોડી પાડ્યાં છે.

સીડીએસ ચૌહાણે જવાબમાં એવું કહ્યું કે, મુદ્દો એ નથી કે કેટલાં વિમાનો પડ્યાં પણ મુદ્દો એ છે કે આ ફાઈટર જેટ કેમ તોડી પડાયાં અને આપણે તેમાંથી શું શીખ્યા. સીડીએસ ચૌહાણે જવાબ આપ્યો કે, ભારતે પોતાની ભૂલો ઓળખીને ઝડપથી સુધારી અને પછી બે દિવસમાં ફરી લાંબા અંતરથી દુશ્મનનાં સ્થળોને નિશાન બનાવીને અસરકારક રીતે જવાબ આપ્યો.

જનરલ ચૌહાણના જવાબના પગલે એક તરફ ભારત સરકાર ભારતીય વિમાનો તોડી પડાયાં તેની માહિતી છુપાવી રહી હોવાનું કોરસ શરૂ થયું છે તો બીજી તરફ યુદ્ધના કારણે થતી તારાજીની સૂફિયાણી વાતો પણ શરૂ થઈ છે. જનરલ ચૌહાણે આડકતરી રીતે ભારતીય જેટ તોડી પડાયાં હતાં તેનો સ્વીકાર કર્યો છે પણ એ મોટી ચિંતાનો વિષય નથી કેમ કે યુદ્ધમાં તારાજી તો થતી જ હોય છે. ભારતે પહલગામના આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે પાકિસ્તાનમાં ઘૂસીને આક્રમણ કર્યું ત્યારે જ નુકસાનની ગણતરી મંડાઈ જ હશે કેમ કે આપણે હુમલો કરીએ ને પાકિસ્તાન કશું કર્યા વિના બેસી રહે એવું ભારતીય ટીવી ચેનલોના રિપોર્ટર્સમાં બને, વાસ્તવિક રીતે નહીં. વાસ્તવિક રીતે તમે કોઈને ચાર મારો ત્યારે એક ખાવાની તૈયારી રાખવી જ પડે.

જનરલ ચૌહાણના નિવેદનના પગલે યુદ્ધના કારણે થનારી તારાજી ને નુકસાનની સૂફિયાણી વાતો પણ શરૂ થઈ ગઈ છે. યુદ્ધના કારણે લોકોના જીવ જાય, અબજોનું નુકસાન જાય એ બધા હિસાબોનો ચોપડો ખૂલી ગયો છે તેથી યુદ્ધ ટાળવાની સલાહો અપાઈ રહી છે. યુદ્ધના કારણે આર્મીના જવાનો મરે, લોકો મરે ને અબજોનું નુકસાન થાય એ વાત ખોટી નથી પણ જવાનો ને લોકો તો યુદ્ધ વિના પણ મરી રહ્યાં છે અને અબજોનું નુકસાન જંગ વિના પણ થઈ જ રહ્યું છે.

જમ્મુ અને કાશ્મીરમાં દાયકાઓથી ચાલી રહેલા આતંકવાદના કારણે ૨૦ હજારથી વધારે લોકો મર્યા એવો સત્તાવાર આંકડો થોડાક દિવસ પહેલાં જ અપાયેલો. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૪૭, ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯ એમ ૪ યુદ્ધ થયાં તેમાં મરાયેલા કુલ નાગરિકોની સંખ્યા કરતાં આ આંકડો મોટો છે. આ ચાર યુદ્ધમાં જેટલાં લોકો મોતને ભેટ્યાં તેના કરતાં વધારે લોકોનો ભોગ આતંકવાદે લીધો છે એ જોતાં સતત ચાલતો આતંકવાદ સારો કે એક વાર યુદ્ધ કરીને તેનો કાયમ માટે નિવેડો લાવી દેવો સારો ?

આર્મીના જવાનો પણ આતંકવાદી હુમલાઓમાં શહીદ થઈ રહ્યા છે. પાકિસ્તાન સરહદ પર સતત તોપમારો કરીને કે અથડામણો કરે છે તેમાં પણ આપણા જવાનો શહીદ થાય છે. દર વરસે આ ઘટનાઓમાં સરેરાશ ૫૦૦ જવાનો શહીદ થાય છે. પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ અને સરહદ પરનાં છમકલાં તો વરસોથી ચાલે છે પણ આપણે કારગિલ યુદ્ધ પછીની જ ગણતરી માંડીએ તો વરસના ૫૦૦ જવાનો લેખે ૨૬ વર્ષમાં ૧૩ હજાર જવાનો શહીદ થયા હશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૪૭, ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯ એમ ૪ યુદ્ધ થયાં તેમાં ભારતના શહીદ થયેલા જવાનોનો કુલ આંકડો આટલો નથી.

ભારત અને પાકિસ્તાનના ૧૯૪૭ના યુદ્ધમાં આર્મીના ૧૧૦૪ જવાનો શહીદ થયેલા જ્યારે જમ્મુ અને કાશ્મીર સ્ટેટ ફોર્સીસના ૧૯૯૦ સૈનિકો માર્યા ગયેલા. મતલબ કે, કુલ ૩૦૦૦ સૈનિકો મરાયેલા. ભારત અને પાકિસ્તાન વચ્ચેના ૧૯૬૫ના યુદ્ધમાં ૩૨૬૪ સૈનિકો શહીદ થયેલા જ્યારે ૧૯૭૧ના યુદ્ધમાં ૩૮૪૩ સૈનિકો શહીદ થયેલા. ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં ભારતના ૫૨૭ જવાનો શહીદ થયેલા. મતલબ કે, પાકિસ્તાન સામેના કોઈ પણ યુદ્ધમાં ભારતના શહીદ સૈનિકોનો આંકડો ૪ હજારને પાર થયો નથી. તેની સામે ૨૦૦૦થી અત્યાર સુધીમાં જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી હુમલામાં જ ૩૫૯૦ જવાનો શહીદ થઈ ચૂક્યા છે.

પાકિસ્તાન સામે સીધું યુદ્ધ કર્યા વિના પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓના સફાયાની ઝુંબેશમાં જ આપણે ૩૫૯૦ જવાનો ગુમાવ્યા છે. ચીન સાથેના ૧૯૬૨ના યુદ્ધમાં આપણી નાલેશીભરી હાર થયેલી અને ભારતના ૩૨૫૦ જવાનો શહીદ થયેલા. તેના કરતાં પણ આ આંકડો મોટો છે. આ આંકડો ૨૦૦૦ની સાલ પછીનો છે ને એ પહેલાં શહીદ થયેલા જવાનોને પણ ગણતરીમાં લો તો આંકડો કદાચ ૧૦ હજારને પાર થઈ જાય. પાકિસ્તાન સામેનાં ૪ યુદ્ધમાં આપણે ૧૦ હજાર જવાનો નથી ખોયા પણ આતંકવાદે ૧૦ હજાર જવાનોનો ભોગ લઈ લીધો છે. પાકિસ્તાન સરહદ પર છમકલાં અને આતંકવાદ એમ બે મોરચે લડે છે એ જોતાં શહીદ જવાનોનો કુલ આંકડો ૪ યુદ્ધ કરતાં બમણો થઈ જાય.

યુદ્ધ વિનના આંતકવાદના કારણે થતા આર્થિક નુકસાનની તો ગણતરી જ માંડી શકાય તેમ નથી. એક સમયે જમ્મુ અને કાશ્મીર આર્થિક પ્રવૃત્તિઓથી ધમધમતું હતું. દેશ-વિદેશનાં પ્રવાસીઓ જમ્મુ અને કાશ્મીરમાં ઉભરાતાં ને ફિલ્મોનાં શૂટિંગ પણ કાશ્મીરમાં થતાં. તેના કારણે કાશ્મીર પૃથ્વી પરનું સ્વર્ગ કહેવાતું પણ આતંકવાદે પૃથ્વી પરના આ સ્વર્ગને નર્ક બનાવી દીધું છે. દાયકાઓથી આર્થિક પ્રવૃત્તિઓ રગશિયા ગાડાની જેમ ચાલે છે અને દર વરસે અબજો રૂપિયાનો ફટકો પડે છે. બીજું એ કે, પાકિસ્તાન સરહદે સખણું રહેતું નથી તેથી યુદ્ધ વિના પણ આપણે સુરક્ષા માટે દર વરસે અબજો રૂપિયા તો ખર્ચવા જ પડે છે.

ટૂંકમાં આપણે યુદ્ધ કર્યા વિના પણ જવાનો ગુમાવી રહ્યા છીએ અને આર્થિક નુકસાન તો ભોગવી જ રહ્યા છીએ. આતંકવાદનું ધીમું ઝેર આપણને ધીરે ધીરે મારી તો રહ્યું જ છે તો પછી યુદ્ધ કરીને એક વાર ટંટાનો કાયમ માટે નિવેડો લાવવામાં વધારે ફાયદો છે કે આ રીતે રોજ રોજ મરવામાં ?

પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ છે એટલે ઘણાંને ડર લાગે છે પણ પરમાણુ બોમ્બ તો ભારત પાસે પણ છે તેથી પાકિસ્તાન કરતાં વધારે તબાહી આપણે વેરી શકીએ તેમ છીએ. પાકિસ્તાન એક બોમ્બ ફેંકીને આખા દેશને ખતમ ના કરી શકે પણ ભારત એક બોમ્બ ફેંકીને પાકિસ્તાનને નેસ્તનાબૂદ કરી શકે તેથી ડરવાની જરૂર પાકિસ્તાને છે પણ કમનસીબે ડરી આપણે રહ્યા છીએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,
સોમવાર, તા. ૨-૬-૨૦૨૫, ભદ્રા

- ભારતીય દિનાંક ૧૨, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૧,માહે જયેષ્ઠ, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર મઘા સવારે ક. ૨૨-૫૫ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૬-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૫(તા. ૨)
- ઓટઃ સવારે ક. ૧૦-૧૮, રાત્રે ક. ૨૩-૫૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – સપ્તમી. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦-૩૫
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુકળશ, મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ચંદ્ર-કેતુ પૂજા, વડનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહિ. બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, ઘર-ખેતર, જમીન-મકાન સ્થાવર લેવડદેવડના કામકાજ, શ્રી ગણેશસૂર્ય, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ લોકોમાં માનીતા, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ- વૃષભ, ગુરુ-મિથુન, શુક્ર-મેષ શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ટ્રમ્પે 'નાસા'ના વડાપદ માટેનું જેરેડ ઈસાકમેનનું નામાંકન પાછું ખેંચ્યું

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શનિવારે રાતે જાહેરાત કરી હતી કે મેં નેશનલ ઍરોનૉટિક્સ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ના વડાપદ માટેનું જેરેડ ઇસાકમેનનું નામાંકન પાછું ખેંચ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે મેં જેરેડ ઇસાકમેનના 'અગાઉના સંબંધ'ની સમીક્ષા કર્યા બાદ આ નિર્ણય લીધો છે.

ટ્રમ્પનું આ નિવેદન અસ્પષ્ટ છે અને વાઇટ હાઉસે પણ આ અંગે કોઇ તાત્કાલિક ખુલાસો નહોતો કર્યો. જેરેડ ઇસાકમેન ટૅક ક્ષેત્રના અબજોપતિ છે અને તેઓ ટ્રમ્પના સલાહકાર ગણાતા ઇલૉન મસ્કના સાથી છે. ટ્રમ્પે આ જાહેરાત પોતાની સોશિયલ મીડિયા સાઇટ પર કરી હતી અને વધુમાં જણાવ્યું હતું કે હું અમેરિકાના અંતરિક્ષમાંના મિશન સાથે જોડાયેલી હોય અને અંતરિક્ષમાં અમેરિકાને ઘણું જ આગળ લઇ જઇ શકવા સક્ષમ હોય એવી વ્યક્તિનું 'નાસા'ના વડાપદ માટેનું નામાંકન ટૂંક સમયમાં જાહેર કરીશ.ટ્રમ્પે પ્રમુખપદે આવતા પહેલાં જ જાહેરાત કરી હતી કે હું ૪૨ વર્ષીય જેરેડ ઇસાકમેનને 'નાસા'ના વડા બનાવીશ. (એજન્સી)

# આતંકવાદ પ્રત્યે ભારતની ઝીરો ટૉલરન્સ નીતિનો સંદેશો આપવા ભારતનું સર્વપક્ષી પ્રતિનિધિમંડળ સ્પૅન પહોંચ્યું

માડ્રીડઃ દ્રમુકનાં સાંસદ કનિમોઝી કરુણાનિધિના વડપણ હેઠળનું ભારતનું સર્વપક્ષી પ્રતિનિધિમંડળ આતંકવાદ પ્રત્યે ભારતની ઝીરો ટૉલરન્સ નીતિનો સંદેશો આપવા શનિવારે સ્પૅન પહોંચ્યું હતું.

ત્રણ દિવસની સ્પૅનની મુલાકાત દરમિયાન આ પ્રતિનિધિમંડળ સ્પૅનની સરકારના અધિકારીઓને, ભારતીય સમુદાયના લોકોને તેમ જ સિવિલ સોસાયટીના પ્રતિનિધિઓને મળશે અને આતંકવાદ પરત્વેની ભારતની ઝીરો ટૉલરન્સ નીતિ અંગે જાણકારી આપશે.

૨૬ નિર્દોષ નાગરિકનો ભોગ લેનારાં પહલગામ આતંકવાદી હુમલા બાદ આતંકવાદવિરોધી ભારતની નીતિને મામલે તમામ દેશોને માહિતગાર કરવાના ભારતના રાજદ્વારી પ્રયાસના ભાગરૂપ આ પ્રતિનિધિમંડળ સ્પૅન પહોંચ્યું હતું.

આતંકવાદ પરત્વે ભારત ઝીરો ટૉલરન્સ નીતિ અને બિનસમાધાનકારી વલણ અપનાવશે તેમ જ આતંકવાદના વૈશ્વિક પડકારને પહોંચી વળવા આંતરરાષ્ટ્રીય સહકારની જરૂર પડશે એવો સંદેશો આ પ્રતિનિધિમંડળ આપશે.

સંસદમાં વિપક્ષના સભ્ય આ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા હોવાની બાબત આતંકવાદને મામલે સંપૂર્ણ દેશ તેમ જ રાજકીય પક્ષો પણ એકજૂટ હોવાનું પ્રતિબિંબ પાડે છે.

ભારતના આવા સાત પ્રતિનિધિમંડળ વિશ્વના જુદા જુદા ૩૩ દેશની મુલાકાતે ગયા છે.

આ પ્રતિનિધિમંડળ આતંકવાદી સંગઠનો સાથે પાકિસ્તાનની કડી તેમ જ પાક પ્રેરિત આતંકવાદનો સંદેશો તમામ દેશોને પહોંચાડશે.

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો હતો. (એજન્સી)

## આસામની નવ વર્ષીય બિનીતાની કમાલ

# 'બ્રિટન્સ ગોટ ટેલેન્ટ' શોમાં મેળવ્યું ત્રીજું સ્થાન

ગુવાહાટી : આસામની નવ વર્ષની બાળકી બિનીતા છેત્રીએ રિયાલિટી શો 'બ્રિટન્સ ગોટ ટેલેન્ટ'માં ત્રીજું સ્થાન મેળવીને મોટી સફળતા મેળવી છે. તેણે કાર્બી આંગલોંગના પહાડી જિલ્લાના એક નાના ગામથી વિશ્વના સૌથી મોટા સ્ટેજમાંના એક સુધીની સફર કરી છે.

તેને શુભકામનાઓ પાઠવતા આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા શર્માએ કહ્યું હતું કે તેણીએ તેની સિદ્ધિથી બધાને ગર્વ અપાવ્યો છે. તેમણે 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, ''તે નૃત્યના માધ્યમથી ગૌરવ તરફ આગળ વધી રહી છે. આપણી બિનીતા છેત્રીએ બીજીટીની ફાઇનલમાં ત્રીજું સ્થાન મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.''

શર્માએ કહ્યું હતું કે, ''બિનીતાના પ્રદર્શને બ્રહ્મપુત્રથી લઇને થેમ્સ સુધીના દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા છે અને આપણા બધાને ગર્વ અપાવ્યો છે.'' આ રિયાલિટી શોની ફિનાલે શનિવારે રાત્રે યોજાયો હતો જેમાં બિનીતાએ ત્રીજું સ્થાન મેળવ્યું હતું. બિનીતાના પરિવારે દાવો કર્યો હતો કે તે શોના અંતિમ તબક્કામાં પહોંચનારી ભારતની પ્રથમ સ્પર્ધક છે.

આ સ્પર્ધા બ્રિટિશ જાદુગર હેરી મોલ્ડિંગે જીતી હતી, જ્યારે બીજા સ્થાને એલઇડી ડાન્સ ગ્રૂપ 'ધ બ્લેકઆઉટ્સ' રહ્યું હતું. બીજીટીના સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં બિનીતાએ સોશિયલ મીડિયા પર તેના સમર્થકો અને ફોલોઅર્સનો ખાસ કરીને યુકેના પ્રેક્ષકોનો, મતદાન કરવા અને તેની યાત્રાને સફળ બનાવવા બદલ આભાર માન્યો હતો. તેણીએ કહ્યું કે ભારત, નેપાળ, ભૂતાન અને અન્ય એશિયન દેશો તરફથી મળેલા પ્રોત્સાહનથી તેણીને વૈશ્વિક મંચ પર આગળ વધવાની શક્તિ મળી હતી. મુખ્ય પ્રધાન શર્માનો આભાર માનતા બિનીતાએ કહ્યું હતું કે તે તેમને વ્યક્તિગત રીતે મળવા માગે છે અને તેમના સમર્થન અને આશીર્વાદ બદલ તેમનો આભાર માનવા માંગે છે.

# અલીગઢ કૉલેજના ફેકલ્ટી મેમ્બર સામે વિદ્યાર્થિનીને અશ્લીલ સંદેશ મોકલવા બદલ કેસ દાખલ

અલીગઢઃ ઉત્તર પ્રદેશના અલીગઢમાં એક કૉલેજના ફેકલ્ટી મેમ્બર સામે વિદ્યાર્થિનીને અશ્લીલ સંદેશ મોકલવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. આ માહિતી પોલીસે રવિવારે આપી હતી. આ મુદ્દો છેલ્લા બે દિવસથી ઉકળી રહ્યો હતો. ભાજપ યુવા મોરચા અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)ના સભ્યોની આગેવાની હેઠળના વિદ્યાર્થીઓએ શજારુદ્દીનની ધરપકડની માગ કરી હતી. જેને વાશ્નેય ડિગ્રી કોલેજમાંથી આંતરિક તપાસ માટે બે મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. પીડિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

# જર્મનીના હેમ્બર્ગમાં હૉસ્પિટલમાં ભીષણ આગઃ ત્રણનાં મોત

બર્લિનઃ જર્મનીના હેમ્બર્ગ શહેરમાં શનિવારે રાત્રે એક હૉસ્પિટલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જેમાં ત્રણ દર્દીઓનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. જેમાંથી બેની હાલત ગંભીર હોવાનું જણાવાઇ રહ્યું છે. આ માહિતી સ્થાનિક અધિકારીઓએ રવિવારે આપી હતી.આ દુર્ઘટના મરીન ક્રેન્કેનહાઉસ હૉસ્પિટલમાં બની હતી. આગ ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા જેરિએટ્રિક વોર્ડ(વૃદ્ધ દર્દીઓનો વોર્ડ)ના એક રૂમથી શરૂ થઇ હતી અને ઉપરના માળા સુધી ફેલાઇ ગઇ હતી. જેના કારણે ચારેય માળ ગાઢ ધુમાડાથી ભરાઇ ગયા હતા.

જર્મન સમાચાર એજન્સી ડીપીએના અહેવાલ અનુસાર આ ઘટનામાં ત્રણ પુખ્ત વયના દર્દીઓનાં મોત થયાં છે. જ્યારે ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. જેમાંથી બેની હાલત ગંભીર છે. તેમજ ૧૬ને ગંભીર ઇજાઓ થઇ છે અને ૩૬ લોકોને સામાન્ય ઇજાઓ થઇ છે.

આગને કારણે હૉસ્પિટલના એક ભાગને ખાલી કરવો પડ્યો હતો. ઘાયલ દર્દીઓને હૉસ્પિટલમાં અથવા તો નજીકના ક્લિનિકમાં સારવાર આપવામાં આવી હતી.

પહેલા પાનાનું ચાલુ

### કાશ્મીરમાં ક્ષીર ભવાની

ભવાની તેમ જ ભારતની સુરક્ષા વ્યવસ્થા પર ભરોસો રાખીએ છીએ. તેમનું કહેવું છે કે વિપરીત સંજોગોમાં પણ અમારી શ્રદ્ધા ડગી નથી. સરકાર અને સુરક્ષા દળોએ સુરક્ષા વ્યવસ્થા સારી કરી હોવાથી અમને કોઈ વાતનો ડર નથી.

જમ્મુમાં રીલીફ કમિશનર માઈગ્રન્ટે માહિતી આપી હતી કે આ યાત્રા માટે બધી આવશ્યક તૈયારી કરવામાં આવી છે. યાત્રીના રહેવા, ખાવાની અને સુરક્ષાની વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. હજારો વર્ષથી ચાલતી આ પરંપરા માટે શ્રદ્ધાળુમાં જબરદસ્ત ઉત્સાહ છે. આ મેળો ફક્ત આસ્થાનું પ્રતીક નથી, પરંતુ કાશ્મીરી પંડિતોની સાંસ્કૃતિક ઓળખાણ અને પુનઃવસવાટની દિશામાં એક મહત્ત્વનું પગલું છે.

જોકે ડરને લીધે જે કાશ્મીરી પંડિત આ વખતે તુલમુલાસ્થિત ક્ષીર ભવાની મંદિરમાં પૂજા અર્ચન કરવા નથી જઈ શક્યા એ લોકો જમ્મુમાં માતા રાધેન્યા મંદિરમાં પૂજા અર્ચના કરશે. ક્ષીર ભવાનીમાં ત્રણ જૂને હજારો કાશ્મીરી પંડિતો અને મુસ્લિમો ઉમટશે. જેઠ મહિનાની અષ્ટમીએ જમ્મુના ભવાની સ્થિત માતા રાધેન્યા મંદિરમાં ક્ષીર ભવાની મેળો યોજાય છે. જે લોકો કાશ્મીર નથી જઈ શકતા એ લોકો અહીં હાજરી આપે છે. અહીં મેળાની તૈયારી શરૂ થઈ ચુકી છે. આખા મંદિર પરિસરની સજાવટ કરવામાં આવી છે. સેંકડો દીપની વ્યવસ્થા કરવામાં આવી છે. પનુન કાશ્મીરના પ્રધાન વિરેન્દ્ર રૈનાનું કહેવું છે કે ૧૯૯૦માં કાશ્મીર ખીણમાંથી વિસ્થાપિત થયા બાદ જે પંડિતો જમ્મુમાં આવ્યા હતા તેમણે ભવાની નગરમાં માતા ક્ષીર ભવાનીનું મંદિર બનાવ્યું અને અહીં દરેક વર્ષે મેળો ભરાય છે.

### યુક્રેનનો રશિયાના

સમાવેશ થાય છે.

આ દરમિયાન માહિતી આવી રહી છે કે યુક્રેને રશિયાના પરમાણુ સબમરીન પોર્ટ પર પણ મોટો હુમલો કર્યો છે. રશિયાના સેવેરોમોર્સ્કમાં વિસ્ફોટ અને ધુમાડાના ગોટા દેખાયા છે. જે પરમાણુ સશસ્ત્ર સબમરીન માટે સ્ટોરેજ પોર્ટ છે. જે બેરેન્ટ્સ સમુદ્ર નજીક કોલા ખાડીમાં રશિયન ઉત્તરીય ફ્લીટનો મુખ્ય બેઝ છે. રશિયાની પરમાણુ સંચાલિત સબમરીનનો બે તૃતીયાંશ ભાગ અહીં છે. જેમાં યાસેન, ઓસ્કાર, સીએરા અને ખાસ હેતુવાળી સબમરીનનો સમાવેશ થાય છે.

વિદેશી મીડિયામાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે યુક્રેને રશિયન બેઝ નજીક એક ટ્રક કન્ટેનરથી આ મોટો ડ્રોન હુમલો કર્યો હતો. આનો એક વીડિયો વિદેશી મીડિયામાં પણ બતાવવામાં આવી રહ્યો છે. જેમાં કન્ટેનરમાંથી ડ્રોન છોડતા જોઈ શકાય છે. રશિયાની સુરક્ષાની આ મોટી ખામી માનવામાં આવે છે.

એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો છે. જેમાં એરબેઝ પર પાર્ક કરેલા રશિયન વિમાનોનો નાશ થતો જોવા મળે છે. યુક્રેન દ્વારા રશિયા પર અત્યાર સુધીનો આ સૌથી મોટો અને ઘાતક ડ્રોન હુમલો માનવામાં આવી રહ્યો છે. યુક્રેને આ હુમલો એવા સમયે કર્યો છે જ્યારે એક દિવસ પહેલા જ રશિયાએ સરહદ પાર ૫૦ હજાર સૈનિકો તહેનાત કરીને કિવ પર મોટા હુમલાની યોજના બનાવી હતી.

### આસામમાંથી

કરી રહી છે.અગાઉ વિપક્ષી એઆઇયુડીએફ ધારાસભ્ય અમીનુલ ઇસ્લામની પહલગામ આતંકવાદી હુમલામાં પાકિસ્તાન અને તેની સંડોવણીનો બચાવ કરવા બદલ રાજદ્રોહના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં જામીન મળ્યા બાદ ઇસ્લામની ફરીથી રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (એનએસએ) હેઠળ અટકાયત કરવામાં આવી હતી.૨ મેના રોજ સરમાએ જમ્મુ-કાશ્મીર આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન ઝિંદાબાદના નારા લગાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની ધમકી આપી હતી. ૨૨ એપ્રિલના રોજ દક્ષિણ કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓએ મુખ્ય પર્યટન સ્થળ પર હુમલો કર્યો હતો. જેમાં ૨૬ લોકોનાં મોત થયા હતા. જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. ■

### મમતા મુસલમાનોને

બંગાળનાં મુખ્ય પ્રધાને માત્ર લશ્કરી કામગીરીનો જ વિરોધ નથી કર્યો, પરંતુ કરોડો માતા અને બહેનોના જીવન સાથે (રાજકીય) રમત રમી છે. હું બંગાળની મહિલાઓને અપીલ કરું છું કે ઑપરેશન સિંદૂરનો વિરોધ કરનારા નેતાઓને આગામી ચૂંટણીમાં સિંદૂરનું મૂલ્ય સમજાવી દેજો અને તેઓને બરાબર પાઠ ભણાવજો.અમિત શાહે દાવો કર્યો હતો કે મુર્શિદાબાદની હિંસા વખતે કેન્દ્રના ગૃહ મંત્રાલયે સીમા સુરક્ષા દળના જવાનોને હિંસા રોકવા મોકલવા શરૂઆતથી જ ભાર આપ્યો હતો, પરંતુ તૃણમૂલ કૉંગ્રેસની સરકારે હિંસા ચાલુ રહે, તે માટે સીમા સુરક્ષા દળના જવાનોને મોકલવાની ના પાડી હતી. જો મુર્શિદાબાદમાં સીમા સુરક્ષા દળના જવાનોને વહેલા જ મોકલ્યા હોત, તો હિંદુઓના જાનમાલનું સારી રીતે રક્ષણ થઇ શક્યું હોત. ભાજપના કાર્યકરોએ આ સંબંધમાં વડી અદાલતમાં અરજી કરી હતી અને ત્યાર બાદ જ મુર્શિદાબાદ ખાતે સીમા સુરક્ષા દળના જવાનોને મોકલવાનો આદેશ અપાયો હતો.તેમણે આક્ષેપ કર્યો હતો કે મમતા દીદીએ બંગાળની ભૂમિને ઘૂસણખોરો, ભ્રષ્ટાચાર, મહિલાઓ પરના અત્યાચાર, બૉમ્બધડાકા અને હિંદુઓ સામેના દુર્વ્યવહારનું મથક બનાવી દીધી છે તેમ જ બંગ્લાદેશીઓ માટે બંગાળની સરહદ ખુલ્લી છોડી દીધી છે. (એજન્સી) ■

### રશિયામાં વિસ્ફોટ

પડતાં જાનહાનિ થઈ હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

યુક્રેનની સરહદે આવેલા ક્રસ્ક વિસ્તાર નજીક બીજો એક પુલ તૂટી પડતાં એક માલગાડી પાટા પરથી ખડી પડી હતી, એમ ગવર્નર ઍલેક્ઝાન્ડર ખિન્સ્ટેઈને કહ્યું હતું.

પુલ તૂટી પડ્યા બાદ આગ ફાટી નીકળી હતી, પરંતુ જાનહાનિનાં કોઈ અહેવાલ ન હોવાનું તેમણે કહ્યું હતું.

રશિયાની ઈન્વેસ્ટિગેટિવ કમિટી અને ટોચની ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં વિસ્ફોટને કારણે બે પુલ તૂટી પડ્યા હોવાનું જણાવવામાં આવ્યું હતું, પણ વિસ્ફોટો કેમ થયા એ જણાવવામાં આવ્યું નહોતું અને વધુ વિગતો જાહેર કરવામાં નહોતી આવી. (એજન્સી) ■

### 'ઓપરેશન સિંદૂર' પર

એર ડિફેન્સ સિસ્ટમ, કમાન્ડ અને નિયંત્રણ કેન્દ્રો અને રડાર સાઇટ્સ સહિત અનેક મુખ્ય પાકિસ્તાની લશ્કરી સ્થાપનોને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ૧૦ મેના રોજ જાહેરાત કરી હતી કે ભારત અને પાકિસ્તાન જમીન, હવા અને સમુદ્ર પર તમામ પ્રકારની લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારનો દાવો છે કે ભારતે આ ઓપરેશન દ્વારા આતંકવાદ સામે ''નવી લાલ રેખા'' દોરી છે. સંરક્ષણ મંત્રાલયે 'એક્સ' પર લખ્યું હતું કે ''સંરક્ષણ મંત્રાલય યુવા પ્રતિભાઓને પોતાનો અવાજ ઉઠાવવા આમંત્રણ આપે છે.'' 'ઑપરેશન સિંદૂર – આતંકવાદ સામે ભારતની નીતિને ફરીથી વ્યાખ્યાયિત કરવી' વિષય પર સંરક્ષણ મંત્રાલયની દ્વિભાષી નિબંધ સ્પર્ધામાં ભાગ લો. તેમાં કહેવામાં આવ્યું છે, ''સ્પર્ધાની તારીખોઃ ૧ જૂન થી ૩૦ જૂન, ૨૦૨૫. પ્રતિ વ્યક્તિ એક એન્ટ્રી. હિન્દી અથવા અંગ્રેજીમાં.'' મંત્રાલયે સ્પર્ધા અને ઑપરેશન સિંદૂરના 'લોગો' વિશે વિગતો આપતું પોસ્ટર પણ શૅર કર્યું હતું. ■

### ઈશાન ભારતના

પડવાની બનેલી ઘટનામાં ઓછામાં ઓછા નવ જણનાં મોત થયાં છે. ભારે વરસાદને કારણે ભેખડો ધસી પડતાં રોડ બ્લૉક થઈ જવાને કારણે ઉત્તર સિક્કિમના વિવિધ વિસ્તારમાં શનિવારે ૧,૫૦૦ જેટલા પર્યટકો ફસાઈ ગયા હતા. ગુરુવારે ૧૧ પ્રવાસીઓને લઈ જતું વાહન સિક્કિમના માન્ગન જિલ્લાસ્થિત તિસ્તા નદીમાં ખાબકતાં એક વ્યક્તિનું મોત થયું હોવા ઉપરાંત બે જણ ઘાયલ થયા હતા અને આઠ જણ ગુમ થયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. મણિપુરમાં વરસાદે ભારે વિનાશ વેર્યો હતો. છેલ્લાં ૪૮ કલાકમાં ભારે વરસાદને કારણે નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિ અને ભેખડો ધસી પડવાની બનેલી ઘટનામાં ૮૮૩ ઘરને નુકસાન પહોંચ્યું હોવા ઉપરાંત ૩,૮૦૨ જણને અસર થઈ હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. (એજન્સી)

### શુભાંશુ શુકલા

મિશનના કમાન્ડર હશે. 'સુક્સ'ના હુલામણા નામથી જાણીતા શુકલાએ કહ્યું હતું કે આ મિશનનો હિસ્સો બનીને સ્પેસફ્લાઈટનો અનુભવ લેવા હું ખૂબ જ ઉત્સાહિત છું. આ મિશન અંતર્ગત અવકાશયાત્રીઓની અવકાશમાં ૧૪ દિવસ રહેવાની યોજના છે. આ દરમિયાન અવકાશયાત્રીઓ પ્રયોગશાળામાં રહીને વૈજ્ઞાનિક અને કમર્શિયલ સંશોધનની પ્રવૃત્તિઓ કરશે. નાસાના હ્યુમન રિસર્ચ પ્રોગ્રામના ભાગરૂપ ડિપાર્ટમેન્ટ ઑફ બાયોટૅક્નોલૉજી અને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ સેન્ટર ઑર્ગેનાઈઝેશન (ઈસરો)ના જોડાણ અંતર્ગત શુકલા ખોરાક અને પોષણ સંબંધિત પરીક્ષણો કરશે. એક્સિઓમ-ફૉર મિશનના અનુભવનો વર્ષ ૨૦૨૭ના પ્રસ્તાવિત ગગનયાન મિશન માટે ઉપયોગ કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### લાલચુ લોકો

તો આ પક્ષ કે મારી સાથે રાજકારણ રમી રહેલા જયચંદ જેવા લાલચી લોકોનું અસ્તિત્વ જ ન હોત. તમે બંને હંમેશાં તંદુરસ્ત અને ખુશ રહો.'' જોકે તેજ પ્રતાપ યાદવે તેની સાથે કોણ રાજકારણ રમી રહ્યું છે તે જાહેર કરવાનું ટાળ્યું હતું.

ગણતરીના મહિનાઓમાં જ બિહાર વિધાનસભા ચૂંટણી યોજાવાની છે તેવા સમયે તેજ પ્રતાપ યાદવની પક્ષમાંથી હકાલપટ્ટી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

લાલુ પ્રસાદ યાદવના નાના પુત્ર તેજસ્વી યાદવની આગેવાનીમાં રાજદ રાજ્ય વિધાનસભાની ચૂંટણી લડશે. વર્ષ ૨૦૧૫ની વિધાનસભાની ચૂંટણીથી તેજ પ્રતાપ યાદવે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. (એજન્સી) ■

# મુસાફરનો સામાન ખોઈ નાખનાર ફ્લાયનાસ એરલાઈન્સ પર ગ્રાહક કમિશને ₹ ૧.૨૫ લાખનો દંડ ફટકાર્યો

મુંબઈ: મુંબઈ ગ્રાહક કમિશને સાઉદી અરેબિયાની ઓછા ભાડાની એરલાઇન ફ્લાયનાસ એરલાઇન્સને મુસાફરનો સમાન ખોઈ નાખવા બદ્દલ રૂ. ૧.૨૫ લાખથી વધુનું વળતર ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે.

જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગ, મુંબઈ (ઉપનગરીય) એ તાજેતરના આદેશમાં જણાવ્યું હતું કે, એરલાઇન તરફથી ''દુર્ભાવનાપૂર્ણ બેદરકારી'' હતી અને એરલાઇન્સે ''ખોવાયેલી બેગ શોધવા માટે તમામ તાર્કિક પગલાં જાણી જોઈને ટાળ્યા હતા.''

ઘટનાની વિગત મુજબ, ફરિયાદી, તેના પરિવાર સાથે, ૨૩ ડિસેમ્બર, ૨૦૨૩ અને ૩ જાન્યુઆરી, ૨૦૨૪ વચ્ચે મુંબઈથી તુર્કીની યાત્રા પર ગઈ હતી. ફરિયાદીએ જણાવ્યું હતું કે ઇસ્તંબુલ એરપોર્ટ પર, તેણે ચેક-ઇન માટે પાંચ બેગ સોંપી હતી. તેણે દાવો કર્યો કે એરલાઇન સ્ટાફે ભૂલથી ફક્ત ચાર બેગ ટેગ કરી હતી, અને પાંચમી બેગ ટેગ વિના કન્વેયર બેલ્ટ પર ગઈ હતી.

ટિકિટ અને સામાન કાઉન્ટર પર હાજર સ્ટાફના ધ્યાન પર આ ભૂલ લાવવામાં આવી ત્યારે તેમણે એક ટેગ ફરિયાદીના હાથમાં આપ્યો હતો અને ખાતરી આપવામાં આવી હતી કે તેમને આગમન સ્થળ પર બધી બેગ મળશે. જોકે, તેને મુંબઈ એરપોર્ટ પર ફક્ત ચાર બેગ મળી હતી.

ફરિયાદીએ ખોવાયેલી બેગ શોધવા માટે વ્યક્તિગત મીટિંગ્સ, ઇમેઇલ્સ, વોટ્સએપ ચેટ્સ અને લેખિત ફરિયાદો દ્વારા અનેક વાતચીત કરી હતી, પરંતુ એરલાઇન્સ તરફથી ''અસંતોષકારક પ્રતિભાવ'' મળ્યો હતો. અંતે ફરિયાદીએ ગ્રાહક કમિશનનો સંપર્ક કર્યો. સુનાવણી દરમિયાન વિરોધી પક્ષ ગેરહાજર રહ્યો, તેથી ફરિયાદ એકતરફી રીતે આગળ વધી. ઘટના સંબંધિત તમામ તથ્યોનું અવલોકન કર્યા પછી, કમિશને ઠરાવ્યું કે ''ફ્લાયનાસ એરલાઇન્સના સહાયક સ્ટાફ તેમજ ફરિયાદી સાથે વાતચીત કરી રહેલા અધિકારીઓ દ્વારા બદનક્ષીપૂર્વક બેદરકારી દાખવવામાં આવી હતી''.

''વિરોધી પક્ષે ફરિયાદી દ્વારા ઉઠાવવામાં આવેલી ફરિયાદનો કોઈ નિર્ણાયક જવાબ આપ્યો નહોતો અને ઉપરોક્ત ઘટનામાં તેની કાર્યવાહી સંતોષકારક નહોતી,'' તેમાં જણાવાયું છે. એરલાઇન ''ખોવાયેલી બેગ શોધવા માટે તમામ તાર્કિક પગલાં જાણી જોઈને ટાળી રહી હતી,'' એમ પણ કમિશને જણાવ્યું હતું.

મોન્ટ્રીયલ કન્વેન્શન (૧૯૯૯) મુજબ સામાન ગુમાવવાના વળતર માટે નિર્ધારિત નિયમો છે, જે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ પર મુસાફરો અને તેમના સામાન માટે એરલાઇનની જવાબદારીને નિયંત્રિત કરે છે. કમિશને જણાવ્યું હતું કે પીડિત મુસાફરે ફરિયાદ નોંધાવવા સંબંધિત સૂચનાઓનું પાલન કર્યું છે. કમિશને ફ્લાયનાસ એરલાઇન્સને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ થી સામાન ખોવાઈ જવા બદલ ફરિયાદીને, જ્યાં સુધી તે વસૂલ ન થાય, ત્યાં સુધી છ ટકા વ્યાજ દર સાથે ૧.૨૫ લાખ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપ્યો. એરલાઇનને માનસિક યાતના માટે વળતર તરીકે ૧૦,૦૦૦ રૂપિયા ચૂકવવાનું પણ કહેવામાં આવ્યું હતું. (પીટીઆઈ)■

# એસટીમાં પણ હવે 'ફ્લેક્સી ફેર' સિસ્ટમ

## એસટી નિગમની ૭૭મી વર્ષગાંઠ નિમિત્તે કરી જાહેરાત

મુંબઈ: ઓછી ભીડવાળા સમયગાળા દરમિયાન રાજ્ય પરિવહન નિગમ (એસટી)ની બસોમાં મુસાફરી કરતી વખતે મુસાફરોને હવે ઓછું ભાડું ચૂકવવાની છૂટ આપવામાં આવશે. એસટીમાં મુસાફરો માટે 'ફ્લેક્સી ફેર' યોજના લાગુ કરવામાં આવશે. આ અંતર્ગત, ઓછી ભીડવાળા મહિનાઓમાં મુસાફરોની સંખ્યા વધારવા માટે ટિકિટના ભાવમાં લગભગ ૧૫ ટકાનો ઘટાડો કરવામાં આવશે. રજાના સમયગાળા દરમિયાન, એટલે કે પીક સીઝન દરમિયાન ટિકિટના ભાવ સમાન રહેશે.

રવિવારે એસટી નિગમની ૭૭મી વર્ષગાંઠ છે. આ પ્રસંગે પરિવહન પ્રધાન અને એસટી નિગમના ચેરમેન પ્રતાપ સરનાઈકની હાજરીમાં આ યોજનાની જાહેરાત કરવામાં આવી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા આપવામાં આવેલા ૧૦૦ દિવસના આયોજનમાં આવક વધારવા માટે નિગમે આ યોજના લાગુ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. જુલાઈથી સપ્ટેમ્બર અને જાન્યુઆરીથી માર્ચ સુધીના છ મહિનાના સમયગાળામાં સામાન્ય રીતે ઓછી ભીડ હોય છે. ઓછા મુસાફરો હોવા છતાં, ખર્ચ એટલો જ રહે છે. એસટીના વરિષ્ઠ અધિકારીઓને વિશ્વાસ છે કે આ યોજના મુસાફરોની સંખ્યા વધારવામાં ફાયદાકારક રહેશે.

આ યોજના મુજબ દાદરથી સ્વારગેટ સુધીની ઇ-શિવનેરી બસની ટિકિટ કિંમત સામાન્ય રીતે ૬૦૦ રૂપિયા હોય છે. જો તમે ઓછી ભીડવાળી સિઝન દરમિયાન આ રૂટ અગાઉથી બુક કરાવો છો, તો આ ટિકિટ ૫૧૦ રૂપિયા સુધીના ડિસ્કાઉન્ટ પર મળશે. એસટીની સલામત મુસાફરી અને વિશ્વસનીયતાને ધ્યાનમાં રાખીને મુસાફરો એસટી તરફ વળશે એવી આશા છે. રાજ્યમાં ખાનગી બસ ડ્રાઇવરો અને માલિકો ઓછી ભીડવાળા સમયગાળા દરમિયાન ખાનગી મુસાફરીના દર ઘટાડે છે. મુસાફરોને ખાનગી બસો માટે ભાવ ઘટાડવાની મંજૂરી છે. તેથી મુસાફરો એસટીની તુલનામાં ખાનગી બસમાં મુસાફરી કરે છે. એસટીના વરિષ્ઠ અધિકારીઓ કહે છે કે આ પેસેન્જર વર્ગને એસટીમાં પાછો લાવવા માટે કોર્પોરેશનની યોજના ફાયદાકારક રહેશે. એસટી મુસાફરી માટે લવચીક ભાડા યોજનાનો અમલ શરૂ થયા પછી, રિઝર્વેશન કરીને મુસાફરી કરનારા મુસાફરો આ યોજનાનો લાભ લઈ શકશે. ■

# ડુંગળી ઉત્પાદકોની નુકસાન માટે એકર દીઠ એક લાખની માગણી

મુંબઈ: મહારાષ્ટ્રમાં ડુંગળી ઉત્પાદકોના એક સંગઠને ગયા મહિને રાજ્યમાં ભારે વરસાદને કારણે પાક ગુમાવનારા ખેડૂતો માટે એકર દીઠ એક લાખ રૂપિયાનું વળતર આપવાની માગણી કરી છે. મહારાષ્ટ્ર દેશમાં ડુંગળીનું સૌથી મોટું ઉત્પાદન કરતું રાજ્ય છે. ૨૯ મેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને લખેલા પત્રમાં મહારાષ્ટ્ર રાજ્ય કાંદા ઉત્પાદક સંગઠને પણ નેશનલ એગ્રિકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા (નાફેડ) દ્વારા ડુંગળીની ''પારદર્શક'' ખરીદી માટે જણાવ્યું હતું. મહારાષ્ટ્રમાં મે મહિનામાં અનરાધાર વરસાદ પડ્યો હતો એમ તેમાં જણાવાયું હતું. પત્રમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે ડુંગળીનું ઉત્પાદન કરતા જળગાંવ, ધુળે, નાશિક, અહલ્યાનગર, છત્રપતિ સંભાજી નગર, પુણે, સોલાપુર, બીડ, ધારશિવ, સાંગલી, બુલઢાણા, અકોલા, પરભણી અને જાલના જેવા જિલ્લાઓને વરસાદની ભારે અસર થઈ છે. ૬ મેથી ભારે વરસાદને કારણે રાજ્યભરમાં ડુંગળીના પાકને નોંધપાત્ર નુકસાન થયું છે એમ એસોસિએશનના પ્રમુખ ભરત દિઘોલે અને તેના નાશિક જિલ્લા અધ્યક્ષ જયદીપ ભદાણેના હસ્તાક્ષરવાળા પત્રમાં જણાવાયું છે. ઘણા ખેડૂતોએ રવી સિઝનનો આખો પાક લણણી થાય તે પહેલાં જ ગુમાવી દીધો હતો એમ કહીને એકર દીઠ રૂ.૧ લાખનું વળતર માગ્યું હતું. (પીટીઆઈ)■

### કરાડના એન્કાઉન્ટરનો કોન્ટ્રાક્ટનો દાવો

# બરતરફ પોલીસ અધિકારીની દિલ્હીમાં અન્ય કેસમાં ધરપકડ

મુંબઈ: સરપંચ સતોષ દેશમુખની હત્યાના કેસના મુખ્ય આરોપી વાલ્મિક કરાડનું એન્કાઉન્ટર કરી નાખવાનો પોતાને 'કોન્ટ્રાક્ટ' અપાયાનો દાવો કરનારા સબ-ઈન્સ્પેક્ટર રણજીત કાસલેને પોલીસ દળમાંથી બરતરફ કરવામાં આવ્યા પછી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે દિલ્હીથી કાસલેની ધરપકડ કરી હતી.

પોલીસ અધિકારીએ રવિવારે જણાવ્યું હતું કે કથિત કોમી વિખવાદ સર્જવો અને વાંધાજનક માહિતી સોશિયલ મીડિયા પર જાહેર કરીને સરકારી અધિકારીઓને બદનામ કરવાના આરોપસર કાસલેને શુક્રવારે દિલ્હીથી તાબામાં લેવાયો હતો. ધરપકડ પછી તેને કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને બીજી જૂન સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. બરતરફ કરાયો તે પહેલાં કાસલેની પોસ્ટિંગ બીડ જિલ્લામાં હતી.

એક સામાજિક કાર્યકરની ફરિયાદને આધારે ભાંડુપ પોલીસે કાસલે વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ખોટી માહિતી જાહેર કરી તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરવા સહિત બદનામી અને મહિલાનો વિનયભંગ કરવાની ભારતીય ન્યાય સંહિતાની કલમો અને આઈટી ઍક્ટની જોગવાઈ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો.

કાસલેએ હાલમાં જ એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ મૂકી હતી, જેમાં તેણે ઓબીસી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી. કાસલે વિરુદ્ધ મુંબઈ સહિત બીડ જિલ્લામાં પણ ગુના નોંધાયેલા છે.

કાસલેએ અગાઉ ભૂતપૂર્વ પ્રધાન ધનંજય મુંડે અને તેમના નિકટવર્તી વાલ્મિક કરાડ વિરુદ્ધ આક્ષેપો કર્યા હતા. કાસલેએ દાવો કર્યો હતો કે એન્કાઉન્ટરમાં કરાડનું ઢીમ ઢાળી દેવાનો તેને 'કોન્ટ્રાક્ટ' અપાયો હતો.

છત્રપતિ સંભાજીનગર રેન્જના ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસે એપ્રિલ મહિનામાં કાસલેને પોલીસ સેવામાંથી પાણીચું આપ્યું હતું. (પીટીઆઈ)■

# શાળામાં પાછા ફરવાથી શાળાને પાછું આપવા સુધી

## ૧૧૪ વર્ષ જૂની રામજી આશર વિદ્યાલય-આરએવી સ્કૂલનો ઐતિહાસિક પુનઃમિલન મેળાવડો



મુંબઈ: ૧૧૪ વર્ષનો સમૃદ્ધ વારસો ધરાવતી શૈક્ષણિક સંસ્થા, રામજી આશર વિદ્યાલય (આરએવી) દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ભવ્ય પુનઃમિલન મેળાવડાનું આયોજન શનિવારે કરવામાં આવ્યું હતું. 'શાળામાં પાછા ફરો'ના ઉદ્દેશથી શરૂ થયેલો પુનઃમિલન કાર્યક્રમ 'શાળાને પાછું કરો'ના હેતુ સાથે સમાપ્ત થયો હતો.

આ કાર્યક્રમમાં ૩,૦૦૦થી વધુ નોંધાયેલા વિદ્યાર્થીઓનો ઉત્સાહ જોવા મળ્યો હતો, જેમાં વિવિધ ક્ષેત્રોમાં સફળ વ્યાવસાયિકો એવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે.

આ કાર્યક્રમનો ઉદ્દેશ ભૂતકાળ અને વર્તમાન વિદ્યાર્થીઓ, શિક્ષકો, વર્તમાન ટ્રસ્ટીઓ અને કાર્યકારી સમિતિને ફરીથી જોડવાનો હતો, જ્યારે વાજબી ભાવે ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાની શાળાની પ્રતિબદ્ધતા દર્શાવવાનો હતો. આ કાર્યક્રમમાં શાળાના ૧૧૪ વર્ષોમાં થયેલા વિકાસ, નવા અભ્યાસક્રમો અને શિક્ષણ પ્રત્યે નવીન અભિગમો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

**નવી પહેલ**

શાળાએ ત્રણ નવા અભ્યાસક્રમો શરૂ કર્યા છે, જેમાં નીચેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે: ૧) કલા અને સાંસ્કૃતિક સંગીતઃ ગરબા નૃત્ય અને સંગીત કાર્યક્રમોનો સમાવેશ, વિદ્યાર્થીઓને ૧૦મા ધોરણમાં ૩ ક્રેડિટ્સ મેળવવી. ૨) સર્વગ્રાહી વિકાસ: યોગ, ધ્યાન અને ક્રિકેટ, ફૂટબોલ અને ઇન્ડોર રમતો જેવી રમતગમત સુવિધાઓ પર ભાર મૂકવો. ૩) કૌશલ્ય વિકાસઃ

આરએવી સ્કૂલ સ્વાયત્ત યુનિવર્સિટી અને કૌશલ્ય યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત કરવાની યોજના બનાવી રહી છે, જે ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ ચેરમેન દેવેન્દ્રભાઈ શાહ, ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ચેરમેન તેમજ વિધાનસભ્ય પરાગ શાહ, દીપકભાઈ મુકાદમ અને મુકેશ પટેલ જેવા અન્ય નોંધપાત્ર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સંસ્થાને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવનારા ઘણા લોકો સાથે યોગદાનનું સન્માન કરવામાં આવ્યું.

પુનર્નમિલનમાં ૧૮ થી ૯૬ વર્ષની વયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં સફળ વ્યાવસાયિકો, ડોકટરો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ઉદ્યોગપતિઓ અને ૪૦-૫૦ ભૂતપૂર્વ શિક્ષકોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં શાળાના વારસા, પ્રગતિ અને શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી.

રામજી અસર શાળાના સ્થાપકો રામજી બાપા અને નવીબાઈની ચોથી પેઢીના દીપકભાઈ સંપટ પણ હાજર હતા. ■

# લોકમાન્ય તિલક ટર્મિનસ પર આરપીએફ જવાને પ્રવાસીનો જીવ બચાવ્યો

## રેલવે વહીવટીતંત્રે ફરી એકવાર મુસાફરોને ચાલતી ટ્રેનમાં ચઢવા કે ઉતરવાનું ટાળવાની અપીલ કરી

મુંબઈ: મુંબઈના લોકમાન્ય તિલક ટર્મિનસ પર એક આર.પી.એફ. કોન્સ્ટેબલે એક મુસાફરનો જીવ બચાવ્યો હતો. આ ઘટનાના વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે એક વ્યક્તિ કોચુવેલી ગરીબ રથ એક્સપ્રેસને પકડવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે તે કોચ અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઈ ગયો હતો. આ ઘટના શુક્રવાર, ૩૦ મે ના રોજ સીસીટીવીમાં કેદ થઈ હતી. લોકમાન્ય તિલક ટર્મિનસ પર ટ્રેન નંબર ૧૨૨૦૧, કોચુવેલી ગરીબ રથ એક્સપ્રેસ, પ્લેટફોર્મ નંબર ચાર પરથી ઉપડવાની હતી ત્યારે એક મુસાફરે ચાલતી ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન મુસાફર લપસી ગયો અને ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેના ગેપમાં પડી ગયો. તે ગંભીર રીતે ઘાયલ થવાનો હતો ત્યારે જ એક આર.પી. એફ. કોન્સ્ટેબલ ઝડપથી મુસાફર તરફ દોડી ગયો અને તેનો જીવ બચાવ્યો.

સદનસીબે, ઘટના સમયે સેન્ટ્રલ રેલ્વે, મુંબઈ ડિવિઝનના આર.પી.એફ. કોન્સ્ટેબલ રામ નારાયણ સિંહ ફરજ પર હતા અને તેમણે તેમને તાત્કાલિક ગેપમાંથી બહાર કાઢ્યા. આર.પી.એફ. અધિકારીએ બતાવેલી હિંમતને કારણે મુસાફરનો જીવ બચી ગયો હતો.

આ ઘટના પછી, મુસાફર ખૂબ જ ગભરાયેલો અને વ્યથિત હતો. પૂછતાં તેણે ખુલાસો કર્યો કે ઘરે કૌટુંબિક કટોકટી હતી અને તેથી જ, તે ગમે તેમ ટ્રેન પકડવા માંગતો હતો. બાદમાં, તેને તેના કાર્યોના પરિણામો સમજાવવામાં આવ્યા અને તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. ત્યારબાદ સ્ટેશન અધિકારીઓએ તે સુરક્ષિત ઘરે પરત ફરે તેની ગોઠવણ કરી આપી હતી.સેન્ટ્રલ રેલવેના અધિકારીએ આરપીએફ કર્મચારીઓ અન્ય રેલવે કર્મચારીઓ દ્વારા રોજિંદા લાખો મુસાફરોની સલામતી માટે ભજવવામાં આવતી મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરતા સિંહના ઉદાહરણરૂપ વર્તનની પ્રશંસા કરી હતી. રેલવે વહીવટીતંત્રે ફરી એકવાર મુસાફરોને ચાલતી ટ્રેનમાં ચઢવા કે ઉતરવાનું ટાળવાની અપીલ કરી છે, અને ભારપૂર્વક જણાવ્યું છે કે આવું વર્તન જીવલેણ સાબિત થઇ શકે છે. ■

# ૨૪ વર્ષ અગાઉના હત્યા કેસમાં બીજો આરોપી યુપીમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિરારમાં રિક્ષા ભાડાના મુદ્દે થયેલા વિવાદમાં ચાકુ હુલાવી પ્રવાસીની કથિત હત્યા કરવાના કેસમાં ૨૪ વર્ષથી ફરાર બીજો આરોપી પણ ઉત્તર પ્રદેશમાં પકડાયો હતો.

આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) મદન બલ્લાળે જણાવ્યું હતું કે આરોપી મામુ ઉર્ફે છોટે ઉર્ફે બાબોન ઓમપ્રકાશ દિવાકર (૫૦) ઉત્તર પ્રદેશમાં સંતાયો હોવાની માહિતી મળી હતી. માહિતીને આધારે તેને કાનપુરમાંથી તાબામાં લેવાયો હતો. વધુ કાર્યવાહી માટે આરોપીને વિરાર પોલીસના તાબામાં સોંપાયો હતો.

હત્યાની ઘટના ૧૪ ઑક્ટોબર, ૨૦૦૧ના રોજ બની હતી. મોહરમ અલી મોહમ્મદ ઈબ્રાહિમ અલી (૫૬) પર ચાકુથી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં અલીનું મૃત્યુ થયું હતું. રિક્ષા ભાડાને મુદ્દે રિક્ષા ડ્રાઈવર હારુન અલી મુસ્તકિમ અલી સૈયદ (૪૩) સાથે વિવાદ થયો હતો. ઝઘડામાં આરોપીએ ચાકુથી હુમલો કર્યો હતો. આ પ્રકરણે વિરાર પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો.

જોકે ગુનો નોંધાતાં જ આરોપી ફરાર થઈ ગયા હતા. વસઈમાં રહેતો સૈયદ છેક ૨૪ વર્ષ બાદ હાલમાં જ તલાસરી ખાતેથી પકડાયો હતો. સૈયદની પૂછપરછમાં પોલીસને તેના સાથી મામુની માહિતી મળી હતી.

મામુ ઉત્તર પ્રદેશમાં હોવાનું જાણવા મળતાં પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી. કાનપુર પોલીસની મદદથી હમીદપુર રોડ પરના પેટ્રોલ પમ્પ નજીકથી મામુને પકડી પાડવામાં આવ્યો હતો. આ કેસમાં પોલીસે કોર્ટમાં આરોપનામું પણ દાખલ કર્યું હતું.■

# સ્કૂટરસવારને અડફેટે લઈ ફરાર થઈ ગયેલા ડમ્પરના ડ્રાઈવરનું પોલીસ સમક્ષ સમર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચેમ્બુરમાં પૂરપાટ વેગે આવેલા ડમ્પરે સ્કૂટરને ટક્કર મારતાં સ્કૂટરસવારનું મૃત્યુ થયું હોવાની ઘટના બની હતી. અકસ્માત બાદ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયેલા ડમ્પરના ડ્રાઈવરે પોલીસ સમક્ષ સમર્પણ કર્યું હતું. ટિળક નગર પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની બપોરે ૧૨.૪૫ વાગ્યે ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ પર ચેમ્બુર નજીક બની હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલાની ઓળખ સુભાષ ડુલગચ (૪૭) તરીકે થઈ હતી.

પોલીસ ફરિયાદ અનુસાર વિલે પાર્લેના બામનવાડા ખાતે રહેતો સુભાષ અંધેરીના ચકાલા સ્થિત હાઉસકીપિંગ કંપનીમાં મૅનેજર હતો. શનિવારની બપોરે તે સ્કૂટર પર શિવાજી નગરથી છેડા નગર તરફ જઈ રહ્યો હતો. પાછળથી પૂરપાટ વેગે આવેલા ડમ્પરે તેના સ્કૂટરને ટક્કર મારી હતી. ગંભીર હાલતમાં તેને રાજાવાડી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. દરમિયાન અકસ્માત બાદ ડમ્પર સાથે ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ગણતરીના કલાકોમાં ડ્રાઈવર ટિળક નગર પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. આરોપી ડ્રાઈવરની ઓળખ ગોવિંદા કનીરામ સિંહ ચવાણ (૩૫) તરીકે થઈ હતી. આ પ્રકરણે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.દરમિયાન બીકેસીમાં ખાનગી કંપનીમાં કામ કરતી ચંદા માને શુક્રવારે સ્કૂટર પર ઘરે જઈ રહી હતી ત્યારે ડમ્પરે તેને અડફેટે લીધી હતી. અકસ્માતમાં ચંદાએ જીવ ગુમાવ્યો હતો. ઘટના બાદ ફરાર થઈ ગયેલા ડમ્પરના ડ્રાઈવરની પોલીસે શોધ હાથ ધરી હતી. ■

# મકોકા કોર્ટે લૂંટ કરવાની યોજના બનાવવા બદલ પકડાયેલા પાંચ વ્યક્તિઓને નિર્દોષ જાહેર કર્યા

થાણે: થાણેની એક ખાસ અદાલતે લૂંટ કરવાની યોજના બનાવતી ગેંગનો ભાગ હોવાના આરોપમાં ધરપકડ કરાયેલા પાંચ વ્યક્તિઓને નિર્દોષ જાહેર કર્યા છે. પોલીસે ૧૯ એપ્રિલ, ૨૦૧૭ ના રોજ નોંધાયેલા કેસમાં મહારાષ્ટ્ર સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ (મકોકા), આર્મ્સ એક્ટ અને ભારતીય દંડ સંહિતાનો કડક ઉપયોગ કર્યો હતો. એફઆઈઆર મુજબ, આરોપીઓ રવિ પૂજારી ગેંગનો ભાગ હતા અને ગેસ કટર, તલવારો અને ચોપર જેવા સાધનો સાથે મોબાઇલ ફોન કોલ ઇન્ટરસેપ્ટના આધારે લોજમાંથી ધરપકડ કરવામાં આવી હતી. રવિવારે ઉપલબ્ધ થયેલ આદેશની નકલ મુજબ સ્પેશિયલ જજ (મકોકા) અમિત એમ શેટેએ મોહમ્મદ જમીલ અખ્તર અલી (૪૨), સેનુલ કુદુસ શેખ (૩૮), તપન ઉર્ફે ટપ્પુ ભગવાન મંડલ (૪૭), રાજકુમાર બાબુલાલ શર્મા (૫૧) અને બાબુલાલ ઉર્ફે બાબુ બાદશાહ મુજાવર (૩૯) ને નિર્દોષ જાહેર કર્યા.

કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષના પુરાવાઓમાં નોંધપાત્ર ખામીઓ છે, જેમાં દેખરેખ હેઠળ રહેલા અને અટકાવાયેલા સેલફોન સંબંધિત વિગતો રેકોર્ડ કરવામાં નિષ્ફળતાનો સમાવેશ થાય છે. તે સિવાય, રેકોર્ડ કરેલી વાતચીત અને તેનું ટ્રાન્સક્રિપ્શન કોઈ પણ રીતે એવું સૂચવતું નથી કે પકડાયેલા આરોપીઓ હકીકતમાં કાવતરું ઘડી રહ્યા હતા અથવા લૂંટનો ગુનો કરવાની યોજના બનાવી રહ્યા હતા, એમ કોર્ટે કહ્યું, અવાજના નમૂનાઓ અને કબૂલાતના નિવેદનોના દસ્તાવેજીકરણમાં પણ ખામીઓ હતી. ફરિયાદ પક્ષ આરોપો પુરવાર કરવામાં નિષ્ફળ ગયો છે, જ્યારે તપાસ એજન્સીઓ આરોપીઓને ઓછામાં ઓછા કથિત ગુના માટે દોષિત ઠેરવવા માટે સમર્થન સામગ્રી એકત્રિત કરવામાં પણ નિષ્ફળ ગઈ છે, એમ કોર્ટે અવલોકન કર્યું. આથી આરોપીઓને શંકાનો લાભ આપીને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા. કેસમાં છ અન્ય ફરાર આરોપીઓના કેસ અલગ કરવામાં આવ્યા હતા. કોર્ટે જણાવ્યું હતું કે ફરાર આરોપીઓને પણ નિર્દોષ જાહેર કરવાનો લાભ મળે છે. (પીટીઆઈ)■


આઠમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ



અમારા અને એલપીજી ટ્રેડનાં પ્રેરણાસ્ત્રોત

**શ્રી પ્રતાપભાઈ માધવજી મુળજી દોશી**

૬-૩-૧૯૩૬ • ૨-૬-૨૦૧૭

•

સ્વ. ઈલાબેન, સ્વ. વિણાબેન

પ્રણવ - શિલ્પા અને નક્ષત્ર

આશીષ - વૈશાલી અને જિયા

ઓલ ઈન્ડિયા એલપીજી ડિસ્ટ્રીબ્યુટર્સ ફેડરેશન

પ્રેસિયસ ગેસ સર્વિસ • ઉર્જા ગ્રુપ ઓફ કંપનીઝ


# તાડોબામાં બે હાથીની ઘૂસણખોરી: રિસ્પોન્સ ટીમ, ડ્રોન તહેનાત

ચંદ્રપુર: પડોશમાં આવેલા ગઢચિરોલી જિલ્લામાંથી મહારાષ્ટ્રના ચંદ્રપુર તાડોબા અંધારી ટાઇગર રિઝર્વમાં બે હાથી ઘૂસી ગયા બાદ ડ્રોન અને નાઈટ વિઝન ડિવાઈસની વિસ્તૃત મોનિટરિંગ મિકેનિઝમ (દેખરેખ વ્યવસ્થા) મૂકવામાં આવી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

તાડોબા ફિલ્ડ ડિરેક્ટર પ્રભુ નાથ શુક્લાએ શનિવારે જણાવ્યું હતું કે આ બંને ગજરાજ ૩૦ મેએ હુમા નદી પાર કરીને તાડોબા અંધારી ટાઇગર રિઝર્વ નજીકના ગામમાં પ્રવેશી કેટલાક પિંજરા નજીક ગયા હતા. ૩૦ મેની રાત સુધીમાં તેમના પગના નિશાન તેઓ કઈ તરફ આગળ વધી રહ્યા છે એનો ખ્યાલ આવી ગયો છે. તેમના પર દેખરેખ રાખવા માટે અમે રિસ્પોન્સ ટીમ અને ઇકો-ડેવલપમેન્ટ સમિતિઓને કામે લગાડી છે. ટીમને નાઈટ વિઝન ઉપકરણ, ડ્રોન અને જરૂર પડ્યે હાથીઓને ભગાડવા માટે જરૂરી સામગ્રી આપવામાં આવી છે. (પીટીઆઈ)■

# બાન્દ્રાનાં હુક્કા પાર્લર પર રેઈડ

## ૭૪ જણ સામે ગુનો

મુંબઈ: બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ ખાતેની એક ઈમારતની અગાશી પર આવેલા હુક્કા પાર્લર પર કાર્યવાહી કરી પોલીસે ૭૪ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. બીકેસીમાં મોતીલાલ નેહરુ નગર ખાતેની એક બિલ્ડિંગની અગાશી પર ગેરકાયદે હુક્કા પાર્લર ચાલુ હોવાની માહિતી બીકેસી પોલીસને મળી હતી. માહિતીને આધારે રવિવારના મળસકે ત્રણ વાગ્યે પોલીસે રેઇડ કરી હતી. હુક્કા પાર્લરમાં ફ્લેવર્ડ તમાકુનો ઉપયોગ કરાતો હોવાનું નજરે પડ્યું હતું. પાર્લર ચલાવનારા અને ગ્રાહકો વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તેમને નોટિસ બજાવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# લશ્કરની સુરક્ષા કવાયતમાં મુંબઈ પોલીસનો સહભાગ

મુંબઈ: અણધાર્યા - અનપેક્ષિત જોખમોના વિકસતા સ્વરૂપ અને વર્તમાનમાં વધી રહેલા સુરક્ષા વાતાવરણના જવાબમાં ભારતીય સેના દ્વારા અહીં એક ઉચ્ચ સ્તરીય સંયુક્ત આંતર-સેવા સુરક્ષા કવાયત હાથ ધરાઈ હતી.

કવાયત ૩૦ અને ૩૧ મેના રોજ આર્મી ટ્રેનિંગ એરિયા, કોલાબા અને ફોર્સ વન ટ્રેનિંગ એરિયા મુંબઈ ખાતે શરૂ થઈ બોમ્બે સ્ટોક એક્સચેંજ (બીએસઇ) ખાતે પૂર્ણ થઇ હતી. 'અણધાર્યા અને ન કલ્પેલા જોખમો વધી રહ્યા હોવાથી અને વર્તમાનમાં વધેલી સુરક્ષા વાતાવરણના જવાબમાં ભારતીય લશ્કર દ્વારા એક ઉચ્ચ-સ્તરીય સંયુક્ત આંતર-સેવા સુરક્ષા કવાયતનું આયોજન કરવામાં આવ્યું હતું.' વ્યાપક કવાયતમાં ભારતીય સેના, ભારતીય નૌકાદળ, ભારતીય વાયુ સેના, ભારતીય તટરક્ષક દળ, ફોર્સ વન (મહારાષ્ટ્ર) અને મુંબઈ પોલીસનો સહભાગ જોવા મળ્યો હતો. (પીટીઆઈ)■


50 વર્ષથી ભરોસાપાત્ર!

જૂનું તે સોનું




ધૌતી યોગ®

પાવડર અને ગોળીઓ

આજે જ રાત્રે લો, સવારે OK!

ધૌતિ યોગ ગોળીઓ ધૌતિ યોગ પાવડર જેટલી જ અસરકારક છે

પેટ સાફ ન થવું, કબજિયાત, ગેસ, એસિડિટી, મસા (પાઇલ્સ) વગેરે સમસ્યાઓમાં અસરકારક !

9422011723

બધી તબીબી અને આયુર્વેદિક દુકાનો અને Amazon પર પણ ઉપલબ્ધ છે.

મસા (પાઇલ્સ), ફીશરથી થતી બળતરા અને લોહી પડતું હોય તો ધોતી યોગ ક્રીમનો ઉપયોગ કરો.

# માળખાગત સુવિધાના 'ચક્રવ્યૂહ'માંથી બહાર નીકળવા માટે વધારાની એફએસઆઈ આપવાને બદલે સેટેલાઇટ ટાઉન બનાવો: ગાડગીલ

મુંબઈઃ મુંબઈ અને પુણે જેવા મેગા અર્બન સેન્ટરો ફ્લાયઓવર અને રસ્તાઓના 'ચક્રવ્યૂહ'માં ફસાઈ રહ્યા છે અને ક્ષમતાના અંતિમ બિંદુ સુધી પહોંચી રહ્યા છે, તેથી સરકારે આ શહેરોમાં વધારાનો ફ્લોર સ્પેસ ઇન્ડેક્સ આપવાનું બંધ કરવું જોઈએ, એમ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને શહેરી આયોજનકાર અનંત ગાડગીલે સૂચન કર્યું છે.

તેમણે એમ પણ કહ્યું કે શહેરી વિસ્તારોમાં માટીનું સ્થાન વધુને વધુ કોંક્રીટ લઇ રહ્યું હોવાથી, જમીનમાં પાણીના ઝરણાની જગ્યા સંકોચાઈ રહી છે અને વરસાદ પછી પૂરની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. પીટીઆઈ સાથે વાત કરતા, ગાડગીલ, જે અગાઉ રાજ્ય વિધાનસભા પરિષદના સભ્ય હતા, તેમણે કહ્યું કે વધારાના એફએસઆઈ આપવાને બદલે, સરકારે હાલના માળખાગત સુવિધા પરનો ભાર ઘટાડવા માટે મુંબઈ-પુણે-નાશિક ત્રિકોણમાં નવી મુંબઈ જેવી સેટેલાઇટ ટાઉનશિપ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે સૂચન કર્યું કે સરકારે આ સેટેલાઇટ ટાઉનશિપમાં સારી શાળાઓ, કોલેજો, હૉસ્પિટલો બનાવવી જોઈએ. ગાડગીલે જણાવ્યું હતું કે, મુંબઈ અને પુણે બંનેમાં તાજેતરમાં ભારે વરસાદમાં માળખાકીય સુવિધાઓ તૂટી પડી છે. સરકાર અગ્રણી કંપનીઓને તેમની ઓફિસો સ્થાપવા માટે વાજબી અથવા ઓછા દરે જમીન આપી શકે છે, જેમાં ઓછામાં ઓછા ૭૫ ટકા કર્મચારીઓ આ સેટેલાઇટ ટાઉનશિપમાં રહે તે જરૂરી છે જેથી ટ્રાફિકનો ભાર ન વધે.એફએસઆઈ એ જમીનના ચોક્કસ ટુકડા પર ડેવલપર દ્વારા બાંધકામ કરી શકાય તેટલો મહત્તમ માન્ય ફ્લોર એરિયા છે. ''એફએસઆઈ જેટલો વધારે, ફ્લેટની સંખ્યા એટલી જ વધારે, જેના કારણે કાર પણ વધુ હશે.

# પીછો કરવાના આરોપી વ્યક્તિને પાસપોર્ટ રિન્યૂઅલ માટે સર્ટિફિકેટ આપવાનો હાઇ કોર્ટનો આદેશ

મુંબઈઃ પીછો કરવાના કેસમાં આરોપી એક વ્યક્તિને પાસપોર્ટ રિન્યૂ કરવા માટે ક્લિયરન્સ સર્ટિફિકેટ આપવાનો બોમ્બે હાઇ કોર્ટે શહેર પોલીસ અને પાસપોર્ટ વિભાગને નિર્દેશ આપ્યો છે જેથી તે અભ્યાસ માટે કેનેડા જઈ શકે. જસ્ટિસ જી.એસ. કુલકર્ણી અને અદ્વૈત સેઠનાની ડિવિઝન બેન્ચે ગયા મહિને આપેલા આદેશમાં જણાવ્યું હતું કે જ્યારે કોર્ટ દ્વારા વ્યક્તિને વિદેશ પ્રવાસની પરવાનગી આપવામાં આવી હોય ત્યારે પોલીસે પ્રમાણપત્ર જારી કરવું જોઈતું હતું. હાલમાં, મલાડ પોલીસે આ વર્ષે એપ્રિલમાં આ વ્યક્તિ સામે ફોજદારી કેસ (પીછો કરવાનો) પેન્ડિંગ હોવાના આધારે નકારાત્મક રિપોર્ટ જારી કર્યો હતો. પાસપોર્ટ અધિકારીઓને પોલીસ દ્વારા જારી કરાયેલા નેગેટિવ સર્ટિફિકેટને પડકારતા, તે વ્યક્તિએ હાઇ કોર્ટમાં અરજી કરી હતી અને પાસપોર્ટ ઓફિસને ક્લિયરન્સ સર્ટિફિકેટ જારી કરવાનો આદેશ આપવા વિનંતી કરી હતી. પોતાની અરજીમાં, તે વ્યક્તિએ જણાવ્યું હતું કે મેજિસ્ટ્રેટ કોર્ટ, જેની સમક્ષ તેની ટ્રાયલ પેન્ડિંગ છે, તેણે તેના પાસપોર્ટ રિન્યૂ કરવાની પરવાનગી આપી છે.અરજીમાં ઉમેરાયું છે કે એપ્રિલમાં હાઈ કોર્ટની સિંગલ બેન્ચે તે વ્યક્તિને જે કોર્સમાં પ્રવેશ મળ્યો છે તે સમયગાળા માટે વિદેશ પ્રવાસ કરવાની પરવાનગી આપી હતી. કોર્ટે નોંધ્યું કે તે વ્યક્તિનો હાલનો પાસપોર્ટ ૨૦૨૬ સુધી માન્ય છે અને તેને કેનેડિયન સરકાર દ્વારા પહેલાથી જ વિઝા આપવામાં આવ્યા છે. કોર્ટે એપ્રિલમાં પોલીસ દ્વારા રજૂ કરાયેલા નકારાત્મક રિપોર્ટને રદ કરી દીધો અને તે વ્યક્તિની તરફેણમાં 'ક્લીયર પોલીસ વેરિફિકેશન રિપોર્ટ' જારી કરવાનો નિર્દેશ આપ્યો. આ વેરિફિકેશન રિપોર્ટ પછી પાસપોર્ટ અધિકારીઓને અંતિમ પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ જારી કરવા માટે સુપરત કરવામાં આવે, એવો આદેશ બેન્ચે આપ્યો.

# મહારાષ્ટ્ર સરકાર અને યુનિસેફના સંયુક્ત ઉપક્રમે ધારાશિવમાં બાળકોને લિંગ રૂઢિવાદ પ્રત્યે સજાગ કરવાનો પ્રયાસ

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્યમાં ઉચ્ચ લિંગ અસમાનતા માટે જાણીતા જિલ્લા ધારાશિવમાં મહારાષ્ટ્ર સરકાર અને યુનિસેફના સંયુક્ત ઉપક્રમે ભેદભાવપૂર્ણ લિંગ ધોરણો અને માન્યતાઓના મૂળ કારણને સંબોધવા માટે આ મહિને ધારાશિવ જિલ્લાની ૧૨૦ શાળાઓમાં લિંગ આધારિત વર્તણુકીય પરિવર્તન કાર્યક્રમનો વિસ્તાર કર્યો છે.

આ લિંગ પરિવર્તનશીલતા કાર્યક્રમ (જીટીપી) નો ઉદ્દેશ્ય બાળકોને વિકાસની સમાન તક પૂરી પાડવાનો, ડ્રોપ-આઉટ અને બાળ લગ્ન અટકાવવાનો અને કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. જીટીપી ડેટા અનુસાર, ૨૦૨૨ માં યુનિસેફ દ્વારા ધારાશિવ (અગાઉ ઉસ્માનાબાદ) ની ૪૦ શાળાઓમાં શરૂ કરાયેલા કાર્યક્રમનો પ્રથમ તબક્કો ૪,૯૫૮ વિદ્યાર્થીઓ (૨,૨૯૧ છોકરીઓ, ૨,૬૬૭ છોકરાઓ), ૧૯૩ શિક્ષકો અને ૯,૦૦૦ થી વધુ સમુદાયના સભ્યો સુધી રમત-આધારિત અભ્યાસક્રમ અને લિંગ મેળાઓ દ્વારા પહોંચ્યો છે.

આ કાર્યક્રમ ધોરણ છ-આઠમાં અભ્યાસ કરતા ૧૦-૧૪ વર્ષની વયના કિશોરો, શિક્ષકો, શિક્ષણ અધિકારીઓ, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, માતાપિતા અને મોટા સમુદાય માટે છે. ડેટા મુજબ, કાર્યક્રમનો બીજો તબક્કો, જે ૨૦૨૪ માં અમલમાં મૂકવામાં આવ્યો હતો, તેનો હેતુ ૧૨૦ શાળાઓ સુધી વિસ્તરણ કરવાનો હતો, જેમાં ૨૧,૦૬૦ બાળકો, ૬૨૦ શિક્ષકો અને ૧૨,૦૦૦ સમુદાયના સભ્યો સુધી પહોંચવાનો છે. ડેટા અનુસાર, અત્યાર સુધીમાં, આ કાર્યક્રમ જિલ્લાના ૮,૫૬૦ બાળકો સુધી પહોંચ્યો છે.

આ કાર્યક્રમ બાદ બાળકો અને સમાજમાં આવેલા પરિવર્તનને જોતા, મહારાષ્ટ્ર સરકાર એમએસસીઈઆરટી (મહારાષ્ટ્ર રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ) સાથે મળીને રાજ્યના ૩૬ જિલ્લાઓમાં મૉડેલ શાળાઓમાં જીટીપીનો વિસ્તાર કરવા પર વિચાર કરી રહી છે.

## જૈન મરણ

**સુરત વીશા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

વિક્રમ ફતેહચંદભાઇ દાલિઆ (ઉં. વ. ૫૧) તે સ્વ. ફતેહચંદભાઇ બાલુભાઇ અને પ્રફુલ્લબેન ફતેહચંદ દાલિઆના પુત્ર. અપૂર્વ ને વિપુલ દાલિઆના ભાઇ. પારુલ અપૂર્વ દાલિઆના દિયર. તા. ૨૯-૫-૨૫ના અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. ૫૭-પહેલે માળે, સહકાર નિવાસ, તાડદેવ રોડ, મુંબઇ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પ્રાગપુર (પાલનપુરના) મંજુબેન (હિરાવંતી) શાંતિલાલ ખીમશીયા (ઉં. વ. ૭૫) તા. ૨૮-૫ના અવસાન પામેલ છે. શાંતિલાલ વાલજીના પત્ની. માતુશ્રી દેવકાંબેન વાલજી પ્રેમજીના પુત્રવધૂ. ગંગાબાઈ દામજી રતનશીના સુપુત્રી. દેશલપુરના તેજબાઈ વસનજી, કાંડાગરાના લધીબેન પદમશી, લક્ષ્મીબેન મુલચંદના ભત્રીજી. હરખચંદ, જીવરાજ, દેવચંદ, કોટડી(મ)ના દમયંતી કાંતિલાલ, બેરાજાના કુસુમ હસમુખના બેન. પ્રાર્થના રાખેલ નથી. એ - શાંતિલાલ શાહ, ગુરુ મૈયા સેવા સંઘ, ખોડા લીંબડા, પાલનપુર-૩૮૫૦૦૧.

મોટા આસંબીયાના સુરેન્દ્ર ગાલા (ઉં. વ. ૭૮) તા. ૩૧-૦૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. માતુશ્રી ઝવરેબેન પ્રેમજી પાલણ ગાલાના સુપુત્ર. ઉર્મિલાના પતિ. નીલેશ, હીના, હિરેનના પિતા. કનકસેન, પ્રફુલ, નગીન, ભાનુબેન, હેમલતા, હેમકુંવર, હંસાના ભાઈ. બારોઈના લક્ષ્મીબેન શામજી ગોવિંદજીના જમાઈ. પ્રા. શ્રી. વ.સ્થા.જે.શ્રા.સં. શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે), સમયઃ ૪.૦૦ થી ૫.૩૦.

તલવાણાના હેમલતા હેમચંદ શીવજી સાવલા (ઉં. વ. ૮૩) તા. ૩૧/૫/૨૫ના અવસાન પામ્યા છે. સોનબાઇ શીવજી દેવજીના પુત્રવધૂ. સ્વ. હેમચંદના પત્ની. ચેતના, રાજેશના માતુશ્રી. મોટી ખાખર ઉમરશી ખીમજીના પુત્રી. હરખચંદ, હસમુખ, કોડાય નિર્મળા શામજી, ગુણવંતી વીશનજી, મીના નવીન, ડેપા-રમીલા રતનશી કારાઘોઘા પ્રેમીલા વિનયચંદ, કાંડાગરા મંજુલા નરેન્દ્રના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈ. સંઘ સંચાલિત શ્રી કરસન લઘુ નિસર હોલ, દાદર (વે.). બપોરે ૨ થી ૩.૩૦.

**દેરાવાસી જૈન**

સાંચોર (હાલ મુંબઈ)ના સ્વ. ફોજમલ ભલાજી શાહનાં પત્ની ગં.સ્વ. પવનીબેન (ઉં. વ. ૬૦) તા. ૩૦મીએ અરિહંતશરણ પામ્યાં છે. તે રમેશભાઈ, કોકિલાબેન, રમીલાબેન, પિંકીબેન, સ્વ. જીજ્ઞાબેન, ભાવેશભાઈ, દીપકભાઈનાં માતા. પ્રેમિલાબેન, જગદીશભાઈ, અશોકભાઈ, જીતેન્દ્રભાઈ, કિશોરભાઈ, પ્રિયંકાબેન, વર્ષાબેનનાં સાસુ. સ્વ. મંજુલાબેન છગનલાલ શાહનાં જેઠાણી. પ્રભુદાસ ગુલાબચંદ બહોરાનાં દીકરી. હિમાંશુ, દિવ્યા, અમિતા, આદિત્ય, ખુશી, પ્રિશા, જીયાના, માહિત્વ, શૈલેશ, નિકીતા, હિરલ, હર્ષ, વિધી, તિથિ, લક્ષ્ય, આનિયા, દિવ્યંમનાં દાદી-નાની. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨-૬-૨૦૨૫ના રોજ સવારે ૯થી ૧૧. ઠે.: શેઠ રૂપચંદ હિરાચંદ વાડી, ત્રીજી પાંજરાપોળ, સી.પી. ટેન્ક નજીક, મુંબઈ-૪. લૌ. વ્ય. બંધ છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## હિન્દુ મરણ

સ્વ. વ્રજલાલ દેવીદાસ પારેખ અને સ્વ. સવિતા વ્રજલાલ પારેખની સુપુત્રી. સ્વ. નીતિનની પત્ની. શ્યામસુંદર વાલિયાની પુત્રવધૂ. ઇન્દિરા નીતિન વાલિયા (ઉં.વ.૭૩) તા. ૨૯-૫-૨૫ના મુંબઇના નિવાસસ્થાને અવસાન પામેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

સ્વ. રમેશભાઇ (કાળુભાઇ) મૂળજીભાઇ જોગી તે અગતરાય નિવાસી હાલ રાજકોટ તે પરેશ મુળજીભાઇ જોગી, રંજનબેન, ભાવનાબેન, કુસુમબેન, ચંદ્રીકાબેનના મોટાભાઇ. સેજલ, અવની, યશના બાપા તા. ૩૧-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૫-૬-૨૫ના ૪થી ૬. ઠે. એકવીરા મેન્સન, ૩૦૩, ૩જે માળે, ભદ્રકાલી મંદિરની પાસે, ભાયંદર (વેસ્ટ).

**બાલાસિનોર દશા નીમા વણિક**

સ્વ. અરૂણાબેન જયંતીલાલ ફડકીઆના પુત્ર ચંદ્રેશ જયંતીલાલ ફડકીઆ (ઉં. વ. ૫૨) (ઇટાડીવાળા) જે હેતલના પતિ. કશીશના પિતા. જસ્મીના રાકેશ શાહ અને સ્નેહા અપૂર્વ ગાંધીના ભાઇ. નેહીલ, હેતા, કેવલ, જાન્હવી, પીન્ટુ, ઝીલના મામા. છાયાબેન અતુલભાઇ પરીખના જમાઇ. ખ્યાતી કેયુર પરીખના બનેવી. શનિવાર, તા. ૩૧-૫-૨૫ના પ્રભુશરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**ઔ. સહસ્ત્ર ઝાલાવાડી હડિયાણા ચોવીશી બ્રાહ્મણ**

મુંબઇ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કૃપાશંકર હરિશંકર શુકલના પુત્ર ધર્મેન્દ્રભાઇ તા. ૩૦-૫-૨૫ના કૈલાશવાસ પામેલ છે. સ્વ. મોહનલાલ રેવાશંકર પંડયાના જમાઇ. સ્વ. ભારતીબેનના પતિ. સ્વ. હિંમતભાઇ, સ્વ. કિર્તીભાઇ, સ્વ. સુમનબેન, સ્વ. શોભનાબેન, ગં. સ્વ. લીલીબેનના ભાઇ. સ્વ. જયશ્રીબેન અરવિંદ રાવલ, હર્ષાબેન કેતન પંડયા, બકુલ, માયા અરુણ ભટ્ટ, હિમાંશુના પિતા. પરાજ્ઞી બકુલ શુકલના સસરા. આદિતી આયુષીના દાદા. લૌકિક પ્રથા બંધ છે. ટેલીફોનિક બેસણું સોમવાર, તા. ૨-૬-૨૫ના ૪થી ૫. રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ જામનગર ન્યુ જર્સી હાલ કાંદિવલી સ્વ. જયાબેન તથા સ્વ. તુલસીદાસ જાધવજી લોટવાલાના પુત્ર રંજીતભાઈ (ઉં. વ. ૮૨) તે અરુણાબેનના પતિ. સ્વ. વિમળાબેન અનંતરાય સોઢાના જમાઈ. પ્રશાંત તથા પથીકના પિતા. બ્રેન્ડા તથા હરિયાના સસરા. ૩૧/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨/૬/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે લોહાણા મહાજનવાડી, પહેલે માળે, એસ. વી. રોડ, શંકર મંદિર પાસે કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ ભાટીયા**

કુ ભાનુમતિ ભગવાનદાસ કાપડીયા (ઉં. વ. ૮૩) તે સ્વ.બ્રિજકોરબેન ભગવાનદાસ કાપડીયાના દીકરી. તે સ્વ જમનાદાસ,સ્વ દામોદરદાસ,સ્વ મથુરભાઈ, સ્વ પ્રતાપભાઈ,સ્વ અરવિંદભાઈ,સ્વ બ્રિજદાસભાઈ, સ્વ માનસિંગભાઈ, ગં. સ્વ. હેમલતાબેન તથા ગં.સ્વ. સરલાબેનના બેન, ગં. સ્વ. રજનીબેનના નણંદ, મયુરી રાજેન કાપડીયાના ફઈ. યશ મેઘાના ફઈનાની. તે ૩૧-૫-૨૫ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ બામણાસા હાલ કાંદિવલી સ્વ. સવિતાબેન તથા સ્વ. હરિદાસ ભાણજી શિરોદરિયાના સુપુત્ર રસિકભાઈ (ઉં. વ. ૭૨) તા.૩૧-૫ -૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે મીનાના પતિ. ભારતી રમેશ દેવાણી તથા રાજુના ભાઈ, સ્વ જમનાદાસ હીરજી કાનાણીના જમાઈ. પૂર્વીના જેઠ. અંકિતા શશાંક ઉગરંકર અને ઉમંગના પપ્પા. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

મૂળગામ બગસરાવાળા હાલ બોરીવલી સ્વ. ગિરધરભાઈ ભુરાભાઇ ધાણકના પુત્ર વિનોદભાઈ (ઉં. વ. ૮૨) તે ૩૧/૫/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે મનોરમાબેનના પતિ. સ્વ. વ્રજલાલ, સ્વ. અમુભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, ધીરુભાઈ, કમળાબેન, વિલાસબેન, દમુબેનના ભાઈ. તે દેવેન્દ્ર, હેમાંશુ, આશનાના પિતા. સ્વ. પરષોત્તમભાઈ પુનાભાઈ ધકાણ રાજકોટના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**બાલાસિનોર મોઢ વણિક**

મૂળગામ બાલાસિનોર હાલ બોરીવલી સ્વ. ચંપાબેન તથા સ્વ. શાંતિલાલ ચંદુલાલ પરીખના પુત્ર જયંતીલાલ પરીખ (ઉં. વ. ૮૨) તે ૩૦/૫/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. મીનાબેનના પતિ. સ્વાતિ રાકેશભાઈ શાહ, હેમા અંબર દેસાઈ, મિતેશ-ભૈરવી, ધવલ-સેજલના પિતા. સ્વ. રમેશભાઈ, સ્વ. મહેશભાઈ, ગં.સ્વ. વર્ષાબેન વિક્રમભાઈ શાહના ભાઈ. તે સાસરાપક્ષે નદીસરવાળા સ્વ. મંગળાબેન તથા સ્વ. રમણલાલ ચંદુલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨/૬/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે સનરાઇઝ પાર્ટી હોલ, સાઈબાબા નગર, બોરીવલી વેસ્ટ રાખેલ છે.

**શ્રી દશા સોરઠીયા વણિક**

બિલખા નિવાસી હાલ બોરીવલી ચંદ્રકાંત તારાચંદ ભુપતાણી (ઉં. વ. ૯૪) શનિવાર, તા. ૩૧-૫-૨૦૨૫ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. તે સ્વ. પદ્માવતીના પતિ. અનિલ તથા સ્વ. ભરત, પન્ના દિનેશ શેઠના પિતાશ્રી. તે છાયા તથા સેજલના સસરા. તે વૈશાલી હિરેન ધાબડીયા, નિશાંત તથા શ્યામના દાદા. તે પ્રિયંકા તથા ક્રિષ્નાના દાદાજી સસરા. તે સ્વ. ગનુભાઈ, સ્વ. પ્રમોદભાઈ, સ્વ. વિનોદભાઈ, સ્વ. અરૂણભાઇ તથા સ્વ. મુક્તાબેન ઉત્તમરામ વખારીયા, સ્વ. મધુકાંતાબેન રમણીક લાલ શેઠ, સ્વ. કુમુદ જમનાદાસ પારેખના ભાઈ. સાદડી પ્રથા બંધ છે.

## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**સાવધાન**

કોઈના કેવાથી કે મળતા નામથી સાવધાન. જામનગરના જાણીતા સુતરીયા મસાલાવાળા. સુપરમાર્કેટમાં આવેલ દુકાન સિવાય અમારી મુંબઈ મુકામે કોઈ દુકાન કે બ્રાંચ નથી. માટે કોઈના કેવાથી કે મળતા નામથી સાવધાન રહેજો. જામનગર સંપર્ક કરો 9825299844. (બી-૧૬૦૨૮)

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૫૯૪૫)

### ૧૪. નોકરી ખાલી છે

■ અમે મૂળજી જેઠા માર્કેટમાં એકબીજાની નજીક બે મેડા શોધી રહ્યા છીએ. અમારી પહેલી પસંદગી ગોવિંદ ચોક અને સાંચા ગલી છે. કૃપા કરીને અમારો સંપક કરો. પ્રતિમા ટેક્સટાઈલ કિરીટ મહેતા 9322139593. (બી-૧૬૦૪૧)

**''મેનેજર જોઈએ''**

**''લાયન્સ કલબ ઓફ ઘાટકોપર ચેરિટી ફંડ તેમના સંચાલિત લાયન્સ કમ્યુનિટી હોલ માટે. યોગ્ય ઉમેદવાર પાસે આપેલ ગુણધર્મો હોવા જોઈએ (કમ્પ્યુટર જ્ઞાન, અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં પ્રવીણતા, ઘાટકોપર નજીક નિવાસ, વયઃ આશરે 50 વર્ષ)''. ''સંપર્કઃ ચેતનભાઈ'' - 9821025036. (૧૫૯૬૨-ઈ)**

REQUIRED CA PASS Freshers part/ full time Churchgate, Whatsup: 7021831500. (B-16029)

REQUIRED CA/ CA PASS Freshers for Office Management Part/Full time. Churchgate, Whatsup: 7021831500. (B-16030)

### ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી (વેસ્ટ), મહાવીર નગર**

**મેટ્રો સ્ટેશન, જૈન દેરાસર, હવેલી નજીક, 2 બેડરૂમ, 650' કાર્પેટ, વેલ ફર્નિશ્ડ પ્રાઈમ લોકેશનમાં વેચવાનો (2.25 CR.) (ઓનર): 9323009875/ 9920400771. (૧૫૯૬૫-એ)**

**NAPEANSEA ROAD**

3 BHK Converted Flat at Om Dariya Mahal fully furnished Vegetarians Family to give on Rent. WhatsUp 7021831500. (B-16034)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૨. જમીન-મિલકત

**મકાન લેવા / વેચવા**

મસ્જીદ બંદર (વેસ્ટ) એરીયા ૨૧૦૦' ખાલી કબ્જો, લેન્ડ સાથે લેવા મળો- મહેશ શાહ- (મો) 9820253026 (ટે) 022-23422261. (એસડીબીજી-૨૬૪૬)

**બોઈસર ઈસ્ટ**

**દહિસર - ચેકનાકાથી ૭૫ કિ.મી. સુર્યા નદી, બરોડા એક્સ. વે, બૂલેટ ટ્રેનથી ૧૦ કિ.મી., ૨૫ ફાર્મ હાઉસની વચ્ચે, ૨ એકર, ફાર્મ હાઉસ વેચાણથી આપવું છે. (૭૦ રાજાપુરી આંબાના વૃક્ષ, ૩ બેડરૂમ હોલ કિચન, ૨૦૦૦ સ્કે. ફીટનો બંગલો, સંપૂર્ણ એમેનિટિસ સાથે, અલગ સર્વન્ટ રૂમ, ૨ બોરવેલ ૨૪ કલાક પાણી, નો પાવરકટ). ફોનઃ ૯૮૨૦૫૪૪૪૦૬. (બ્રોકર આવકાર્ય)* (બી-૧૬૦૩૩)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**TOTAL સમાધાન**

ફોન ઉપર - લવ પ્રોબ્લેમ - લગ્ન વિલંબ - જન્મ કુંડલી - વ્યાપાર - શત્રુ - છુટાછેડા. ડોંબીવલી (વેસ્ટ) - 9892085247. (એસડીબી-૨૬૪૦)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૦૪૦)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## છેલ્લા પાનાનું ચાલુ

### પાલિકાની

જાય તો તેનો અલગ અર્થ કાઢવો નહીં. બંને પક્ષ વચ્ચે યુતી થશે કે નહીં એ તો પક્ષના વરિષ્ઠ નેતાઓ નક્કી કરશે. સ્થાનિક સ્તરે રાજકરણ કેવી રીતે કરવું એટલું જ અમને જ્ઞાન છે એટલે અમે એક થયા હતા.

ઠાકરે પક્ષના જિલ્લાપ્રમુખ દીપેશ મ્હાત્રેએ પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે સ્થાનિક પ્રશ્ન માટે બંને પક્ષના નેતા એક થયા હતા. સાત વર્ષથી પુલનું કામ થયું નથી અને તેને નાગરિકો માટે ખુલ્લો મુકાયો નથી. બંને પક્ષના નેતાઓ સ્થાનિક સમસ્યાને મુદ્દે એક થઈને સત્તાધીશ સામે સમસ્યા રજૂ કરતા હોય અને સાથે સમસ્યા માંડતા હોય એમા કંઈ ખોટું નથી. ઠાકરે ભાઈ એક થાય એવી દરેક કાર્યકર્તાની ઈચ્છા છે અને અમારા નેતાઓ એ ઈચ્છા પૂરી કરશે એવી અમને અપેક્ષા છે અને આગામી સમયમાં મહારાષ્ટ્રમાં અલગ ચિત્ર જોવા મળશે.

### નાશિકમાં થનારા

કહ્યું હતું કે ૧૩ મુખ્ય અખાડાઓના મહંતો સાથે ચર્ચા થઈ હતી, જેમાં તમામ પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. અત્યાર સુધી શું તૈયારીઓ થઈ છે તે બાબતે તેમને માહિતી આપવામાં આવી હતી. અત્યાર સુધી ટેન્ડર કાઢવામાં આવ્યાં છે, તેમાંથી અમુક ટેન્ડર અંતિમ તબક્કામાં છે. બેઠકમાં અખાડાઓની વાત સાંભળવામાં આવી હતી. ગોદાવરીનું પાણી વહેતું રહેવું જોઈ અને સ્વચ્છ રહેવું જોઈએ એ માટે યોજના અમલમાં મૂકવામાં આવવાની છે. સાધુ-સંતોએ કરેલી માગણીને ધ્યાનમાં રાખવામાં આવશે. બેઠકમાં અનેક મુદ્દાઓ પર અખાડાઓ સાથે સહમતી સધાઈ હતી.

આ વખતે કુંભમેળો વધુ સમય ચાલવાનો હોવાથી ભીડ થશે નહીં અને તમામ અખાડાઓના સ્નાનની તારીખ પણ અલગ રાખવામાં આવે એવા પ્રયાસ રહેશે એવું પણ મુખ્ય પ્રધાને કહ્યું હતું. આ દરમ્યાન નાશિકના પાલકપ્રધાન પદની જવાબદારી હજી સુધી કોઈને આપવામાં આવી ન હોવા બાબતે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે પાલકપ્રધાનો તો આવે-જાય હમણા કોઈ ન હોય તો પણ કામ કંઈ અટકયું નથી. જિલ્લામાં ગિરીષ મહાજનને કુંભપ્રધાન તરીકે કામ સોંપવામાં આવ્યું હોઈ તેની સારી રીતે જવાબદારી પાર પાડી રહ્યા છે. દેવેન્દ્ર ફડણવીસે બેઠક બાદ જણાવ્યું હતું કે ચાર હજાર કરોડ રૂપિયાના ટેન્ડર અલગ અલગ કામ માટે બહાર પાડવામાં આવ્યા છે. તેના કામ અંતિમ તબક્કામાં છે. લગભગ બે હજાર કરોડ રૂપિયાના ટેન્ડર કાઢવામાં આવવાના છે. મુખ્યત્વે ગોદાવરી સ્વચ્છ કરવા માટે યોજના તૈયાર કરવામાં આવી છે.

### ૩૧ ઓક્ટોબરથી

**ત્ર્યંબકેશ્વર કુંભમેળા અમૃતસ્નાનની તારીખો -**

૩૧ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ ધ્વજવંદન સાથે કુંભ પર્વ શરૂ થશે.

પહેલું અમૃતસ્નાન - ૨ ઓગસ્ટ ૨૦૨૭

બીજું અમૃતસ્નાન - ૩૧ ઓગસ્ટ ૨૦૨૭

ત્રીજું અમૃતસ્નાન - ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૭

સિંહસ્થ ધ્વજારોહણનો પ્રારંભ

૩૧ ઓક્ટોબર ૨૦૨૬ બપોરે ૧૨:૦૨ વાગ્યે

સ્થળ - રામકુંડ, પંચવટી

ધ્વજ ઉતારવો - પર્વકાલ સમાપ્તિ

સોમવાર, ૨૪ જુલાઈ ૨૦૨૮, બપોરે ૧:૩૬ વાગ્યે

પુષ્કર પર્વ એટલે કે સિંહસ્થ કુંભમેળો સરસ્વતી નદી પર શરૂ થશે; પાંચ લાખથી વધુ ભક્તો આવવાની શક્યતા છે

**અન્ય મહત્ત્વપૂર્ણ દિવસો**

- સાધુગ્રામ ધ્વજવંદન - શનિવાર, ૨૪ જુલાઈ ૨૦૨૭ અખાડા ધ્વજારોહણ, અષાઢ, કૃષ્ણપક્ષ પંચમી
- નગર પ્રદક્ષિણા

ગુરુવાર, ૨૯ જુલાઈ ૨૦૨૭ અષાઢ, કૃષ્ણપક્ષ એકાદશી
- પ્રથમ અમૃતસ્નાન

સોમવાર, ૨ ઓગસ્ટ ૨૦૨૭ અષાઢ, સોમવતી અમાવસ્યા
- મહાકુંભ સ્નાન - બીજું અમૃતસ્નાન

૩૧ ઓગસ્ટ ૨૦૨૭ શ્રાવણ, અમાવસ્યા
- ત્રીજું અમૃતસ્નાન

શનિવાર, ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૭, ભાદરવો, શુદ્ધપક્ષ એકાદશી
- વિશેષ કાર્યક્રમ

ગુરુવાર, ૧૨ ઓગસ્ટ ૨૦૨૭ શ્રાવણ, શુદ્ધપક્ષ એકાદશી

મંગળવાર, ૧૭ ઓગસ્ટ ૨૦૨૭ શ્રાવણ, શુદ્ધપક્ષ પૂર્ણિમા

શનિવાર, ૨૮ ઓગસ્ટ ૨૦૨૭ શ્રાવણ, કૃષ્ણપક્ષ એકાદશી.

### 'દખ્ખન કી રાણી'

ડેક્કન ક્વીન એક ટ્રેન નથી, પરંતુ મુંબઈ અને પુણે વચ્ચે સાંસ્કૃતિક જોડાણનું પ્રતીક બની ગઈ છે. બંને શહેરના લાખો નાગરિકો આ ટ્રેન મારફત પ્રવાસ કરી ચૂક્યા છે.

ડેક્કન ક્વીન એક ટ્રેન નથી, પરંતુ હાલતી ચાલતી મોબાઈલ રેસ્ટોરા પણ છે. આ ઐતિહાસિક ટ્રેનો ભારતીય રેલવેના ઈતિહાસની શાનદાર ધરોહર છે, જે ભવિષ્યમાં પોતાની ગરિમા અને સર્વિસને કારણે પ્રવાસીઓના દિલમાં રાજ કરે છે.

### વાવણી માટે

હાલ સૂકું વાતાવરણ છે. તેથી તાપમાનમાં પણ વધારો થવાની શક્યતા છે. વિદર્ભમાં ૪૦ ડિગ્રી સુધી મહત્તમ તાપમાન રહેવાની શકયતા છે. સુકા હવામાનને કારણે ખેતરમાં વાવણીને ફટકો પડવાની શકયતા છે. રાજ્યના કૃષિ વિભાગે પાકની વાવણી માટે ઉતાવળ કરવી નહીં એવી સલાહ ખેડૂતોને આપી છે.

આ દરમ્યાન હવામાન ખાતાએ મુંબઈ, થાણે અને પાલઘર માટે પહેલીથી ચોથી જૂન સુધી હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.જોકે આગામી ૪૮ કલાક દરમ્યાન રાયગઢ, રત્નાગિરી, સિંધુદુર્ગ જિલ્લામાં મુશળધાર વરસાદની શકયતા છે.

### નાયબ મુખ્ય પ્રધાને

૬૫૯ શસ્ત્ર પરવાના - આર્મ લાઇસન્સ આપવામાં આવ્યા હતા. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે 'હું આ અંગેની માહિતી પુણે પોલીસ વિભાગ પાસેથી મેળવીશ. પોલીસને લાઇસન્સ આપવાનો અને તેને રદ કરવાનો અધિકાર પણ છે. આ લાઇસન્સ ધરાવતા લોકોને ખરેખર તેમની જરૂર છે કે કેમ તેની તપાસ કરવામાં આવશે.'

રાજ્ય સરકારની લાડકી બહિણ યોજના હેઠળ મહિલાઓને કેટલીક શરતોને આધિન માસિક સહાય તરીકે રૂ. ૧૫૦૦ આપવામાં આવે છે. એના વિશે પવારે જણાવ્યું હતું કે હતું કે 'આ યોજના શરૂ કરવામાં આવી ત્યારે તરત જ ચૂંટણીઓ હોવાથી નિરીક્ષણ કરવા માટે પૂરતો સમય ન હતો.

અમે પહેલેથી જ અપીલ કરી હતી કે ફક્ત પાત્ર લોકોએ જ અરજી કરવી.' કેટલાક લાભાર્થીઓની નોંધણીમાં ''ભૂલો'' સ્વીકારતી વખતે, પવારે પુનરોચ્ચાર કર્યો હતો કે વહેંચવામાં આવેલા નાણાં પાછા લેવામાં આવશે નહીં. જોકે, દેવેન્દ્ર ફડણવીસ સરકાર અપાત્ર હોવા છતાં 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ' યોજના હેઠળ લાભ મેળવનારી ૨૬૫૨ મહિલા સરકારી કર્મચારીઓ પાસેથી રૂ.૩.૫૮ કરોડની વસૂલાત કરવાની તૈયારીમાં છે.

### અજિત પવારને

વિધાનસભા સચિવાલયને તે મુજબ પક્ષ જોડાણ રેકોર્ડ અપડેટ કરવાનો નિર્દેશ આપ્યો હતો, એમ આદેશમાં જણાવાયું છે. રાજ્યમંત્રી કેજી કેન્યેએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, એનસીપીના ૭ વિધાનસભ્યોએ વિધાનસભા અધ્યક્ષને તેમનો વિલીનીકરણ પત્ર સુપરત કર્યો હતો જેનો તેમણે નમ્રતાપૂર્વક સ્વીકાર કર્યો છે. આ સાથે, ૧૪મી નાગાલેન્ડ વિધાનસભામાં એનડીપીપીના સભ્યોની સંખ્યા ૨૫ થી વધીને ૩૨ થઈ ગઈ છે.

રાજ્ય સરકારના પ્રવક્તા કેન્યેએ કહ્યું, 'આ વિકાસ અમારા મુખ્ય પ્રધાન અને સરકારના પ્રદર્શનને મજબૂત બનાવશે.' રાજ્યમાં પક્ષ બદલનારા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતાઓ અને ધારાસભ્યોનો ટિપ્પણી માટે સંપર્ક થઈ શક્યો નથી. ૩૨ એનડીપીપી અને ૧૨ ભાજપના વિધાનસભ્યો ઉપરાંત રાજ્ય વિધાનસભામાં પાંચ એનપીપી, એલજેપી (રામવિલાસ), નાગા પીપલ્સ ફ્રન્ટ અને આરપીઆઈ (આઠવલે)ના બે-બે, જેડીયુના એક અને ચાર અપક્ષ છે.

### મે મહિનામાં

જણાવ્યા મુજબ ફક્ત મુંબઈમાં જ નહીં પણ સમગ્ર મહારાષ્ટ્રમાં ૩૧ મે સુધીમાં તેનો વાસ્તવિક વરસાદ કરતા સરેરાશ વધુ ૫૬૦ ટકા વરસાદ પડી ચૂકયો છે. રાજ્યમાં માર્ચથી મે મહિના દરમ્યાન સરેરાશ ૨૬ મિ.મી. જેટલો વરસાદ પડે છે. તેની સામે આ વર્ષે આ સમયગાળામાં સરેરાશ ૧૭૦.૩ મિ.મી. વરસાદ નોંધાયો છે.

### શિવસેના

સરકારના પતન તેમજ ગયા વર્ષે રાજ્યની ચૂંટણીમાં નબળા પ્રદર્શનને પગલે પક્ષની ડામાડોળ રાજકીય અવસ્થા છે એ વાતાવરણમાં ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી પાર્ટી દ્વારા એઆઈ પર મદાર બાંધવામાં આવ્યો છે.

શિવસેના (યુબીટી)ના સાંસદ સભ્ય અનિલ દેસાઈએ પીટીઆઈને જણાવ્યું હતું કે તેઓ એઆઈનો મહત્તમ ઉપયોગ વિશેષ કરીને માહિતીના વિશ્લેષણ માટે કરે છે. ગયા વર્ષે રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં થયેલા ધબડકા બાદ ઉદ્ધવ ઠાકરેના પક્ષને મજબૂતી બક્ષવા એપ્રિલમાં, શિવસેના (યુબીટી)એ નાશિકના એક કાર્યક્રમમાં પક્ષના કાર્યકરોને સંબોધન કરવા માટે બાળ ઠાકરેની શૈલીને મળતો અવાજ ફરી ગુંજી ઊઠે એ માટે એઆઈનો ઉપયોગ કર્યો હતો.

શિવસેના (યુબીટી)એ જણાવ્યા અનુસાર આ ભાષણમાં બાળ ઠાકરે જો આજે હયાત હોત તો તેમણે શું કહ્યું હોત એ રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એઆઈના ભાષણમાં મુખ્યત્વે શાસક ભાજપ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની હરીફ શિવસેનાને ધ્યાનમાં રાખીને પ્રહાર કરવામાં આવ્યા હતા. ભાષણ દરમિયાન બાળ ઠાકરેની શૈલી, એમના અવાજના ઉતાર ચઢાવનો ઉપયોગ કરવાની કોશિશ કરવામાં આવી છે.

શુક્રવારે શિવસેના (યુબીટી)ના સંસદસભ્ય અને પક્ષના મુખપત્રના કાર્યકારી સંપાદક સંજય રાઉતે મરાઠી મીડિયામાં પ્રથમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એન્કર હોવાનો દાવો કરતા 'તેજસ્વી એઆઇ'નું અનાવરણ કર્યું હતું. એઆઇ એન્કર સામનાની યુટ્યૂબ ચેનલ પરના સમાચાર વાંચશે એમ તેમણે કહ્યું હતું.

અનિલ દેસાઈએ એઆઈના ઉપયોગ માટે ઉદ્ધવ ઠાકરેના પુત્ર અને યુવા સેનાના પ્રમુખ આદિત્ય ઠાકરેને શ્રેય આપ્યો હતો. (પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

## મનન

# નામ-રૂપ-અન્ન

હેમંત વાળા
feedback@bombaysamachar.com



માંડુક્ય ઉપનિષદમાં જણાવાયું છે કે 'જે સર્વજ્ઞ છે, જે બધું જાણનાર છે, જેનું જ્ઞાનમય તપ છે, તે બ્રહ્મમાંથી નામ, રૂપ અને અન્ન ઉત્પન્ન થાય છે'. આ એક અદભુત વિધાન છે. બ્રહ્માંડની રચનાનાં મુખ્ય ત્રણ પાસાં અહીં જાણે સરળતા અને સહજથી વ્યક્ત કરવામાં આવ્યાં છે. સંસાર છે એટલે નામ છે, સંસાર છે એટલે રૂપ છે અને સંસાર છે એટલે અન્ન છે. નામ રૂપ અને અન્ન, ત્રણેયનાં અસ્તિત્વને કારણે સંસારનું જે તે સ્વરૂપ સ્થાપિત થયું છે અને જળવાઈ રહ્યું છે.

નામ એટલે ઓળખ. વ્યવહારમાં આપણે જ્યારે કોઈ નામ ઉચ્ચારીએ ત્યારે કોઈ વ્યક્તિની છબી અને તેની સાથે વણાયેલી સંલગ્ન બાબતો ધ્યાનમાં આવતી જાય. સામાન્ય રીતે એમ કહી શકાય કે નામ થકી વ્યક્તિ ઓળખાય. પણ નામનો અર્થ વ્યાપક છે. નામ એટલે એવો શબ્દ કે જેનાથી ભિન્નતા અને સમાનતાના સંદર્ભમાં પણ ઓળખ સ્થાપિત થાય. જ્યારે 'ઐરાવત' કહેવામાં આવે ત્યારે, સમાનતાની દૃષ્ટિએ હાથીની એક આખી પ્રજાતિ અને ભિન્નતા કે વિશેષતાની દૃષ્ટિએ એક ચોક્કસ હાથીની છબી મનમાં અંકિત થાય. જ્યારે કૃષ્ણ કહેવામાં આવે ત્યારે વિષ્ણુના દરેક અવતારની ધર્મની સ્થાપના માટેની સમાન કટિબદ્ધતા યાદ આવે અને સાથે સાથે સુદર્શન ચક્રધારી ઉગ્ર કે વાંસળી વગાડનાર મધુર શ્રીકૃષ્ણની છબી મનમાં ઊભરે.

પશ્ચિમી સંસ્કૃતિમાં કહેવામાં આવે છે કે નામનું કોઈ મહત્ત્વ નથી, પરંતુ આ સાવ જ અર્થહીન માન્યતા છે. નામની સાથે વિવિધ પ્રકારના સમીકરણો જોડાયેલાં હોય છે. નામની સાથે ઘણાં સંદર્ભ સ્થાપિત થયેલાં હોય છે. નામની સાથે કોઈ એક ચોક્કસ વ્યક્તિત્વ, સ્થાન, પ્રસંગ, સાર, પરિસ્થિતિ, પદાર્થ, વિચારધારા, પરિણામ, સમય તથા ઇતિહાસ જોડાયેલો હોય છે. નામને કારણે જે તે બાબતને 'વિશેષતા-પૂર્વક' સમજવું શક્ય બને છે. નામને કારણે સૃષ્ટિનાં દરેક તત્ત્વનું અસ્તિત્વ સરળતાથી ધ્યાનમાં આવે જેને કારણે તેની આસપાસ, તેનાં આધારે તથા તેનાં કારણે સ્થાપિત થયેલી પરિસ્થિતિ સ્પષ્ટતાથી સમજી શકાય. નામ છે એટલે સૃષ્ટિની અને સૃષ્ટિના દરેક વિભાગની ઓળખ શક્ય બને છે. મનમાં ઉદ્‌ભવતો ચોક્કસ ભાવ તથા તેની સાથે સંકળાયેલી સમજ નામને કારણે સરળ બને છે.

રૂપ એટલે જેની સાથે નામ જોડાયેલું છે તેનાં ગુણધર્મો. રૂપ એટલે માત્ર દેખાવ નહીં. આકાર ઉપરાંત રૂપના વ્યાપમાં રંગ, સ્વાદ, પ્રમાણમાપ, બરછટતા, ચિકાસ, સામગ્રી, જોડાણ, વિગતીકરણ જેવી ભૌતિક બાબતોનો સમાવેશ થતો હોય છે. તે ઉપરાંત સરળતા, પવિત્રતા, શુદ્ધિ, નિર્મળતા, નિર્લેપતા જેવી હકારાત્મક તેમજ તેનાથી વિપરીત નકારાત્મક ગુણધર્મોનો સમાવેશ પણ રૂપમાં થાય. રૂપની સાથે ભાવાત્મક બાબતો પણ સંકળાતી હોય છે. એકંદરે રૂપ એટલે નામધારી બાબત સાથે જોડાયેલી ગુણાત્મક ઓળખ. નિત્ય - અખંડ - અનંત - અનાદિ જેવી બાબતો રૂપાત્મક કહેવાય, જે બ્રહ્મ નામ સાથે જોડાયેલી છે.

જો નામનું અસ્તિત્વ ન હોય તો રૂપના અસ્તિત્વની સંભાવના નથી અને જો રૂપનું અસ્તિત્વ ન હોય તો નામના અસ્તિત્વનો કોઈ અર્થ નથી. નામ હોય તો રૂપ હોય જ અને રૂપ હોય તો નામ હોય. નામ એ અસ્તિત્વ છે તો રૂપ એ તે અસ્તિત્વનો પ્રકાર. નામ એ ભૌતિક પરિસ્થિતિનું પરિણામ છે તો રૂપ એ તેની સાથે જોડાયેલી ભાવાત્મક - ગુણાત્મક ઘટના છે. નામ-યુક્ત અસ્તિત્વને સ્પર્શી શકાય જ્યારે રૂપના અસ્તિત્વની અનુભૂતિ થતી હોય છે. એક રીતે એમ પણ કહી શકાય કે નામ એ દ્રષ્ટિનો વિષય છે જ્યારે રૂપ એ મન-બુદ્ધિનાં ક્ષેત્રમાં આકાર લેતી ઘટના છે. એમ પણ કહી શકાય નામ સ્થૂળ ઘટનાનું પરિણામ છે જ્યારે રૂપ એ સૂક્ષ્મ ઘટનાનું સ્વરૂપ છે. નામ અને રૂપ બંને પરસ્પર આધારિત છે. જેમ 'વાણી' અને 'અર્થ' પરસ્પર સંકળાયેલાં હોય તેમ નામ અને રૂપ માટે પણ કહી શકાય. 'ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં'નાં સિદ્ધાંત પ્રમાણે જ્યારે એક જ પરમ તત્ત્વ બ્રહ્મમાંથી ભિન્ન ભિન્ન ઘાટ ઊભાં થાય ત્યારે જ નામ અને રૂપનું અસ્તિત્વ એક સાથે પ્રગટે.

સૃષ્ટિ જડ અને ચેતન, એમ બે પદાર્થની બનેલી છે. એક વિચારધારા પ્રમાણે સૃષ્ટિનું એક પણ તત્ત્વ એવું નથી કે જે શત-પ્રતિશત જડ હોય કે શત-પ્રતિશત ચેતન યુક્ત હોય. વળી એમ પણ કહેવાય છે કે જ્યાં સુધી અસ્તિત્વમાં ચૈતન્યની હાજરી છે ત્યાં સુધી અન્નની આવશ્યકતા છે. આ બંને વિધાનને એક સાથે જોતાં એમ જણાય કે સૃષ્ટિના દરેક તત્ત્વને અન્નની આવશ્યકતા છે. અન્નનો પ્રકાર બદલાઈ શકે, જરૂરિયાતની માત્રા ભિન્ન ભિન્ન હોઈ શકે, ગ્રહણ કરવાનો સમયગાળો અને રીત પણ જુદાં જુદાં હોઈ શકે, પરંતુ અસ્તિત્વ ટકાવી રાખવા માટે એની જરૂરિયાત માટે શંકા ન હોય.

મનુષ્યને, પશુને, પક્ષીને, ઝાડપાનને અન્નની આવશ્યકતા છે. પિતૃઓને, દેવતાઓને, યક્ષ-ગાંધર્વને, ભૂત-પિશાચને પણ અનુરૂપ અન્નની આવશ્યકતા છે. વિસ્તૃત પરિપ્રેક્ષ્યમાં જોતાં એમ પણ જણાશે કે પાંચ મહાભૂતોમાં પણ દરેકને જે તે સ્વરૂપનાં અન્નનો સહારો જરૂરી હોય છે. એક ઉપનિષદમાં બ્રહ્મની ચર્ચાના આરંભમાં એમ જણાવવામાં આવ્યું છે કે અન્ન બ્રહ્મ છે. અન્ન છે એટલે જીવન છે, અન્નને કારણે વંશવેલો આગળ વધી શકે છે, અન્નના અભાવથી અસ્તિત્વ નાશ પામી શકે. સૃષ્ટિમાં અન્નનું હોવું અત્યંત જરૂરી છે, અને તેથી જ જ્યારે સૃષ્ટિની શરૂઆત થઈ તારે નામ અને રૂપના સર્જનની સાથે અન્નનું પણ સર્જન થયું.

નામ એ ઓળખ છે, રૂપ એ ગુણધર્મ છે અને અન્ન એ બંનેનું અસ્તિત્વ ટકી રહે તે માટેની યોજના છે. નામ એ અસ્તિત્વની સાબિતી છે, રૂપ એ અસ્તિત્વની અસર છે જ્યારે અન્ન એ અસ્તિત્વનું કારણ છે. નામ સ્થૂળ વિશ્વનો ભાગ છે, રૂપ સૂક્ષ્મ વિશ્વનો ભાગ છે જ્યારે અન્ન એ કારણ વિશ્વની ઘટના છે. આ ત્રણેયનો સમન્વય એટલે સૃષ્ટિ. ■

# હે પરમાત્મા, તમને જે ગમશે એ મને ફાવશે

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



ગુરુનાનક પાસે એક માણસ આવે છે. પેલાએ આવીને કહ્યું કે નાનકદેવ, મેં તમારા વિશે સાંભળ્યું છે કે તમે કોકને બાળીને ભસ્મ કરી શકો છો અને બીજી જ મિનિટે એને રાખમાંથી બેઠો કરી શકો છો. કોઈ પણ હસ્તી જ્યારે પ્રકાશ ફેલાવે, ત્યારે લોકો બહુ આવી વાતો જોડી કાઢે, લોકોને આવી વસ્તુ બહુ ફાવે. નાનક તો સર્વ સમર્થ છે, શું ન કરી શકે ? પરંતુ એમણે એક સિદ્ધાંત સ્વીકાર્યો છે. પરમાત્મા, તને જે ગમશે એ મને ફાવશે. આ શીખવા જેવું છે. ઈશ્વરનો જે નિર્ણય છે એને સ્વીકારી લેવો. ગોસ્વામીજી કહે છે-

होइहि सोई जो राम रचि राखा ।
को करी तर्क बढावै साखा ।।

રશિયન મહાત્મા ટોલ્સટોયની એક નાની વાર્તા છે. મૃત્યુનો એક દેવતા, પૃથ્વી પર એક સ્ત્રી મરી ગઈ છે, એને લેવા આવે છે. એ સ્ત્રીને ત્રણ બાળકીઓ હતી, એમાંની એક બાળકી, મરી ગયેલી માના પયસ્થાનને દૂધ પીવા ચૂસતી હતી. બાળકીને શું ખબર, મા મરી ગઈ છે. બહુ કરુણ ઘટના આલેખી છે.

મૃત્યુનો દેવ આવે છે, ત્યારે એક બાળકી એની મરેલી માના પયસ્થાનને ચૂસતી હોય છે, બીજી એના પગ પાસે સૂઈ ગઈ છે, ત્રીજી બાજુમાં બેઠી છે. મૃત્યુના દૂતે આ જોયું, એની આંખમાંથી આંસુ પડતાં પડતાં ઠંડીને લીધે બરફ થઈ ગયાં. આંસુ જામી ગયાં. એવી કરુણતા જોઇને મૃત્યુના દેવને લાગ્યું કે આ સ્ત્રીને નહીં લઈ જાઉં. જઈને મૃત્યુના દેવતાને કહ્યું કે આ ત્રણ બાળકીને જુઓ તો તમને પણ કરુણા જાગે,એને મારી નાખવાની શી જરૂર છે ? એની ફરજ બજાવ્યા વગર દૂત પાછો ફરે છે. ભગવાનને કહે છે કે મને વાત બરાબર નથી લગતી. મારો જીવ નથી ચાલતો. એને આયુષ્ય ન આપી શકીએ ?

એ વખતે પરમ દેવ હસે છે અને દેવદૂતને કહે છે કે તારામાં મારા કરતાં વધારે અક્કલ આવી ગઈ? તેં ભૂલ કરી છે. મૃત્યુનો કાનૂન તોડ્યો છે. આનો તારે દંડ ભોગવવો પડશે. મૃત્યુલોકમાં તારે જન્મ લેવો પડશે. અહીં સ્વર્ગમાં તું ત્યારે પાછો આવીશ, જ્યારે તું ત્રણ વખત હસીશ.

મોતનો દેવ ધરતી પર પટકાય છે અને એ જ નગરમાં માનવરૂપે આવે છે. એક ચમાર એને જુએ છે. ચમારને આ વ્યક્તિમાં રસ પડે છે. પૂછે છે કે કોણ છે? કહે હું વિદેશી છું, કોઈ નોકરીમાં રાખે તો રહેવું છે. બહુ વધુ પગાર નહીં આપો તો પણ ચાલશે. ચમારને આ ગમી ગયો, કહ્યું કે મારે ત્યાં આવો. હું બૂટ, ચપ્પલની દુકાન રાખું છું, તમારે એ કામ કરવું પડશે. પેલો કહે કે હા, હું બધું કરીશ, મને બધું આવડે છે. મને તમે લઈ જાઓ.

ચમાર દિવાળીના દિવસો હોઈ, બાળકો માટે મીઠાઈ, કપડાં, કંબલ લઈને આવતો હતો, રસ્તામાં આ મળ્યો, તેથી બધું એને આપી દીધું. ઘરે આવ્યો. પત્નીને વાત કરી. ગુસ્સામાં પત્નીએ કહ્યું કે આ કોને લઈ આવ્યા છો? જેના આવવાથી બાળકોની મીઠાઈ, કંબલ બધું જતું રહ્યું, આ માણસને ઘરમાં લાવી શું કર્યું ? લાભ તો નથી, હાનિ જ થઈ છે.

એ વખતે પેલો દેવદૂત હસ્યો. ચર્મકારે કારણ પૂછ્યું, કહે હમણાં જવાબ નહીં આપું. ત્રણ વાર હું હસું ત્યારે પૂછજે. દેવદૂતને ખબર છે કે આને થોડાં કપડાં, મીઠાઈ ગઈ, એનું દુઃખ છે, મારા આવવાથી કેટલું આના ઘરમાં આવવાનું છે, એ દેખાતું નથી. ટોલ્સટોય કહે કે આપણા જીવનમાં પણ આવું જ બનતું હોય છે. જતું રહે એ દેખાય છે, પણ એની અનંત રચનામાં, જતું હોય છે થોડું અને અનંત આવતું હોય છે એ દેખાતું નથી.

પછી તો બૂટ, ચપ્પલ દેવદૂત બનાવે, પેલા મોચીનાં આખી દુનિયામાં વખાણ થવા માંડ્યા કે આવા અદ્‌ભુત કોઈ બનાવી ન શકે. એમાં રાજાનો પ્રધાન એક દિવસ આવ્યો ને ખૂબ જ ઊંચા પ્રકારનું ચામડું આપી રાજા માટે સરસ બૂટ બનાવવા કહ્યું. ચમારે કહ્યું કે મારી પાસે એવો કારીગર છે કે જે બેનમૂન બૂટ ચપ્પલ બનાવે છે. પ્રધાને કહ્યું જો ભાઈ, ધ્યાન રાખજે, બૂટ જ બનાવજે, સ્લીપર ન બનાવતો. તે વખતે એવો નિયમ હતો કે મરેલા માણસને સ્લીપર પહેરાવાય, જીવતાને બૂટ પહેરાવાય.

થયું એવું કે પેલા દેવદૂતે બૂટને બદલે સ્લીપર બનાવ્યાં. નોકર લેવા આવ્યો, સ્લીપર જોઇને ગુસ્સાથી પેલાને થપાટ મારી, દેવદૂત હસ્યો. નોકર કહે છે કે રાજા મને મૃત્યુદંડ આપશે, બૂટ બનાવવાને બદલે સ્લીપર કેમ બનાવ્યાં, અને તું ઉપરથી હસે છે? કારણ શું? કહે બે વખત થયું છે, ત્રીજી વાર હસું, ત્યારે કારણ પૂછજો. આ વાત થતી હતી, ત્યાં તો રાજાનો એક અન્ય નોકર દોડતો આવ્યો ને કહેવા લાગ્યો કે નહીં, નહીં, બૂટ ન બનાવતા સ્લીપર બનાવજો, હમણાં જ આપણા રાજાનું મૃત્યુ થયું છે. ખબર નથી, ભાવિના ગર્ભમાં શું છુપાયેલું છે? ક્યાં ભરોસા હૈ ઇસ જિંદગીકા !

દેવદૂતને ખબર હતી કે રાજાનું મૃત્યુ થવાનું છે તેથી તેણે સ્લીપર બનાવી હતી. ચર્મકારે માફી માગી, પણ એણે વિચાર્યું કે આ કોઈ જુદી વ્યક્તિ છે. આ વાતને અઠવાડિયું વીત્યું હશે, ત્યાં તો કોઈ ધનવાન અને જાજરમાન સ્ત્રી ત્રણ કન્યાઓને લઈ બૂટ ચપ્પલનો ઓર્ડર આપવા આવી છે. રાજઘરાનામાં એ ત્રણ કન્યાઓના લગ્ન છે. ચર્મકાર અને નોકરને કહી છોકરીઓના બૂટ-ચપ્પલ માગે છે. એ ત્રણ કન્યાઓને નખથી શિખ સુધી જોતાં દેવદૂત ચોંકી જાય છે કે આ તો પેલી જ ત્રણ કન્યાઓ છે, જે મરેલી સ્ત્રીના પયસ્થાનમાં દૂધ પીવાનો પ્રયત્ન કરતી હતી, એક એના પગ પાસે સૂઈ ગઈ હતી અને એકના આંસુડા બરફ થઈ થીજી ગયાં હતાં.

પૂછ્યું પેલી સ્ત્રીને કે આ કન્યાઓ કોણ છે ? બતાવશો ? કહે કે એમની મા મરી ગયેલી, મને રસ્તામાં મળેલી. હું કલાકોમાં ત્યાંથી નીકળી. મારે સંતાન નહોતાં. હું એમને મારે ત્યાં લઈ ગઈ. પાળી, પોષી, મોટી કરી, શિક્ષિત કરી. આજે રાજકુટુંબના ત્રણ નબીરાઓ સાથે એમનાં લગ્ન થાય છે. તે દિવસે દેવદૂત ત્રીજી વાર હસ્યો.

ચર્મકારે પૂછ્યું કે તું કેમ હસ્યો? દેવદૂતે કહ્યું, મારે જવાનો સમય થઈ ગયો. મારી સજા પૂરી થઈ છે. તે દિવસે મેં આ મરતી સ્ત્રીની દયા ખાધી હતી. જો ભગવાને આ વાત સ્વીકારી હોત તો આ બાળકીઓ આજે ભીખ માગતી હોત. પણ કોઈ બીજી સ્ત્રીએ એમને પાળી પોષીને મોટી કરી, તો આજે રાજકુટુંબની વધૂ બનીને જાય છે. બાપ! ઈશ્વર જે કરે છે, એના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની જરૂર નહોતી. પોતાએ અંદર ઊતરવું નહીં. આપણે આપણી જાતને વચ્ચે મૂકીએ છીએ, એમાં જ બધાં ગોટાળા ઊભા કરીએ છીએ.

- સંકલન : જયદેવ માંકડ ■

# હિન્દુઓની નસોમાં લોહીના સ્થાને અધ્યાત્મની ધારા વહે છે


## અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

'બધાં વૃક્ષોમાં હું પીપળો છું.'

આમ, હિન્દુ ધર્મમાં વૃક્ષો પ્રત્યે આદરભાવ વ્યક્ત થાય છે. પીપળાના વૃક્ષ દ્વારા પિતૃતર્પણ થાય છે, તુલસીપૂજા, બિલ્વપૂજા અને પુષ્પો દ્વારા ભગવાનનું પૂજન થાય છે તે સાચું છે, પરંતુ તેટલા પરથી એવું વિધાન તારવામાં આવે કે હિન્દુઓ વૃક્ષપૂજકો છે તો તે વિધાન સત્ય નથી જ.



૫. અનેકદેવવાદ:

હિન્દુ ધર્મ પર એવો એક આક્ષેપ કરવામાં આવે છે કે હિન્દુઓ અનેક દેવદેવીઓને માને છે અને તેમને પૂજે છે. હિન્દુ ધર્મના ઈતિહાસમાં છેલ્લે - છેલ્લે તેંત્રીસ કરોડ દેવની કલ્પના પણ વહેતી થઈ છે ને આ મુદ્દાને અનુલક્ષીને તો વિદેશીઓ અને વિધર્મીઓએ હિન્દુઓની હાંસી જ ઉડાડી છે.

તેંત્રીસ કરોડ દેવની કલ્પનાનું મૂળ 'બૃહદારણ્યકોપનિષદ' તૃતીય અધ્યાયના નવમાં બ્રાહ્મણના એક સંવાદમાં છે. વિદગ્ધ શાકલ્ય યાજ્ઞવલ્ક્યજીને એક પ્રશ્ન પૂછે છે: 'દેવો કેટલા છે?'

યાજ્ઞવલ્ક્યજી જવાબ આપે છે. 'ત્રણ હજાર ત્રણસો ને છ.'

વિદગ્ધ શાકલ્ય ફરી તે જ પ્રશ્ન પૂછે છે. યાજ્ઞવલ્ક્યજી બીજી વાર જવાબ આપે છે: 'તેંત્રીસ'.

વળી ત્રીજી વાર પૂછે છે ત્યારે જવાબ આપે છે: 'છ.'

વળી ચોથી વાર પૂછે છે ત્યારે જવાબ આપે છે: 'ત્રણ.'

પાંચમી વાર પૂછે છે ત્યારે જવાબ આપે છે: 'બે.'

છઠ્ઠી વાર પૂછે છે ત્યારે જવાબ આપે છે: 'દોઢ.'

સાતમી વાર - છેલ્લી વાર પૂછે છે ત્યારે જવાબ આપે છે: 'દેવ એક જ છે.' (પરમાત્મા)

પછી યાજ્ઞવલ્ક્ય સમજાવે છે કે ત્રણ હજાર ત્રણસો છ એ તો દેવોનો મહિમા છે. ખરેખર તો દેવો તેંત્રીસ જ છે: આઠ વસુ, એકાદશ રુદ્ર, બાર આદિત્ય, ઈન્દ્ર ને પ્રજાપતિ આ રીતે છ દેવ, ત્રણ દેવ, બે દેવ, દોઢ દેવ - એ સર્વને ગણાવી છેલ્લે કહે છે કે દેવ એક છે ને તે બ્રહ્મ.

આમ આ સંવાદમાં એક પરમ દેવ - પરમાત્માનું સ્પષ્ટ ને આખરી કથન છે. દેવો તેંત્રીસ છે, તેમ પણ ગણતરી કરીને સ્પષ્ટ રીતે કહેલ છે.

'દેવો તેંત્રીસ છે' - ઉપનિષદના આ વિધાનને જ વધારીને 'દેવો તેંત્રીસ કરોડ છે' તેવું આલંકારિક વિધાન પાછળથી થયું છે. વસ્તુતઃ હિન્દુ ધર્મના કોઈ પણ પ્રમાણભૂત ગ્રંથમાં દેવો તેંત્રીસ કરોડ હોવાનું જણાવેલ નથી, તેથી હિન્દુ ધર્મમાં તેંત્રીસ કરોડ દેવો માનવામાં આવે છે એ વિધાન સાચું નથી. હિન્દુ ધર્મમાં અનેક દેવોમાં માનવામાં આવે છે તે વિધાન સાચું છે. 'ઋગ્વેદ'થી પ્રારંભીને પુરાણો સુધી સર્વત્ર અનેક દેવોનાં સ્વીકાર, વર્ણન અને પ્રાર્થના જોવા મળે છે.

અનેક દેવોનો સ્વીકાર કરવો તેમાં નિંદા કે હાંસી કરવા જેવું કશું જ નથી. હિન્દુ ધર્મમાં અનેક દેવોમાં માનવામાં આવે છે, કારણ કે અનેક દેવો છે. જે છે તેનો સ્વીકાર છે તેમાં શ્રદ્ધા છે. દેવસૃષ્ટિ એક હકીકત છે, દેવોની હસ્તી એક હકીકત છે. દેવો ઉચ્ચતર સૃષ્ટિ છે. માનવજીવન સાથે તેમનો સંબંધ પણ કરે છે. તેમના અસ્તિત્વમાં શ્રદ્ધા, તેમને પ્રાર્થના અને તેમની મદદનો સ્વીકાર - તેમાં કશું ખોટું નથી. જો અનેક દેવોની હસ્તી એ એક સત્ય છે, તેનો સ્વીકાર કરવામાં અજુગતું શું છે? તેમાં ટીકા કરવા જેવું શું છે?

હિન્દુઓ બહુદેવવાદમાં માને છે તેનો અર્થ એમ નથી કે હિન્દુઓ એકેશ્વરવાદમાં માનતા નથી. હિન્દુઓ એક પરમેશ્વરમાં સ્પષ્ટ રીતે, નિશ્ચયાત્મક સ્વરૂપે માને છે. એકમેવ અદ્વિતીય પરમ સત્તા તો હિન્દુ ધર્મની કરોડરજ્જુ છે.

એકેશ્વરવાદ અને બહુદેવવાદ વચ્ચે કોઈ વિરોધ નથી. ઈશ્વર એક છે અને દેવો અનેક છે - આ બંને વિધાનો એકસાથે સાચાં હોઈ શકે છે અને છે જ. જેમ એક રાજા છે અને તેના અનેક અધિકારીઓ છે. - આ બંને વિધાનો વચ્ચે કોઈ વિરોધ નથી, બંને વિધાનો એકસાથે સાચાં છે, તેમ એકેશ્વરવાદ અને બહુદેવવાદ બંને એકસાથે સત્ય છે.

બહુદેવવાદ કે અનેકદેવવાદ તે હિન્દુ ધર્મની ખામી નથી, કારણ કે તે તો સત્યનું દર્શન અને સ્વીકાર છે. તેમાં નિંદા કે ટીકા કરવા જેવું પણ કશું જ નથી.

અન્ય કોઈ પણ દેવના સ્વીકાર વિના માત્ર એક પરમેશ્વરનો જ સ્વીકાર કરવો તેવો ઈસ્લામ-છાપ એકેશ્વરવાદ ખરો એકેશ્વરવાદ નથી, કારણ કે તેમાં દેવોના યથાર્થ અસ્તિત્વનો ઈનકાર કરીને સત્યનો ઈન્કાર કરવામાં આવે છે. અનેક દેવોના સ્વીકાર-સહિત એક પરમાત્માનો સ્વીકાર કરવો તે જ સાચો એકેશ્વરવાદ છે, કારણ કે તેમાં પૂર્ણ સત્યનો સ્વીકાર થયો છે.

કોઈ સિદ્ધાંત પ્રથમ દૃષ્ટિએ કેટલો રૂપાળો લાગે છે તેના પરથી તેની ગુણવત્તા નક્કી કરવાનું વલણ સમતોલ વલણ નથી. જેમાં સત્યના વ્યાપક સ્વરૂપનો સ્વીકાર હોય તે સિદ્ધાંત જ યથાર્થ છે, કારણ કે સિદ્ધાંતનો પાયો સત્ય છે, રૂપાળાપણું નહીં. બધા દેવોનો ઈન્કાર અને એકમાત્ર ઈશ્વરનો સ્વીકાર - આ સિદ્ધાંત બાહ્ય દૃષ્ટિથી રૂપાળો, મનમોહક લાગે છે, પરંતુ તે અધૂરો છે, કારણ કે અનેક દેવોની હસ્તીના સત્યનો તેમાં ઈન્કાર થયો છે, તેથી તે સિદ્ધાંત એકદેશીય એકાંગી અને પરિણામે દુરાગ્રહી પણ બની ગયો છે. જે સિદ્ધાંતમાં સત્યનાં બધાં પાસાંઓનો વ્યાપક સ્વરૂપે સ્વીકાર કરવામાં આવે તે સિદ્ધાંત જ આદર અને ગૌરવને પાત્ર છે. હિન્દુ ધર્મનો અનેકદેવવાદ-સહિતનો એકેશ્વરવાદ આવો વ્યાપક સિદ્ધાંત છે તેથી તે આદર અને ગૌરવને પાત્ર છે, નિંદા કે હાંસીને પાત્ર નથી.

૬. મૂર્તિપૂજા :

મૂર્તિપૂજાને અનુલક્ષીને પણ હિન્દુઓ અને હિન્દુ ધર્મની નિંદા-ટીકા થાય છે. વિરોધીઓ મૂર્તિપૂજાને પૂતળી-પૂજા (idol worship) કહીને તેની હાંસી ઉડાવે છે. ઘણા હિન્દુઓ પણ પૂજાને ટોકરી વગાડવાની ક્રિયા કે નિવૃત્ત દાદા-દાદી માટે સમય પસાર કરવાની પ્રવૃત્તિ ગણીને પૂજા પ્રત્યે મોં મચકોડતા હોય છે. ધર્મના કોઈ પણ વિધિનો ઈન્કાર કરતાં પહેલાં આપણે તેમાં રહેલા સત્યને તપાસવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પૂજા એટલે ભગવાનની મૂર્તિને ભગવત્સ્વરૂપ ગણીને તેમની આરાધનક્રિયા.

પૂજાને માત્ર બાહ્ય દૃષ્ટિથી જોઈએ તો તેમાં ભગવાનની મૂર્તિની અનેકવિધ ઉપચારો ને દ્રવ્યો દ્વારા આરાધના કરવામાં આવે છે, પરંતુ આ સરળ ક્રિયા પાછળ એક મૂલ્યવાન રહસ્ય છુપાયેલું છે.

પૂજામાં વિધિ અને ભાવનો સમન્વય સિદ્ધ થાય તો પૂજા કરતાં-કરતાં ભક્તના ચિત્તમાં મૂર્તિ અને મૂર્તિમાન વચ્ચે અભેદભાવ ઉત્પન્ન થાય છે. અભેદભાવમાંથી અભેદધારણા સિદ્ધ થાય છે. જ્યારે શ્રીકૃષ્ણ અને શ્રીકૃષ્ણની મૂર્તિ વચ્ચે ભક્તના ચિત્તમાં અભેદધારણા સિદ્ધ થાય ત્યારે શ્રીકૃષ્ણની મૂર્તિને જે ધરાવવામાં આવે તે શ્રીકૃષ્ણ સુધી પહોંચે છે. શ્રીકૃષ્ણની મૂર્તિને ધરાવેલ માખણ-મિસરી શ્રીકૃષ્ણ આરોગે છે અને ભક્તને તેના પ્રતિભાવની પ્રતીતિ પણ મળે છે. આવાં અનેક દૃષ્ટાંતો ભક્તોનાં જીવનમાં જોવા મળે છે.

મૂર્તિપૂજાથી પાંચ તત્ત્વો સિદ્ધ થાય છે:

૧. ભક્ત અને ભગવાન વચ્ચે સંબંધનું સ્થાપન,
૨. ચિત્તશુદ્ધિ,
૩. ચિત્તનું સંસ્કારીકરણ,
૪. ભાવપુષ્ટિ,
૫. અંતરંગ સાધન માટેની યોગ્યતાનું નિર્માણ.

મૂર્તિપૂજા તે એક મૂલ્યવાન અને આધ્યાત્મિક રહસ્યથી યુક્ત સાધન છે. તેની અવગણના કરવાની જરૂર નથી અને તેની નિંદા-ટીકા કરવી તે તો ઈસ્લામપરકતા જ છે.

૭. અવતારતત્ત્વ :

અનંત પરમાત્મા શું માનવદેહ ધારણ કરીને પૃથ્વી પર આવે? અનંત પરમાત્મા માનવદેહની નાનકડી દાબડીમાં સમાઈ જાય?

ભગવાન માનવરૂપે પૃથ્વી પર આવે - આ ઘટનાને બુદ્ધિપૂર્વક સમજવી - સમજાવવી તે બહુ કઠિન કાર્ય છે, તેથી હિન્દુ ધર્મના અવતારવાદના સિદ્ધાંત વિશે પણ ઘણી નિંદા-ટીકા થાય છે.

પરમાત્મા નિર્ગુણ-નિરાકાર છે, તેમ જ તે સગુણ-સાકાર પણ છે જ. પ્રભુનું દિવ્ય વ્યક્તિત્વ પણ છે, એટલું જ નહીં, પરંતુ પ્રભુ માનવરૂપે પૃથ્વી પર અવતરે છે અને માનવરૂપે જીવે પણ છે.

અવતારતત્ત્વ એ એક આધ્યાત્મિક સત્ય છે અને માત્ર બુદ્ધિની ભૂમિકાથી તેને સમજી શકાય તેમ નથી. જેમ બુદ્ધિ સમજી-સ્વીકારી શકે તે જ સત્ય અને બીજું નહીં, એમ માનનાર વ્યક્તિ અધ્યાત્મપથ પર એક પગલું માંડી શકે નહીં. શ્રદ્ધા - શ્રદ્ધાની પાંખ પર બેસીને જ અધ્યાત્મપથ પર ગતિ શક્ય છે.

જેમની તૃતીય દૃષ્ટિ ખૂલી ગઈ છે તેવા રહસ્યદ્રષ્ટા પુરુષોએ પારદર્શી દૃષ્ટિએ જોઈને કહ્યું અને 'ગીતા'-'ભાગવત'માં લખ્યું કે હા, અવતારની ઘટના શક્ય છે, અવતાર એક સત્ય છે અને ભગવદવતાર શ્રીકૃષ્ણે પણ કહ્યું છે:

''संभवामि युगे युगे। ''

અવતારનો સિદ્ધાંત હિન્દુ ધર્મની પરમ શોધ છે, ગૌરવપ્રદ લાક્ષણિકતા છે. પૃથ્વી પર આવેલા ભગવાનને ભગવાનરૂપે ઓળખી લેતા તે બહુ મોટી વાત છે, બહુ મોટા ગજાનું કાર્ય છે. આ કાર્ય હિન્દુ માનસ જ કરી શકે, બીજાઓનું તે ગજું નહીં, કારણ કે હિન્દુઓની નસોમાં લોહીના સ્થાને અધ્યાત્મની ધારા વહે છે. અધ્યાત્મ આપણી ગળથૂથીમાં છે.

જેમ પુનર્જન્મ મૂલતઃ ભારતીય શોધ છે, પરંતુ વિશ્વમાં હવે તે સત્યનો સ્વીકાર થઈ રહ્યો છે, તેમ અવતારના સત્યનો સ્વીકાર પણ આજે નહીં તો આવતી કાલે થશે જ. સત્યનો ઈન્કાર ક્યાં સુધી કરી શકાય? (ક્રમશઃ) ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# લોલુપતા પાપને વધારે



ગત અંકમાં સ્વાધ્યાયને દૈવી ગુણોના અંગભૂત બતાવીને હવે ભગવાન કૃષ્ણ અલોલુપતા એટલે કે નિર્લોભને દૈવી ગુણોમાં સ્થાન આપે છે, તે સમજીએ.

નિર્લોભ ગુણને સમજતાં પહેલાં લોભના સ્વરૂપને સમજવું અનિવાર્ય છે. લોભ એ માનવ જીવનનો મોટો શત્રુ છે. લોભથી દુઃખ અને અશાંતિ જ મળે છે. આપણે સૌ લોભથી થતાં ગેરલાભથી અજાણ નથી છતાં પણ એને છોડી નથી શકતા. જુગારી જુગાર રમતાં રમતાં કોઈક એકાદ વખત જીતી જતાં વારંવાર દાવ અજમાવતાં મેળવેલી રકમ તો ગુમાવે છે, પરંતુ હજી જીતવાની લાલસા તે રોકી શકતો નથી અને અંતે ખુવાર થાય છે.

કોઈક સ્વાદિષ્ટ વાનગી જમણવારમાં વધારે પડતી આરોગવા જતા તબિયત કથળે છે. જાણે આવી વાનગી ભવિષ્યમાં મળે કે ન મળે, તો લાવ ખાઇ લઉં એમ વિચારીને પેટની ક્ષમતા જોયા વગર દબાવે જાય અને પછી પરિણામમાં તેની તબિયત નરમ થઈ જાય છે. લોભરૂપી શત્રુની સોબતથી કેટલા ગેરલાભ છે. અરે, કોઈક વખત તો માનવીનું મોત પણ નીવડી શકે. સમજુ માનવી તો લોભવૃત્તિથી દૂર રહેવામાં જ શાણપણ માને છે.

એક બાળવાર્તા આપણે સૌએ સાંભળેલી હશે, એક વાર એક વૃદ્ધવાઘ ભૂખથી વ્યાકુળ થઈ ગયો હતો પણ ઘડપણના લીધે એ શિકાર કરવાને સમર્થ ન હતો ત્યાં જ એણે એક વટેમાર્ગુ પસાર થતાં જોયો પણ પોતે સરોવરની પેલે પાર હોવાથી એણે વિચાર્યું આ વટેમાર્ગુ જો સરોવરની આ પાર આવે તો હું એને મારો કોળિયો બનાવી દઉં પણ એમ સામેથી એ કેવી રીતે આવે? આથી, એણે એક યુક્તિ કરી. પોતાના આગલા શિકારના જે ઘરેણાં પડ્યાં હતાં તેનો ઢગલો કર્યો અને વટેમાર્ગુને ઘરેણાંની લાલચ આપી. વટેમાર્ગુને મનમાં લોભ જાગ્યો પણ સાથે વિચાર પણ આવ્યો કે આ તો હિંસક પ્રાણી કહેવાય આનો કોઈ ભરોસો ન કરાય પણ તેના લોભામણા પ્રસ્તાવ અને મીઠી વાણીમાં પોતાને રોકી ન શક્યો અને વાઘની પાસે જઈને જીવ ગુમાવી બેઠો. આમ, આપણને પણ આ લોભરૂપી શત્રુ કેટલો હિંસક છે તે ખબર છે પણ તેના આવેશમાં આવીને ન કરવાનું કરીએ છીએ. એટલે જ તો પ્રસિદ્ધ કહેવત છે અતિ લોભ તે પાપનું મૂળ.

લોલુપતા એ એવી અગ્નિ છે જે ક્યારેય બૂઝતી નથી. જે માનવી લોલુપતાને જીતે છે, તે જીવનમાં સુખી થાય છે. લોલુપતા તમારું સન્માન અને સંતોષ બંને લૂંટી લે છે. એટલે જ તો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કહ્યું Earth has provide enough to satisfy every man's need but not every man's greed. લોભને થોભ હોય નહીં. લોભી માણસ જેટલું કંઈ આવે તે ભેગું કરી રાખે. હવે ઘણું થયું એવો વિચાર તેને ન આવે. રૂ. ૧૦,૦૦૦ની આવક હોય તે રૂા. ૧,૦૦,૦૦૦ની ઇચ્છા કરે, રૂા. ૧,૦૦,૦૦૦વાળો ૧૦લાખ રૂપિયાની ઇચ્છા કરે.

જોકે લોભી માણસ ક્યારેય શાંતિ ભોગવી શકતો નથી, કારણ કે તે હંમેશાં વધુ મેળવવાના આશયમાં મગ્ન રહે છે. તેની લાલસા તેને એક સ્થળેથી બીજા સ્થળે દોડતી રાખે છે, પણ આત્મસંતોષ કે આનંદ ક્યારેય પ્રાપ્ત થતો નથી. લોભ માનવનું મન અશાંતિથી ભરેલું રાખે છે અને જીવનમાં શાંતિ અને સંતુષ્ટિ માટે અવરોધરૂપ બને છે. તમારી પાસે ગમે તેટલી સુખસુવિધા હશે પણ લોભના કારણે એને તમે સંતોષપૂર્વક ભોગવી નહીં શકો.

સિકંદરે ભારતના સુવર્ણયુગ દરમિયાન થઈ ગયેલા ગ્રીસ અને મેસેડોનિયાના એક વિખ્યાત રાજા હતા, જેણે ગ્રીસથી છેક ભારત સુધી વિજયકૂચ આદરી હતી. જીવનના આખરી સમયે તે યુદ્ધ કરવાનું જૂનૂન ગુમાવી ચૂક્યો હતો, છતાં તેણે પોતાની આદતના કારણે યુદ્ધ કર્યું. તેના મૃત્યુથી થોડીવાર પહેલાં, તેણે તેના લોકોને એક વિચિત્ર સૂચના આપી. તેણે કહ્યું, જ્યારે તેઓ મારી શબપેટી બનાવે, તો તેમાં બંને બાજુ મારા બંને ખાલી હાથ બહાર રહે, માત્ર તમને બધાને એ બતાવવા માટે કે મહાન સિકંદર પણ ખાલી હાથે ગયો હતો.

તો ચાલો આપણે પણ આપણા જીવનમાં લોલુપતાને ઓળખી તેને જીવનમાંથી દૂર કરવા માટે પ્રયત્નશીલ થઈએ. જીવનમાં સમજદારીભર્યું કામ કરવા માટે અંતિમ ક્ષણની રાહ ના જોશો. ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હશે. આ જ સમય છે જ્યારે આપણા હાથમાં બધી વસ્તુઓ છે. જ્યારે આપણું સામર્થ્ય આપણા હાથમાં હોય અને જીવન સારું હોય, ત્યારે આ જ યોગ્ય સમય છે કે જીવનને બને તેટલું ઊંડાણપૂર્વક જોઈ લઈએ; નહીં કે જ્યારે વાત બગડી જાય ત્યારે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# અધ્યાત્મ સાધનાની ચોથી ભૂમિકાએ પહોંચેલા કહળસંગ ભગતની વાણી

*ચોથા પદ તો જીસને પાયા, સાંભળો ઈનકી વાણી રે...*
*નાભિ કમળસે ચલી સૂરતા, ઉલટ દમ લગાયા હૈ,*
*રણઝણ રણઝણ હૂવા રણુંકારા, સૂરત શૂન્યમેં સમાયા હે..*
*- ચોથા પદ તો જીસને પાયા, સાંભળો ઈનકી વાણી રે ...૦*
*જાગૃતિ, સુષુપ્તિ સપનાં જાગે, તુરિયામેં તાર મિલાયા હૈ,*
*એક અખંડ અંતર ધૂન લાગી, સૂરત શૂન્યમેં સમાયા હૈ..*
*- ચોથા પદ તો જીસને પાયા, સાંભળો ઈનકી વાણી રે...૦*
*ચલી સૂરતા ચલી ગગન પર, અનહદ નાદ બજાયા હૈ,*
*ત્રિકુટી મહેલકી ખબર પડી જબ, અનઘટ આસન જમાયા હૈ..*
*- ચોથા પદ તો જીસને પાયા, સાંભળો ઈનકી વાણી રે...૦*
*દેવી દેવતા કછુ નાંહિ, નાહિં ધૂપ કે છાંયા હૈ,*
*ગુરુ પ્રતાપે બોલ્યા કહળસંગ, અલખ નિરંજન દરશાયા હૈ..*
*- ચોથા પદ તો જીસને પાયા, સાંભળો ઈનકી વાણી રે ..૦*

આ વાણી છે ગંગાસતીજીનાં પતિ કહળસંગ ગોહિલની.. સંત કવયિત્રી ગંગાસતીજીની ૧૩૧મી પૂણ્યતિથિ ગત તા.૭/૩/૨૦૨૫, વિ.સં. ૨૦૮૧ ફાગણ સુદ ૮, શુક્રવારના દિવસે સમઢિયાળા મુકામે ઉજવાઈ ગઈ, મા ગંગાસતીજીની ભજનવાણી એટલે કચ્છ- સૌરાષ્ટ્ર- ગુજરાતના લોકભજનિકો અને જનસમુદાયમાં અતિ લોકપ્રિય સંતવાણી. એના વિશે આજ સુધીમાં જુદા જુદા ધંધાદારી પ્રકાશકો દ્વારા અનેક ભજનસંચયો, જીવન અને અર્થઘટન સાથેનાં દસથી વધારે સંપાદનો, એક આખ્યાન, બે એમ્.ફીલ. પદવી અર્થે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા ગુજરાત વિદ્યાપીઠ સમક્ષ રજૂ થયેલા લઘુ શોધનિબંધો, ત્રણ ચરિત્રાત્મક લેખો, ચાર જીવન અને કવન-વિષયક સંશોધનલેખો અને એક સંશોધનપરક જીવનકથા, ગુજરાતી ફિલ્મ, ટીવી સિરિયલ, દસ-બાર ભજન કલાકારો દ્વારા ગવાયેલાં તમામ ભજનોની કેસેટ્સ ,સીડી, ડિવિડી અને યુટ્યૂબ પર ભજનગાન જેવી વિવિધ સાહિત્ય સામગ્રી પ્રાપ્ય છે.

ગંગાસતીનાં તમામ ભજનોનું સંપાદન, સંપૂર્ણ પ્રમાણભૂત જીવનકથા અને વિવેચન આપનારા પુસ્તકોમાં-મજબૂતસિંહજી જાડેજા લિખિત 'શ્રી કહળસંગભગત, શ્રી ગંગાસતી અને શ્રી પાનબાઈની સંશોધનપરક સંક્ષિપ્ત જીવનકથા' મુખ્ય છે. સૌથી પ્રથમ ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં શ્રી ઝવેરચન્દ મેઘાણી દ્વારા 'સોરઠી સંતવાણી' (ઈ.સ.૧૯૪૭)પુસ્તકમાં ગંગાસતીનાં ૪૧ ભજનો અપાયાં છે. જે એમને શ્રી નાનુરામ દૂધરેજિયા પાસેથી પ્રાપ્ત થયેલાં. એ પછી નીપા દવે લિખિત 'ગંગાસતીનાં ભજનો' (ઈ.સ.૧૯૯૧)માં પ્રકાશિત થયું, જેમાં મેઘાણીભાઈ સંપાદિત ૪૧ ઉપરાંત નાનુભાઈની નોટબુકમાંથી ૧૪ ભજનો વધારાનાં પ્રાપ્ત થયાં. એમણે આ પુસ્તકમાં કૂલ ૫૭



ભજનો આપ્યાં છે પણ બે ભજનો પાઠાંતરરૂપે એકનાં એક છે. એટલે કૂલ ૫૫ ભજનો સિવાય પણ લોકભજનિકોના કંઠે ગંગાસતીનાં નામાચરણ સાથે અન્ય બે-પાંચ ભજનો ગવાય છે.

એ પુસ્તકો સિવાય અનસૂયા વી. ગોરેચા (જામનગર) લિખિત 'ગંગાસતીનો યોગ તથા રહસ્યવાદ', ભાણદેવજી લિખિત 'ગંગાસતીનું અધ્યાત્મદર્શન', લક્ષ્મણ ગઢવી(જામનગર) લિખિત 'આત્મજ્ઞાની ગંગાસતીનું દર્શન , સ્વામી બ્રહ્મવેદાન્તજી (ઓશો આશ્રમ, માધવપુર) લિખિત 'વીજળીને ચમકારે', સ્વામી ઓશોચેતન (ભાવનગર) લિખિત 'પદ પામ્યા નિર્વાણ', સ્વામી સચ્ચિદાનંદજી લિખિત' ગંગાસતીની અમરવાણી ', સુનંદા વોરા લિખિત 'ગંગાસતી એમ બોલિયા', ગોવિંદભાઈ ઘામેલિયા લિખિત 'ગંગાસતીના ભજનો', કાલિદાસ મહારાજ લિખિત 'સોરઠી સ્ત્રી સંતો', સસ્તું સાહિત્ય દ્વારા પ્રકાશિત 'સતી ગંગાબાઈ', કવિ કેશવલાલ સાયલાકર લિખિત 'ગંગાસતી આખ્યાન', ધૈર્યચન્દ્ર બુદ્ધ લિખિત 'ગંગાસતી ભજનગંગા', દીપક ત્રિવેદી લિખિત 'ગંગાસતીનાં પદો અને વિષ્ણુસહસ્રનામ', મનોજ રાવલ લિખિત અને સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા હિન્દી ભાષામાં 'ગંગાસતી' અને દેવેન શાહ દ્વારા નવલકથા 'વાગે છે ક્યાંક એક્તારો' નામે નવલકથા જેવાં અનેક સ્વતંત્ર પુસ્તકો ઉપરાંત વિવિધ સામયિકો, સંદર્ભગ્રંથો, કોશગ્રંથો કે વિવેચન ગ્રંથોમાં સંતકવયિત્રી, ગંગાસતીના જીવન અને કવન વિશે આજસુધી લખાતું રહ્યું છે.

ગંગાસતીજીનાં ભજનો વિશે આમ દસથી વધારે વ્યક્તિઓએ પુસ્તકો પ્રકાશિત કરીને દરેક ભજનોના અર્થઘટન આપવાના પ્રયાસો કર્યા છે, પણ દરેકનો અભિગમ જુદોજુદો રહ્યો છે. દરેકે ભજનોના ક્રમમાં પણ પોતાના માર્ગ કે સમજણ પ્રમાણે ફેરફારો કરેલા છે. જે યોગસાધક હોય તે યોગની પરિભાષા મુજબ અર્થઘટન કરે,જે ભક્ત હોય તે ભક્તિની પરિભાષા મુજબ, જે જ્ઞાનમાર્ગી કે વેદાન્તી હોય તે વેદાન્તની પરિભાષા મુજબ તો મહાપંથી-બીજમાર્ગી પાટઉપાસક, કબીરપંથી, જૈન, શૈવ, શાક્ત, બૌદ્ઘ, તાંત્રિક, રજનિશ શિષ્ય.. એમ જુદાજુદા દર્શનોના અનુયાયીઓ દ્વારા પણ વિવિધ પ્રકારનાં અર્થઘટનો થયાં છે..

ગંગાસતીનાં તમામ ભજનો વિશે બેથી અઢી-ત્રણ પાનાંમાં ઉપરના દરેક લેખક આસ્વાદ અને અર્થઘટન આપે છે. ક્યાંક તો જેમાં મૂળ ભજનના ભાવ કે શબ્દો, સાધના કે પરિભાષા સાથે જરાયે સંબંધ ન હોય ત્યાં એવી અપ્રસ્તુત વિગતો પણ ઠાલવે છે. જ્યાં સાધનાત્મક શબ્દાવલી હોય એને છોડીને અર્થઘટન આપવાનું ટાળે છે, કાં શબ્દો જ બદલાવી નાંખી સરળીકરણ કરે છે.

જેમનાં ભજનો કાયમ ગવાય છે એવાં સંત ક્વયિત્રી મા ગંગાસતીનો જન્મ ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકામાં આવેલા રાજપરા ગામે ભાઈજીભી જેસાજી સરવૈયા નામના રાજપૂતને ત્યાં માતા રૂપાળીબાની કુખે ઈ.સ.૧૮૪૬ વિ.સં. ૧૯૦૨માં થયેલો. વિ.સં.૧૯૨૦ ઈ.સ.૧૮૬૪માં ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકામાં ધોળા જંકશનથી નવ કિલોમિટર દૂર આવેલા સમઢિયાળા ગામે વસતા અને મૂળ લાઠીની ગોહિલવંશની ગાદી પરંપરાના રાજપુત ગિરાસદાર, શ્રી કહળસિંહ કલભાજી ગોહિલ સાથે ગંગાબા ઉર્ફે હીરાબાના વિવાહ થયા. એ સમયની દરબારી પરંપરા મુજબ ગંગાબા સાથે રાજપરાથી હમીરભાઈ પઢિયારનાં દીકરી પાનબાઈને બહેનપણી/સેવિકા તરીકે મોકલવામાં આવ્યાં. સંતસાધનાના માર્ગે ચડેલાં આ ભક્ત દંપતિ કહળસિંહજી તથા ગંગાબાને ત્યાં પુત્ર નહોતો. ગંગાબાને સંતાનમાં માત્ર બે દીકરીઓ હતી. મોટાં પુત્રી બાયરાજબા અને નાનાં પુત્રી હીરાબા.

એકાવન વર્ષની વયે કહળસિંહજીએ પોતાના સંતત્વની કસોટીનો પ્રસંગ ઊભો થતાં પોષ સુદી પૂનમ ને રવિવારે તા. ૨૧/૧/૧૮૯૪ના દિવસે દેહત્યાગ કરવાનું નક્કી કર્યું. ગંગાબાએ પણ પતિની સાથે જ પ્રયાણ કરવા તૈયારી કરી, પરંતુ પતિ આજ્ઞાએ પોતાનાં બહેનપણી-શિષ્યા પાનબાઈને આત્મસાધનાના માર્ગે ચડાવવા માટે બાવન દિવસ સુધી ભજનવાણી દ્વારા ઉપદેશ આપ્યો અને સાક્ષાત્કાર સુધી પહોંચાડયા બાદ પોતાના પતિ પાછળ વિક્રમ સંવત૧૯૫૦ના ફાગણ સુદી ૮ ગુરુવાર તારીખ ૧૫ માર્ચ ૧૮૯૪ના દિવસે આત્મત્યાગ ક્યો. ત્રણ દિવસ પછી પાનબાઈએ પણ સમાધિ અવસ્થામાં જ દેહત્યાગ કર્યો. આજે સમઢિયાળા ગામે કહળસિંહજી ભગત, ગંગાસતી અને પાનબાઈની જગ્યા નામે ઓળખાતું આ સંતસ્થાનક કાળુભાર નદીને કાંઠે આવેલું છે, જ્યાં દર પૂર્ણિમાને દિવસે ભજનો થાય છે. અને ટ્રસ્ટ દ્વારા અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. ■

વિશેષ

ભારતી શાહ
feedback@bombay
samachar.com

# કુમારપાળના રોમેરોમમાં શ્રી હેમચંદ્રાચાર્ય વસેલા હતા!

(ગતાંકથી ચાલુ)

જીવદયા પ્રેમીઓએ હર્ષનાદથી જય હો, જય હો. મહારાજા કુમારપાળની જય હો, કુમારપાળ પ્રતિબોધક, શ્રી હેમચંદ્રાચાર્યનો જય હો. પ્રજાએ નાદ બોલાવ્યો.


બારમી સદીની આ વાત છે. કુમારપાળે પોતાનું જીવન ધર્મમય બનાવ્યું હતું. અનેક જિનમંદિરો બંધાવ્યા હતા. જ્ઞાનભંડારોનું નિર્માણ કર્યું હતું. પૂ. ગુરુદેવ શ્રી કલિકાલસર્વજ્ઞની પ્રેરણાથી અને પ્રતિબોધ પામેલા પરમાર્હત રાજાએ ચૌદ વર્ષ રાજ્ય કર્યું અને ચૌદ કરોડની રકમ એ જમાનામાં સાધર્મિકોના ઉદ્ધાર માટે વાપરી. ગુજરાતમાં ઠેરઠેર તમામ જીવો માટે પાણી ગાળીને પીવા મળે તેવી પરબોની વ્યવસ્થા કરી હતી.

તારંગાના પહાડ ઉપર મૂળનાયકદાદા શ્રી અજીતનાથ ભગવાનની ભવ્ય પ્રતિમા સાથે આજે ઐતિહાસિક તીર્થ તરીકે પ્રસિદ્ધ છે, તે કુમારપાળ રાજાએ બંધાવ્યું છે. તેઓએ જ્યાં જ્યાં દેરાસરો બંધાવ્યા ત્યાં ત્યાં હંમેશાં પુષ્પપૂજા થાય તે માટે દરેક દેરાસરોની બાજુમાં એકેક બગીચો પણ બનાવતા. તે બગીચાનાં ફૂલો જિનેશ્વર ભગવાનની પૂજામાં વાપરવામાં આવતા. ભરૂચમાં આવેલું પ્રસિદ્ધ જિનાલય સમડી વિહાર તરીકે જાણીતું અને મૂળનાયક ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિષ્ઠા પણ ગુરુ શ્રી હેમચંદ્રાચાર્ય અને કુમારપાળ રાજાએ કરી છે.

કુમારપાળ મહારાજાએ જ્યાંરે પાટણથી શ્રી શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો ત્યાંરે તેમના સંઘમાં કેટલી સામગ્રી હતી તે જાણીએ,

સંઘમાં સુવર્ણ અને રત્નોથી બનેલાં ૧૮૭૪ (એક હજાર, આઠસો ને ચુમોતેર) ઘડાઓ વિવિધ દ્રવ્યોથી ભરેલાં હતા. તડામાર તૈયારીઓ ચાલતી હતી, તેવા જ સમયે ગુપ્તચરોએ આવીને રાજાને કહ્યુંઃ 'રાજા કર્ણ વિશાળ સૈન્ય સાથે ગુજરાત તરફ ધસી આવે છે, ત્રણ દિવસમાં તે પાટણમાં આવીને આક્રમણ કરવાનો છે.' કુમારપાળને આ તીર્થયાત્રાની ચિંતા થઈ. દોડ્યો જ્ઞાનમંદિરમાં ગુરુદેવ પાસે અને પોતાની મૂંઝવણ રજૂ કરી. સર્વજ્ઞશ્રીએ થોડીકવાર આંખો બંધ કરીને ધ્યાન ધર્યું અને કુમારપાળને ચિંતા છોડી દેવા કહ્યું, 'કુમારપાળ તીર્થયાત્રા સમયસર નીકળે એની તૈયારી કરો. કર્ણની ચિંતા પણ ના કરશો.'

કુમારપાળ વિચારમાં તો પડી ગયા પરંતુ દેવ-ગુરુ પરની અનન્ય શ્રદ્ધા હતી. બીજા દિવસની સવાર પડતા જ મહેલમાં પોતાના ગુપ્તચરે આવી સમાચાર આપ્યા કે, રાજા કર્ણદેવ તડામાર માર્ગે પાટણ તરફ ધસી રહ્યો હતો, તે હાથી ઉપર બેઠેલો હતો. રાત્રી હોવાથી કર્ણને થોડુંક ઊંઘનું ઝોકું આવી ગયું એટલામાં એના ગળાનો મહામૂલો હાર



એક ઝાડની ડાળીમાં ફસાઈ ગયો. હાથી તીવ્ર વેગે ચાલતો હતો તેથી એ ગળાનો હાર કર્ણનો ફાંસો બની ગયો. તેની સાથે રહેલું સૈન્ય હતાશ થઈને આવેલા રસ્તેથી પાછું ફર્યું આ સમાચાર સાંભળી કુમારપાળ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. શ્રી હેમચંદ્રાચાર્યની અથાગ કૃપાનું પરિણામ તે સમજી શક્યો. નિર્ધારિત સમયે શત્રુંજયનો સંઘ નીકળ્યો. કુમારપાળ અને સંઘના એ લોકો ધન્ય બની ગયા. કુમારપાળના રોમે રોમમાં શ્રી હેમચંદ્રાચાર્ય વસેલા હતા. તેમ શ્રી ગુરુદેવનાં મનમાં પણ કુમારપાળ વસેલા હતા.

પરમાહંત રાજાને ૫૪ વર્ષની વયે રાજગાદી પ્રાપ્ત થઈ હતી. અને ૭૦ વર્ષની વયે પહોંચ્યા પછી તેઓ બાર વ્રતધારી શ્રાવક બન્યા હતા. સંઘમાં પણ તેઓ ગુરુદેવની સાથે ઉઘાડા પગે જ ચાલતો, સંથારો પાથરીને શયન કરતા, એકાસણાં કરતા, રસ્તામાં કોઈપણ જીવની વિરાધના ન થાય એનો ખ્યાલ રાખીને, ભાવોલ્લાસ સાથે વિધિવત યાત્રા કરતા. માર્ગની રજ લઈને લલાટે લગાડતા. માર્ગની બંને બાજુએ આવતાં વૃક્ષોને પણ તે હાથ જોડતા, યાત્રિકોને ગરમીથી શાતા પહોંચાડનાર હોવાથી એ વૃક્ષો પણ એમને લાગતા હતા. આ રીતે પરમાર્હત શ્રી કુમારપાળે પોતાની મનોભાવના ઘણી જ સુંદર રીતે વ્યક્ત કર્યાનો તેમનાં ચરિત્ર આદિમાં ઉલ્લેખ છે. પરમાર્હત કહે છે કે, 'ભગવાન! આજ સુધીમાં મેં બહુ ભ્રમણ કર્યું છે. અનંતકાળથી સંસારમાં હું ભ્રમણ કરું છું એ વાતને દૂર રાખું તો પણ, આ જિંદગીમાં ય પચ્ચીસ વર્ષો સુધી મેં એ રીતે ભ્રમણ કર્યું છે, નહોતું ખાવાનું ઠેકાણુ કે નહોતું પીવાનું ઠેકાણું, પરંતુ એ મારું સઘળું જ પરિભ્રમણ નિરર્થક ગયું. હવે તો ભગવાનની આજ્ઞાનુસાર ચાલીને હું તો સિદ્ધગીરીજીની યાત્રા કરીશ. કારણકે મારું આ ભ્રમણ મારાં સંસારભ્રમણને ટાળનારું છે.'

સિદ્ધગીરી ઉપર આવ્યા પછી, તીર્થમાળા પહેરવાનો હક્ક તો તેમનો જ હતો. તેમ છતાં તેનો લાભ જેને લેવો હોય તે લઈ શકે છે અને એ નિમિત્તે દેવદ્રવ્યનો પણ તીર્થને મોટા લાભ થાય. બોલી બોલવાની શરૂઆત તો રાજા અને મંત્રી વચ્ચે થઈ. કેમ કે દાદાના દરબારમાં તો બધાં જ સાધર્મિક હતા. સૌની ભાવના જોવાની હતી.

શ્રી વાગ્ભટ મંત્રી તીર્થમાળા પહેરવાના ચાર લાખ સૌનેયા બોલ્યા, તો કુમારપાળ આઠ લાખ સૌનેયા બોલ્યા, આમ સામ સામે ૩૨ લાખ સૌનેયા કુમારપાળ બોલે છે, ચઢાવો ચાલુ છે યાત્રિકો તો હર્ષાલ્લાસ સાથે અનુમોદના કરે છે.

એ જ સમયે એક જગડ નામનો પુણ્યાત્મા શ્રાવક પણ ત્યાં હાજર છે. શ્રાવકે એવા જૂના કપડાં પહેરેલા છે. કે એની પાસે કાંઈ હોવાનું કોઈ માની શકે નહીં. પણ રાજા તથા મંત્રીના બોલીના ચઢાવા જોઈને જગડ શ્રાવક સવા કરોડ સૌનેયા બોલે છે. રાજા સહિત સૌને તેના પર શંકા જાય છે. ત્યાં તો એક ચીંથરામાં રત્ન સમાન એ પુણ્યાત્મા શ્રાવકે સવા કરોડનું માણેક રજૂ કર્યું. પછી તો લોકોને ખબર પડી કે જગડને તો એના પિતા તરફથી સવા કરોડનું એક એવાં પાંચ માણેકો મળ્યાં હતા. અને પિતાની આજ્ઞાનુસાર શ્રી ગિરનારજી તેમ જ પ્રભાસપાટણમાં જગડે તીર્થમાળા પહેરી હતી. જગડે આ માણેક કુમારપાળનાં ચરણોમાં ધરી દેતા કહ્યુંઃ 'હે નાથ! હું પાપી છું, આપ ઘણા મહાન છો. હજારો જીવોને ધર્મમાં જોડનારા છો. અહિંસાના પાલનહાર છો, દીન દુઃખીઓના બેલી છો. માટે આ માણેક સ્વીકારો આને યોગ્ય આપ જ છો.' એ જ વખતે કુમારપાળે ખજાનચીને હુકમ કરીને બે કિમતી હાર તૈયાર કરાવ્યા અને તેમાં બે માણેકોમાંથી એક એક હારમાં વચ્ચે જડાવ્યું. એક હાર શ્રી સિદ્ધગીરીજી ઉપર અને એક હાર શ્રી ગિરનારજી ઉપર મોકલી આપ્યો. પુણ્યાત્મા જગડ શ્રાવકને પણ યથોચિત માનપૂર્વક કેટલુંક ભેટણું પણ આપ્યું.

પાટણની આવી ગૌરવગાથાના, ગૌરવશાળી, પુણ્યશાળી આત્માઓનાં ચરણોમાં નત મસ્તકે વંદન.

સંકલન-કુમારપાળ ચરિત્રમાંથી ■

ફોકસ

આર.સી. શર્મા
feedback@bombay
samachar.com

# ગંગા દશેરા એટલે સંસ્કૃતિ ને પરંપરાને માણવાનો પર્વ...

ગંગા નદી સૌથી પવિત્ર અને પુણ્ય પ્રદાન કરનારી છે. ગંગા માતા પૂજનીય અને જીવનપ્રદાન કરનારી છે. જેઠ મહિનાની દસમી તિથિએ ગંગા દશેરા ઉજવવામાં આવશે. ભારતીય સંસ્કૃતિમાં ગંગા દશેરાનું માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ આપણી સભ્યતા, ઈતિહાસ અને જીવનદૃષ્ટિનું સાક્ષાત પ્રતીક છે. એનું વર્ણન તો સ્કંદ પુરાણ અને વિષ્ણુ પુરાણમાં મળે છે. એવી માન્યતા છે કે એ દિવસે રાજા ભગીરથે કઠોર તપસ્યા કરીને ભગવાન શિવને પ્રસન્ન કર્યા હતાં અને તેમની જટામાંથી ગંગાને પૃથ્વી ઉપર લઈ આવ્યા હતા. રાજાએ મહારાજા સગરના ૬૦ હજાર પુત્રોનું ગંગા અવતરણ દ્વારા પુણ્ય તર્પણ કર્યું હતું. ગંગાનું અવતરણ જળના રૂપમાં જ નહીં, પરંતુ પાપનાશિની શક્તિ તરીકે થયુ હતું.

એવી માન્યતા છે કે ગંગાનદીમાં દસ પ્રકારના પાપનો નાશ થાય છે. આ દસ પાપ એટલે કામ, ક્રોધ, મદ, મોહ. લોભ, મત્સર, ઈર્ષ્યા, દ્વેષ,



અહંકાર અને આળસ સામેલ છે. એથી ગંગા દશેરા એટલે નદીમાં ડૂબકી લગાવવા પૂરતું જ નથી. એ તો આત્માની શુદ્ધિનો પર્વ છે.

એ દિવસે દાન-પુણ્ય, જપ અને ઉપવાસ કરવામાં આવે છે. હરિદ્વાર, ઋષિકેશ, પ્રયાગરાજ, વારાણસી અને ગઢમુક્તેશ્વરમાં કરોડો શ્રદ્ધાળુઓ એકઠા થાય છે અને પાવન નદીમાં આસ્થાની ડૂબકી લગાવે છે. ગંગાના આચમનથી જન્મોનાં પાપોનું શમન કરે છે.

ગંગા દશેરામાં ધાર્મિક અનુષ્ઠાનની સાથે જ અનેક પ્રકારના સાંસ્કૃતિક મેળા ગંગા કિનારે યોજવામાં આવે છે. આ મેળામાં આપણી પરંપરા અને સંસ્કૃતિના દર્શન થાય છે.

આપણા પંચતત્ત્વો જળ, અગ્નિ, વાયુ, આકાશ અને ધરતીમાં પાણીને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે. એથી જ કહેવાય છે કે 'જળ છે તો જીવન છે.'


ગંગા માત્ર નદી નથી, પરંતુ આપણી ચેતનાની ધારા છે. ભારતમાં જે પણ સંસ્કૃતિઓ અસ્તિત્વમાં આવી છે એ બધી ગંગાનદીના કિનારે વિકાસ પામી છે. ઋગ્વેદથી માંડીને ગોસ્વામી તુલસીદાસના રામચરિત માનસની રચના પણ ગંગાનદીના કિનારે થઈ હતી. તમામ આધ્યાત્મિક ગ્રંથોમાં ગંગાનું વર્ણન શ્રદ્ધા, ભક્તિ અને આત્મિક પવિત્રતાનાં રૂપમાં થયું છે.

એથી જ કહેવાયું છે કે ગંગા દશેરા એ કોઈ ધાર્મિક અનુષ્ઠાન નહીં, પરંતુ જીવન સંસ્કૃતિનો વિસ્તાર છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# વૈવસ્વત મન્વંતરના સપ્તર્ષિ



હાલના સપ્તમ વૈવસ્વત મન્વંતરમાં સપ્ત ઋષિઓની ઓળખ જુદા જુદા પુરાણો અનુસાર બદલાતી રહી છે, પરંતુ કેટલાક મુખ્ય ગ્રંથોમાં નીચે આપેલાં ઋષિઓનાં ઉલ્લેખ મુખ્યત્વે થયો છે તે આ મુજબ છે. કશ્યપ, અત્રિ, વશિષ્ઠ, ગૌતમ, તથા જમદગ્નિ. મોટાભાગના સંદર્ભમાં આ પાંચ ઋષિઓનો ઉલ્લેખ છે. ઉપરાંત વિશ્વામિત્ર, ભારદ્વાજ, ભૃગુ તથા અંગિરસમાંથી બે ઋષિઓનો ઉલ્લેખ જોવાં મળે છે. વેદ, પુરાણ, મહાભારત તથા રામાયણ જેવાં ગ્રંથોમાં આ બધાં જ ઋષિનો ઉલ્લેખ છે.

મહાન તપસ્વી, બ્રહ્માજીના માનસપુત્ર મરીચિ ઋષિના પુત્ર, એક પ્રજાપતિ, દેવો, દાનવો, મનુષ્ય અને પ્રાણીઓના પિતૃ, સકારાત્મક અને નકારાત્મક શક્તિઓ બંનેથી પરે, સૃષ્ટિને ધર્મનો માર્ગ નિર્દેશિત કરનાર કશ્યપ ઋષિનું સનાતન સંસ્કૃતિમાં આગવું મહત્ત્વ છે. જે વ્યક્તિને પોતાનાં ગોત્રની જાણ ન હોય તે વ્યક્તિ પોતાના ગોત્ર તરીકે કશ્યપનો ઉલ્લેખ કરી શકે છે. આ બાબત કશ્યપ ઋષિનું સમાજમાં પ્રભુત્વ કેટલું છે તે જણાવે છે. આદિત્યોની માતા અદિતિ, દૈત્યોની માતા દિતિ, દાનવોની માતા દનુ, ગંધર્વ અને યક્ષોની માતા વનિ, પવિત્ર સર્પોની માતા સુરસા, નાગવંશની માતા કદ્રુ, ગરુડ તથા અન્ય પક્ષીઓની માતા તમ્રા, તથા વિવિધ પ્રજાઓની માતા અનલા, આ બધી જ કશ્યપ ઋષિની ધર્મ પત્નીઓ હતી.

બ્રહ્માજીના માનસ પુત્ર, મહાસતી પતિવ્રતા અનસુયાના સ્વામી, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો સંયુક્ત અવતાર ભગવાન દત્તાત્રેય દુર્વાસા તથા ચંદ્રના પિતા, યજ્ઞ અને આધ્યાત્મિક શિક્ષણના પ્રખર પ્રચારક એવા પરમ ઋષિ અત્રિનું પણ સનાતનની સંસ્કૃતિમાં મહત્વનું સ્થાન છે. રાજા રામચંદ્રજીના કુલગુરુ, ઋગ્વેદના કેટલાક સૂક્તો તથા વશિષ્ઠ સંહિતાના કૃતિકાર, યોગવાશિષ્ઠ થકી સૃષ્ટિના સમીકરણો ઉજાગર કરનાર, આદિત્ય હૃદય સ્તોત્રના પ્રેરક, કામધેનુનું સાનિધ્ય પામનાર, જેમના વંશમાં મહાભારતના રચયિતા વેદ વ્યાસનો જન્મ થયો હતો તેવા શક્તિ ઋષિના પિતા, જ્ઞાન - શાંતિ - સત્ય - ધર્મના પ્રતિક અને શ્રી રામચંદ્રના આધ્યાત્મિક પથદર્શક પરમ ઋષિ વશિષ્ઠની ગણના પણ સપ્તર્ષિમાં થાય છે.

ગૌતમ પરંપરાનાં સ્થાપક, સતી અહલ્યાના સ્વામી, અન્ય સપ્તર્ષિની માફક પૂર્ણ જ્ઞાની તેમજ નિષ્કલંક, ગૌતમ ધર્મસૂત્રના રચયિતા, ધર્મ સાથે સંકળાયેલ નિયમ અને નૈતિકતાનો પરસ્પનો સંબંધ સમજાવનાર, કૃપાચાર્ય તેમ જ દ્રોણાચાર્યના પૂર્વજ, આશ્રમ આધારિત શિક્ષણ વ્યવસ્થાના પ્રખર હિમાયતી, જીવનભર બ્રહ્મચર્ય, ત્યાગ, યજ્ઞ તેમજ ધાર્મિક પરંપરાનું અખંડ પાલન કરનાર, તથા આધ્યાત્મિક વારસાને જીવંત રાખવા સતત પ્રયત્નશીલ રહેનાર ગૌતમ ઋષિનું સ્થાન સનાતની સંસ્કૃતિમાં સન્માનનીય તેમ જ અનેરું છે.

વિષ્ણુ ભગવાનના દસ અવતારમાં જેની ગણના થાય છે તેવા શ્રી પરશુરામના પિતા, સતી રેણુકા દેવીના સ્વામી, અત્યંત શાંત તથા તેજસ્વી પ્રતિભાવાન, શૈક્ષણિક આશ્રમ વ્યવસ્થાના પ્રસારક, યજ્ઞક્રિયા અને બ્રહ્મચર્યના હિમાયતી, અગ્નિહોત્ર વ્યવસ્થાના પ્રચારક, અથર્વવેદ સંબંધિત કેટલીક બાબતો સાથે સંકળાયેલ તથા તપસ્યાને જીવનમાં ખાસ સ્થાન આપનાર વૈદિક કાળના ભૃગુવંશી પરમ ઋષિ જમદગ્નિ પણ સપ્તર્ષિમાં સ્થાન પામે છે.

રાજકુળમાં રાજકુંવર તરીકે જન્મ લેનાર, રાજર્ષિથી મહર્ષિથી બ્રહ્મર્ષિનું સ્થાન પ્રાપ્ત કરનાર, પ્રખર તેજસ્વી, ઋષિ વશિષ્ઠ સાથે ચોક્કસ પ્રકારનો દ્વેષ હોવાને કારણે સિદ્ધિના માર્ગે પ્રયાણ કરનાર, સાધનામાં ઉપવાસ, ધર્મ, ચિંતન, યોગ તપસ્યા જેવી બાબતોનું મહત્ત્વ પુનઃસ્થાપિત કરનાર, ગાયત્રી મંત્રના દ્રષ્ટા, ભગવાન શ્રીરામને ચોક્કસ પ્રકારનાં શસ્ત્ર અને તેને સંલગ્ન મંત્રનું શિક્ષણ આપનાર, ત્રિશંકુ માટે અલગ સ્વર્ગની રચના કરનાર, રાજવીઓની ધર્મનિષ્ઠા તેમજ સત્યનિષ્ઠાની પરીક્ષા કરવા તત્પર રહેનાર, શ્રીરામ અને માતા સીતાના લગ્ન માટેના નિમિત્ત સમાન પરમ ઋષિ વિશ્વામિત્રને પણ કેટલાક સંદર્ભમાં સપ્તર્ષિમાં સ્થાન મળ્યું છે.

દાર્શનિક પરંપરામાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરનાર, જ્યોતિષ શાસ્ત્રના પ્રખર અભ્યાસુ, ભૃગુ સંહિતાના રચયિતા, બ્રહ્માના માનસપુત્ર, લોકાચાર માટે ભગવાન વિષ્ણુની પણ પરીક્ષા લેનાર, રાજવંશ તથા બ્રાહ્મણ સમાજમાં ફેલાયેલ ભૃગુવંશના સ્થાપક, આધ્યાત્મ યુક્ત જ્ઞાનના ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન કરનાર મહર્ષિ ભૃગુને પણ સનાતની સંસ્કૃતિના કેટલાક સંદર્ભ ગ્રંથોમાં સપ્તર્ષિમાં સ્થાન અપાયું છે.

બ્રહ્માજીના માનસ પુત્ર તરીકે સૃષ્ટિને શરૂઆતમાં ગતિ આપનાર, સૃષ્ટિનાં દરેક જીવને મુક્તિ માટે ઉપદેશક બની માર્ગદર્શન આપનાર, પવિત્ર અગ્નિ પવિત્ર વિદ્યા તથા પવિત્ર તપસ્યાના પવિત્ર પ્રતીક તરીકે સ્થાપિત, વેદ મંત્રોનું સંચાલન કરવા સમર્થ શિષ્યગણની પરંપરા સ્થાપિત કરનાર, સુરુચી નામની પત્ની થકી પિતૃવંશ આગળ ધપાવનાર, દેવગુરુ તરીકે વિખ્યાત બ્રહ્મર્ષિ બૃહસ્પતિના પિતા, વિજ્ઞાન અને ધર્મનો સમન્વય સમજનાર અને સમજાવનાર, ક્રિયાકાંડમાં અગ્નિના પ્રભાવને સ્પષ્ટ કરનાર અંગિરસ ઋષિ પ્રાચીન સનાતની સંસ્કૃતિના એક મહાન આધાર સમાન પરમ ઋષિ હતાં. અત્રિ ઋષિના પુત્ર, પ્રખર વિદ્વાન, ગૌતમ ગોત્રનાં વંશજ અને ભારદ્વાજ ગોત્રના પ્રારંભક, ધર્મશાસ્ત્ર સાથે આયુર્વેદ, ન્યાયશાસ્ત્ર, યજ્ઞવિધિ તેમજ વૈદિક જ્ઞાનમાં પારંગત, દ્રોણાચાર્યના પિતા, ભારદ્વાજ સંહિતા અને યાન-શાસ્ત્રના રચયિતા મહાન ઋષિ ભારદ્વાજનુ પણ સનાતનની સંસ્કૃતિમાં શ્રદ્ધાયુક્ત સ્થાન છે.

બ્રહ્માંડની વાસ્તવિકતા સમજનાર, સૃષ્ટિની શરૂઆતથી અંત સુધીના પ્રત્યેક સમીકરણને આત્મસાત કરનાર, ધર્મ અને આધ્યાત્મ વચ્ચેની સુસંગતતાની અનુભૂતિ કરનાર, સત્ય અને સામાજિક નૈતિકતાનું મહત્ત્વ સમજાવનાર, સૃષ્ટિની વ્યવસ્થાને સિદ્ધાંતમાં વ્યક્ત કરવા માટે સફળ અને સાર્થક પ્રયત્ન કરનાર, સમગ્ર બ્રહ્માંડને પામી શકનાર અને સર્વત્ર સદા કાળ સમગ્રનું શુભ ઈચ્છનાર આ મહાન પરમ ઋષિઓ સનાતનની સંસ્કૃતિના આધાર સમાન છે - જેની અહીં આ સંખ્યા 'નવ'ની છે.

અહીં નાનકડો પ્રશ્ન એ થાય કે, આ સંખ્યા સાત સુધી જ સીમિત રાખવાનું કારણ શું. બધાં જ સંદર્ભ ગ્રંથો જોતાં એમ જણાય કે આ મન્વંતરમાં કુલ નવ મહર્ષિ છે. આ બધાનો સમાવેશ કરી સપ્તર્ષિને સ્થાને નવ-મહર્ષિ કેમ ન હોઈ શકે.

આના જવાબની સંભાવના આ રીતની હોઈ શકે. બની શકે કે કુંડલીનીમાં સાત ચક્ર છે અને આમાંના કોઈ એક ચક્રમાં જે તે ઋષિએ પારંગતતા સિદ્ધ કરી હોય. કોઈ એક ચક્રમાં જો બે ઋષિઓએ પારંગતતા પ્રાપ્ત કરી હોય તો તે બેમાંથી એકનો ઉલ્લેખ જ જરૂરી બને.

બીજી શક્યતા એ છે કે જે ગ્રહો સૃષ્ટિના સમીકરણમાં અસર કરવા સમર્થ છે તેની સંખ્યા સાત છે. આ અસરની શુભતા પ્રખર કરવા અને તેની અશુદ્ધતા ક્ષીણ કરવાં સાત પ્રકારની ક્ષમતા જરૂરી બને. બની શકે કે કોઈ બે મહર્ષિએ એક જ ગ્રહના સંદર્ભમાં આ પ્રમાણેની ક્ષમતા કેળવી હોય. આવાં સંજોગોમાં બેમાંથી એકનો સમાવેશ શક્ય બને. કહેવાય છે કે મહાદેવ શિવજીએ શરૂઆતમાં અધ્યાત્મજ્ઞાન સાત ઋષિઓને આપેલું. આ ઋષિઓએ જે તે પરંપરા આગળ વધારી હતી. કોઈ એક પરંપરાનાં પ્રારંભિક ઋષિ કરતાં તે પરંપરા આગળ વધારનારે વધુ નોંધપાત્ર ભૂમિકા ભજવી હોય. તેવા સંજોગોમાં પણ બેમાંથી એકનો સમાવેશ જ જરૂરી રહે. એક ધારણા પ્રમાણે સમગ્ર અસ્તિત્વની આધ્યાત્મ ચેતના સાત સ્વરૂપે આકાર લેવાં સમર્થ છે. આ સંદર્ભમાં પણ સપ્તર્ષિની ભાવના જ માન્ય રહે.

આ મારા 'મર્યાદિત' ચિંતનનું પરિણામ છે. કદાચ વાસ્તવિકતા આનાથી વધુ કે આનાથી ભિન્ન પણ હોઈ શકે. ક્યાંક તો શરૂઆત કરવી જરૂરી છે. લાંબા ચિંતન પછી આટલી સંભાવના મનમાં આવી. જો અહીં કંઈક શરતચૂક રહી હોય તો ક્ષમા-યાચના. પરંતુ એ વાત તો સમજવી જરૂરી છે કે યુવાન પેઢીને કેટલીક વાતો જણાવવા માટે તર્ક જરૂરી છે. એમના મનમાં આવો પ્રશ્ન ઉભો થાય ત્યારે શો જવાબ આપવો તે વિચારવું તો પડે જ. અહીં આ માટેનો નિર્દોષ પ્રયત્ન છે. ■

---

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનું તપ ને તેજ

# ભવસાગરમાંથી ડૂબતા ઉગારનારા શ્રીહરિ છે, અન્યથા ક્યાંય વહેણમાં તણાઈ ગયા હોત...

બીજું એક પદ પણ ખરું ચરિત્રાત્મક જણાયું છે.

**અવિચલ આશરો અબ પાયો હો.**
**ગોલોકપતિ વાસુદેવ કે, ચરણ-શરણ જબ આયો હો... અવિચલ...૧**
**ભટકત બહુ ફિર્યો ભવસાગર, સ્થિર હોઈ કઉં ન સ્થિરાયો...**
**હરિપદ વિમુખ તપત ત્રિવિધમેં, તિંહુ ફિરિ ફિરિ પછતાયો હેક..અવિચલ...૨**
**ભઈ કૃપા સંતનકી પૂરણ, હરિ ચરણે ચિત લાયો,**
**પ્રેમાનંદ ભયો-કૃતારથ, ગોવિંદ ગોવિંદ ગાયો હો... અવિચલ...૩**

પોતાનો રઝળાટ - રખડપટ્ટી અને ભટકી-ભટકીને અંતે સંતની કૃપાના ફળ પ્રસાદરૂપે હરિની પ્રાપ્તિની અનુભૂતિ એક ગરબી પદમાં અભિવ્યક્ત થઈ છે.


**'જાઉં ધર્મકુંવરને વારણે રે લોલ**
**ભવ બૂડતાં ઝાલી મારી બાહ્ય અલબેલે...૧**
**બાહ્ય ઝાલી તાણી લીધી બારણે રે લોલ,**
**નહીં તો વહીને જતા ક્યાંની ક્યાંય અલબેલે. ૨'**

ગરબીમાં પોતાને ભવસાગરમાંથી ડૂબતા ઉગારનારા શ્રીહરિ છે અન્યથા ક્યાંય વહેણમાં તણાઈ જવાનું - વહી જવાનું બન્યુ હોત. આવી આત્મકથનાત્મક અનુભૂતિને અર્થપૂર્ણ રીતે અહીં અભિવ્યક્તિ અર્પી છે : પ્રેમાનંદ સ્વામીની જીવનલક્ષી વિગતો ચરિત્રાત્મક આલેખન સંદર્ભે વિવિધ વિદ્વાનો-અભ્યાસીઓએ દર્શાવેલી તેના પરિચય પછી હવે એમના સર્જનાત્મક પદ સાહિત્યનો પરિચય મેળવીએ.

॥૨॥

***પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીકૃત સાહિત્યપ્રવાહ***

પંદર વર્ષ ભગવાન સ્વામિનારાયણના સહવાસના અને બીજા પંદર વર્ષે એમનાં ભાવજગતના અતીતમાં રમમાણ રહેલા પ્રેમાનંદ પ્રેમસખીએ સાહિત્યનું વિપુલ સર્જન કર્યું છે. કેન્દ્રમાં 'શ્રીમદ્ ભાગવત પુરાણ' અને કૃષ્ણ પુરુષોત્તમ તથા પૂર્ણપુરુષોત્તમ પ્રગટ સ્વરૂપ શ્રીહરિ અને સંપ્રદાયમાં પ્રચલિત-પરંપરિત પ્રસંગોને અનુલક્ષીને પ્રેમાનંદ સ્વામીએ સાહિત્યનું સર્જન કર્યું છે.



પ્રથમ 'નીજબોધાનંદ' અને પછીથી શ્રીહરિએ જ 'પ્રેમાનંદ' સ્વામી નામકરણ અને પછી ગોપીભાવથી અનુરક્ત ભાવસભર સર્જનાત્મક ઉન્મેષને કારણે 'પ્રેમસખી' એવા નામકરણ કરેલા. આ રીતે વિવિધ પ્રકારના ત્રણ નામકરણ શ્રીહરિએ માત્ર પ્રેમાનંદ સ્વામીના જ કર્યા છે. આમ તો બ્રહ્માનંદના બે નામકરણ, પણ પ્રચલિત તો 'બ્રહ્માનંદ' જ.

'પ્રેમસખી'નું સાહિત્ય ખરા અર્થમાં શ્રીહરિની કૃપાપ્રસાદી જ. સંગીતના વાદનના તાલ, રાગ, શાસ્ત્રીય રાગની જાણકારીને કારણે, બંદિશ-સ્વરરચના ચિત્તમાં પ્રગટે અને એના પ્રવાહમાં, ઢાળમાં લયાન્વિત પદાવલિ-પદનું પ્રાગટ્ય થાય. એક પદમાં પ્રેમસખીનો ભાવ પૂર્ણપણે વ્યક્ત થયો ન હોય એટલે એવા ભાવની બીજી, ત્રીજી અને ચોથી એમ ચાર પદની ચોસર, આઠ-દશ વીશ પદની પદમાળાથી એમનું ભાવ અનુભૂતિજગત હૃદયસ્પર્શી અભિવ્યક્તિ પામ્યું જણાય છે. સતત સર્જતરત રહ્યા અને વિપુલ પદરાશીનું સર્જન કર્યું. સુદીર્ઘ સમય પટના પ્રવાહમાં સર્જનરત રહ્યા, છતાં ક્યાંય પુનરાવર્તન, અનુવર્તન અનુભવાતું નથી, પરંતુ ભાવાનુભૂતિનું અનુરણન પડઘાય છે અવશ્ય. એમાં એકત્વ અને એકાત્મભાવ ભંડારાયેલો હોઈને ભાવના પૂરના પ્રવાહમાં ભાવક તણાઈને તલ્લીન બનીને તદ્રૂપ બની રહે છે. પ્રેમસખી પ્રેમાનંદની સાહિત્યસર્જન પ્રતિભાનો એ તેજોપૂંજ માત્ર સાંપ્રદાયિક જ નહીં પણ મધ્યકાલીન ગુજરાતી ભક્તિસાહિત્ય પરંપરામાં રસધોધ છે. પ્રેમાનંદ બંસીબોલના કવિ દયારામનાં સમકાલીન હોઈને એનો બહુ મોટો પ્રભાવ અને પ્રવાહ પ્રેમાનંદ પાસે, પણ ગરબી તથા ગરબા સ્વરૂપમાં, ધ્યાનાર્હ બની રહે એવું સાહિત્યસ્વરૂપ-પ્રકારનું પ્રદાન કરાવે છે.

પ્રેમસખી પ્રેમાનંદનું ભક્તિસાહિત્ય પ્રેમલક્ષણા ભક્તિ ઉપરાંત જ્ઞાનમાર્ગી ધારાથી પણ આવૃત્ત હોઈ એમની આગવી કવિ પ્રતિભા આવા કારણે વિપુલતામાં વૈવિધ્યને પ્રગટાવે છે. આથી મને એમની પ્રતિભા પદ માધ્યમે શ્રીહરિની સેવાભાવના - ભક્તિભાવના સ્વર અને સૂરને તારસ્વરે ઉદ્ઘાટિત કરતી જણાઈ છે.

એમનું પદ્યસાહિત્ય આગવા અનોખા ભાવ વિષયસામગ્રી તરીકે ધારણ કરે છે. એ ભક્તિમૂલક સાહિત્યિક સંકલ્પનાને તોષતું હોઈને એને આધારે મેં પ્રેમસખી પ્રેમાનંદના વાઙ્મયને પાંચ વિભાગમાં વર્ગીકૃત કરીને એનો અભ્યાસ અને આસ્વાદમૂલક અવબોધ કરાવવાનો ઉપક્રમ અહીં જાળવ્યો છે.

પ્રેમસખીએ 'શ્રીમદ્ ભાગવત્' પુરાણને સંદર્ભે કેટલીક વિશિષ્ટ આકારની-સ્વરૂપની કૃતિમાં રચી છે એને મેં (૧) પૌરાણિક વિષયસામગ્રીમૂલક સાહિત્ય તરીકેના વિભાગમાં તપાસેલ છે. બીજો વિભાગ (૨) પૂર્વકાલીન અને તત્કાલીન વિષયસામગ્રીમૂલક સાહિત્યનો છે. પ્રેમાનંદની સામે નિરંતર ભાગવતની પૂર્વકાલીન અને વર્તમાનની શ્રીમદ્ ભાગવતતૂલ્ય ભગવાન સ્વામિનારાયણની તત્કાલીન વિષય શૃંખલા ષ્ટિ સમક્ષ રહેતી હોઈને એનું ગાન કરતી કૃતિઓ માટે મેં આવું ઉચિત શીર્ષક આસ્વાદલક્ષી અભ્યાસમાં પ્રયોજ્યું છે. એ જ રીતે ભાગવતકેન્દ્રી પૂર્વકાલીન પ્રસંગશૃંખલા તથા વર્તમાન ભગવાન સ્વામિનારાયણ કેન્દ્રી તત્કાલીન પ્રસંગશૃંખલાની વિગતોને આલેખતી ત્રીજા પ્રકારની વર્ગીકૃત કૃતિઓ માટે (૩) પૂર્વકાલીન અને તત્કાલીન પ્રસંગસામગ્રીમૂલક રચનાઓ શીર્ષક પ્રયોજેલ છે. ચોથા વિભાગની કૃતિઓ માટે (૪) સંપ્રદાયની વિષયસામગ્રીમૂલક રચનાઓ શીર્ષક પ્રયોજ્યું છે. (૫) 'શ્રીકૃષ્ણ અને સહજાનંદ સ્વામી- ભગવાન સ્વામિનારાયણ કેન્દ્રી વિષયસામગ્રીનો પાંચમો વિભાગ એમ ઉભય આરાધ્ય દેવના અને અન્ય વિવિધ પ્રકારના પદ ગાનની રચનાઓનો છે. ■

---


શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# બંનેએ પોતાનો અહમ ઓગાળી સમાજ કલ્યાણ માટે કાર્ય કરવાના છે

(ગતાંકથી ચાલુ)

ભગવાન શિવ તપમાં લીન હતા. કૈલાસ ખાતે 'ૐ નમઃ શિવાયઃ'નો ધ્વની ગુંજવા લાગ્યો. માતા પાર્વતીએ ભગવાન શિવને એ તપસ્વી પર કૃપા દૃષ્ટિ કરવા કહ્યું. ભગવાન શિવ તુરંત વરદાન દેવા પહોંચી ગયા. ભગવાન શિવે ભક્ત સૌમિત્રને વરદાન માગવા કહ્યું. પોતાના આરાધ્ય દેવને પોતની સમક્ષ ઊભેલા જોઈ ઋષિ સૌમિત્ર ગદ્ગદ્ થઈ જાય છે, અને કહે છે, ભગવંત તમારી જે ઇચ્છા હોય તેમ જ આપો. ભગવાન શિવ તેમને એક શંખ આપતા કહે છે, 'હે સૌમિત્ર આ શંખ તમને હું પ્રસાદીના રૂપે આપું છું, સૃષ્ટિમાં તમે જ્યાં જ્યાં જશો ત્યાં તમારો સર્વત્ર આદર-સત્કાર થશે.' ઋષિ સૌમિત્ર ધર્મના પ્રચાર - પ્રસાર માટે જ્યાં જ્યાં જાય ત્યાં ઝોળી અને શંખ સાથે લઈ જતા અને ભગવાન શિવજીની પૂજા અને આરતી વખતે એ શંખ વગાડતાં. કક્ષીવાન નામનો યુવાન તેમના શિષ્ય તરીકે તેમની સાથે જોડાયો. કક્ષીવાનને કોઈએ કહ્યું કે, તારા ગુરુ પાસે જે શંખ છે તે પ્રસાદીનો શંખ છે. આ ચમત્કારી શંખને લીધે જ તારા ગુરુને સર્વત્ર આદર અને સત્કાર મળે છે. એકદિવસ સંધ્યાવેળાએ સૌમિત્ર શંખને સરોવર કાંઠે મૂકી સ્નાન કરવા ગયા. કક્ષીવાને વિચાર્યું કે, 'અપાર સિદ્ધિઓથી સભર આ શંખ જો મારી પાસે હોય તો હું પણ આદર સત્કારનો અધિકારી બનું, મારું પણ સર્વત્ર બહુમાન થાય અને લોકો મારી પૂજા કરે.' લાલચુ શિષ્ય કક્ષીવાને તે શંખ સંતાડી દીધો. સૌમિત્રની શંખની ચોરી થયાનું લાગતાં તેમણે કહ્યું કે 'જેણે શંખની ચોરી કરી હશે તે સ્વયં શંખ બની જશે.' સૌમિત્રના શાપથી ભયભીત થયેલા કક્ષીવાને ચોરીની કબૂલાત કરે છે અને પાપ નિવારણઅર્થે સરોવરમાં સ્નાન કરવા ડૂબકી લગાવતાં શંખ બની જાય છે. શંખમાંથી એકધારો શિવ... શિવ... ધ્વની નીકળવા લાગ્યો. શંખ સ્વરૂપે તે અહોનિશ શિવ... શિવ... રટતો જ રહ્યો. બાર વર્ષની તપસ્યા બાદ એ ધ્વની કૈલાસ પહોંચવા માંડયો. ભગવાન શિવ કક્ષીવાનનો ઉદ્ધાર કરવા નીકળી પડયા. સરોવર તટે પહોંચી ભગવાન શિવે કહ્યું, 'કક્ષીવાન તારું તપ પૂર્ણ થયું, તું સરોવરની બહાર આવ.' આટલું કહી ભગવાન શિવે હાથ લંબાવતા કક્ષીવાન પોતાના મૂળ સ્વરૂપે સરોવરની બહાર આવ્યો. સાક્ષાત ભગવાન શિવના દર્શન કરી તે હર્ષવિભોર બન્યો અને અંતે ભગવાન શિવની કૃપાથી શિવલોક સિધાવ્યો. કક્ષીવાન તપને લીધે પાપમુક્ત બન્યો હતો તેથી આ સરોવર 'શંખોદ્ધાર' નામનું તીર્થધામ બન્યું. અહીં



સ્નાન કરવાથી શિવધામની પૂજા અર્ચનાનું ફળ પ્રાપ્ત થાય છે.

***

પાટલીપુત્રના રાજા ક્ષુવ ભગવાન વિષ્ણુના પરમ ઉપાસક તરીકે પ્રખ્યાત હતા. તેમની આરાધનાથી પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુએ તેમને સાક્ષાત દર્શન આપ્યા હતા અને તેમની કીર્તિ જગવિખ્યાત થાય તેવું વરદાન આપ્યું હતું. રાજા ક્ષુવ ગૌબ્રાહ્મણ પ્રતિપાળ અને પ્રજાવત્સલ રાજા હતા. તેમના રાજ્યમાં કોઈ દુઃખી ન હતું. રાજા સદાય વિષ્ણુ ભક્તિમાં લીન રહેતા.

એક દિવસ રાજા ક્ષુવ પોતાના રાજરસાલા સાથે વનગમન કરતાં કરતાં ઋષિ દધિચીના આશ્રમ પાસે આવી પહોંચ્યાં. ઋષિ દધિચી શિષ્યો સાથે પોતાના આશ્રમના દ્વારને રંગસજ્જા કરી રહ્યાં હતાં. તેમણે જોયું કે તેમના મિત્ર રાજા ક્ષુવ ત્યાંથી પસાર થઈ રહ્યાં છે. રાજા ક્ષુવને જોઈ તેઓ પુલકિત થઈ ગયા. સામે રાજા ક્ષુવ પણ ઋષિ દધિચીને જોઈને પુલકિત થઈ ગયા. બંને એકબીજાની સામે આવતાં જ ભેટી પડયા અને રાજા ક્ષુવે ઋષિ દધિચીનો આતિથ્યસત્કાર સ્વીકાર કરી લીધો.

ઘણા વરસો બાદ બંને મિત્રોનું મિલન થતાં આશ્રમમાં રાજા ક્ષુવ અને ઋષિ દધિચીના અનુયાયીઓ સામસામે શાસ્ત્રાર્થ કરવા લાગ્યા. એ દરમિયાન એ વાત પર ચર્ચા થવા લાગી કે શ્રેષ્ઠ કોણ? રાજા કે તપસ્વી?

રાજા ક્ષુવઃ 'મિત્ર તમને માઠું ન લાગે તો તમને એ અવશ્ય જણાવીશ કે આ પૃથ્વી પર રાજાઓ જ શ્રેષ્ઠ અને મહાન ગણાય. રાજા પર માત્ર પોતાના ગ્રામ્યજનોનું જ રક્ષણ કરવાની જવાબદારી છે એટલું જ નહિ, તેમના પર જંગલમાં તપ કરતાં તપસ્વીઓના રક્ષણની પણ જવાબદારી છે. માટે તપસ્વી કરતાં રાજા મહાન છે, રાજા જ શ્રેષ્ઠ ગણાય.'

ઋષિ દધિચીઃ 'હે રાજન! તપસ્વીથી મહાન કોણ હોઈ શકે? તપની મહાશક્તિથી ઇન્દ્રનું સિંહાસન પણ ડોલી ઉઠે છે. તો રાજાની શું વિસાત? માટે તપસ્વીને જ મહાન અને શ્રેષ્ઠ ગણી શકાય.'

રાજા ક્ષુવ અને ઋષિ દધિચી વચ્ચે વિવાદ વધતો ગયો અને છેલ્લે ક્રોધાવેશમાં ઋષિ દધિચીએ રાજાના મસ્તક પર પ્રહાર કર્યો. રાજાએ તેમના વજ્રથી ઋષિ દધિચીને ઘાયલ કર્યા. રાજા ક્ષુવને થયું કે ઋષિનું પ્રાણપંખેરું ઉડી જશે. એ જ સમયે ત્યાંથી પસાર થતાં અસુરગુરુ શુક્રાચાર્યએ જોયું કે ઋષિ દધિચી ઘાયલ થયા છે. રાજા ક્ષુવે બધી વાત સવિસ્તાર જણાવી.

અસુરગુરુ શુક્રાચાર્યએ મૃત્યુંજય વિદ્યાના પ્રતાપે ઋષિ દધિચીને પૂર્વવત્ બનાવી દીધા. શુક્રાચાર્યએ ઋષિ દધિચીને મૃત્યુંજય જાપનો મહિમા સમજાવ્યો અને કહ્યું કે ભગવાન મૃત્યુંજની ઉપાસનાનો મહિમા ઘણો જ મોટો છે. તમે મહામૃત્યુંજયના જાપથી શિવજીને પ્રસન્ન કરો.

ઋષિ દધિચી વનમાં જઈ ઉગ્ર તપ કરવા લાગ્યા. તેઓએ વર્ષોના વર્ષો તપમાં લીન રહ્યાં. શરીર કૃશ બની ગયું. તેમની આરાધનાનો સ્વર કૈલાસ સુધી પહોંચવા લાગ્યો. ભગવાન શિવ પ્રસન્ન થઈ વરદાન આપવા ત્યાં પધાર્યા.

ભગવાન શિવઃ 'ઋષિવર, આંખ ખોલો, વરદાન માગો.'

ઋષિ દધિચીએ ભગવાન શિવને દંડવત પ્રણામ કર્યા અને કહ્યું, 'ભોળાનાથ મને વરદાન આપો કે મારાં અસ્થિ વજ્ર સમાન દૃઢ બની જાય, કોઈ મારો વધ ન કરી શકે અને મારામાં ક્યારેય હીનભાવના ન પ્રવેશે.'

ભગવાન શિવઃ 'તથાસ્તુ.'

ઋષિ દધિચીને વરદાન મળતાં જ તેમનામાં રહેલી વેરની ભાવના જાગ્રત થઈ ગઈ. વરદાન પ્રાપ્ત કરી તેઓ સીધા રાજા ક્ષુવના રાજમહેલ પર પહોંચ્યાં. રાજા ક્ષુવ સભા ભરીને ઉચ્ચ સિંહાસન પર બિરાજમાન હતા.

ઋષિ દધિચીઃ 'હે રાજન! મેં આગળ પણ કહ્યું હતું કે તપસ્વીથી મહાન અને શ્રેષ્ઠ કોઈ ન હોય શકે? તપસ્વીની મહાનતાને તું સ્વીકાર કર. તારો અહંકાર ઓગાળવા માટે આ મહાતપસ્વી ઋષિ દધિચી તારી સમક્ષ ઊભો છે. તારું ક્ષુલ્લક વજ્ર મને લેશમાત્ર હાનિ નહીં પહોંચાડી શકે.'

અંતે રાજા ક્ષુવે ક્રોધિત થઈ ઋષિ દધિચી પર વજ્રનો પ્રહાર કર્યો, પરંતુ વરદાનને લીધે વજ્ર લેશમાત્ર હાનિ નહિ પહોંચાડી શક્યું. આથી રાજા ક્ષુવનું સ્વમાન ઘવાયું.

રાજા ક્ષુવ વધુ શક્તિશાળી બનવાં વનમાં જઈ ઘોર તપસ્યા કરવા લાગ્યાં. ઘણાં વરસોની તપસ્યા બાદ ભગવાન વિષ્ણુ પ્રસન્ન થતાં તેમને દર્શન દીધાં.

રાજા ક્ષુવઃ 'ઋષિ દધિચી વરદાન પ્રાપ્ત કરી ઘમંડી બની ગયા છે. હું તેનો બદલો લેવા ઇચ્છું છું.'

ભગવાન વિષ્ણુઃ 'ક્ષુવ તમે સમજવાની કોશિશ કરો, તમે મારા ભક્ત છો, ઋષિવર શિવભક્ત છે. બંનેએ પોતાનો અહમ ઓગાળી સમાજ કલ્યાણ માટે કાર્ય કરવાના છે. તમે મારી સાથે ચાલો.'

રાજા ક્ષુવ આજ્ઞાંકિત હોવાથી તેઓ ભગવાન વિષ્ણુ સાથે ચાલી નીકળ્યા. ભગવાન વિષ્ણુ અને રાજા ક્ષુવ ઋષિ દધિચીને મળવા તેમના આશ્રમ તરફ જતાં હતાં તે દરમિયાન ઋષિ દધિચી જ સામેથી આવતાં દેખાયાં. ભગવાન વિષ્ણુને જ્ઞાત છે કે માનવોને ભય વગર પ્રીતિ થતી નથી. તેઓ એ જ સમયે મહાકાય વિરાટરૂપ ધારણ કરે છે. તેમને જોઈ ઋષિ દધિચીનો અહંકાર ઓગળી જાય છે. તેઓ ભગવાન વિષ્ણુને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરે છે.

ભગવાન વિષ્ણુઃ 'ઋષિવર તમને અને રાજા ક્ષુવને એટલું અવશ્ય કહીશ કે રાજા રાજ્યનો પિતા સમાન હોય છે તેણે રાજ્યના દરેકના સુખ-મંગલ માટે સમાજ કલ્યાણના કાર્ય કરવાના હોય છે, તો તપસ્વીની જવાબદારી તેઓ જ્યાં જ્યાં જાય ત્યાં ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવાનો હોય છે એટલે રાજા અને તપસ્વી બંને મહાન અને શ્રેષ્ઠ છે.'

ભગવાન વિષ્ણુની વાત શિરોમાન્ય કરતાં રાજા ક્ષુવ અને ઋષિ દધિચીનો અહંકાર ઓગળી ગયો અને તેઓ બંને ભગવાન વિષ્ણુએ આપેલી જવાબદારીના કાર્યમાં ઓતપ્રોત થઈ જાય છે.

જે સ્થળે ભગવાન વિષ્ણુ અને ઋષિ દધિચીનો મેળાપ થયો હતો તે સ્થળ આજે પણ સ્થાનેશ્વર તીર્થધામ તરીકે પ્રસિદ્ધ છે. સ્થાનેશ્વર ધામનું શરણું લેતા દરેક માનવી નિરઅહંકારી બની જાય છે અને અંતે વૈકુંઠલોક પામે છે.

(ક્રમશઃ) ■




# એબી ડિવિલિયર્સ મુંબઈમાં વ્હીલચેરના ક્રિકેટરો સાથે રમ્યો, અનેકના દિલ જીતી લીધા

મુંબઈઃ સાઉથ આફ્રિકાનો ક્રિકેટ-લેજન્ડ અને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)નો ભૂતપૂર્વ બૅટ્સમૅન એબી ડિવિલિયર્સ મરીન લાઇન્સ રેલવે સ્ટેશન નજીક ઇસ્લામ જિમખાનાના મેદાનમાં મુંબઈ વ્હીલચેર ક્રિકેટ ટીમ સાથે રમ્યો હતો. આરસીબીની ટીમને આઇપીએલમાં સપોર્ટ કરવા આવેલા ડિવિલિયર્સે વ્હીલચેરમાં બેસીને અસ્સલ વ્હીલચેર ક્રિકેટર્સની સ્ટાઇલમાં રમીને સૌને આકર્ષિત કર્યા હતા.



સામાજિક કાર્યના ભાગરૂપે' પ્રૉજેક્ટ મુંબઇ' બૅનર હેઠળ આ ઇવેન્ટ યોજાઈ હતી અને એમાં ડિવિલિયર્સે આગવી સ્ટાઇલમાં અફલાતૂન શૉટ મારીને સૌને ખુશ કરી દીધા હતા. ડિવિલિયર્સે વ્હીલચેર ક્રિકેટરોના દૃઢ સંકલ્પ અને ઉત્સાહની ખૂબ પ્રશંસા કરીને તેમને મૉટિવેટ કર્યા હતા.

ડિવિલિયર્સ ૩૬૦ ડિગ્રી બૅટિંગ-સ્ટાઇલ માટે પ્રખ્યાત છે અને તેણે વ્હીલચેરમાં બેસીને પણ સ્વીપ શૉટ સહિતના પોતાના અસ્સલ કૌશલ્યની ઝલક આપી હતી. તેણે મેદાન ખાતે હાજર સૌને મંત્રમુગ્ધ તો કર્યા જ હતા, વ્હીલચેર ક્રિકેટરોને પ્રોત્સાહિત પણ કર્યા હતા.

આરસીબીના સોશિયલ મીડિયા હૅન્ડલ પર એબી ડિવિલિયર્સની વ્હીલચેર ઇવેન્ટને લગતા વીડિયો અને ફોટો શૅર કરવાની સાથે તેને બિરદાવતી કૅપ્શન લખવામાં આવી હતી.

દિવ્યાંગ ક્રિકેટરો સાથેની આ ઇવેન્ટ પછી મુંબઈની કેટલીક સ્કૂલોની મુલાકાત લેનાર સાઉથ આફ્રિકાના આ મહાન ખેલાડીએ કહ્યું હતું કે ' મુંબઈએ મને વર્ષોથી ખૂબ પ્રેમ અને સ્નેહ આપ્યા છે. હું હવે ક્રિકેટર તરીકે નહીં, પણ સ્વયંસેવકના રૂપમાં અહીં આવીને બાળકો, યુવાનો અને પરિવારો વચ્ચે આ ઇવેન્ટમાં ભાગ લઈને ગૌરવ અનુભવું છું.'

૧૮૪ આઇપીએલ મૅચમાં કુલ ૫,૧૬૨ રન બનાવનાર આરસીબીના ભૂતપૂર્વ ખેલાડી ડિવિલિયર્સે કહ્યું હતું કે 'આ વખતે આરસીબીની ટીમ ફાઇનલમાં પહોંચી છે એ બદલ હું ખૂબ ખુશ છું. મને ખાતરી છે કે આ વખતે આ ટીમ ચૅમ્પિયન બનીને રહેશે.' ■

# પીએસજીને મેસી, નેમાર, ઍમ્બપ્પે ન અપાવી શક્યા એ ચૅમ્પિયન્સ લીગનું ટાઇટલ માર્કિન્યૉસે અપાવ્યું

**▶ ફાઈનલમાં ૫-૦ના વિજય સાથે પૅરિસની ક્લબે રચ્યો ઈતિહાસ ▶ ફ્રાન્સની ઉજવણીમાં તોફાન, બે જણનાં મૃત્યુ**

મ્યૂનિકઃ ફ્રાન્સની પૅરિસ સેન્ટ-જર્મેઇન (પીએસજી) ટીમ ઘણી નામાંકિત ટ્રોફી જીતી છે, પણ યુરોપની પ્રતિષ્ઠિત ચૅમ્પિયન્સ ટ્રોફીથી ઘણા સમયથી વંચિત રહેતી હતી જે શનિવારે મેળવીને એના અસંખ્ય ચાહકોની વર્ષોની ઇન્તેજારીનો અંત લાવી દીધો હતો. શનિવારની ફાઇનલમાં પીએસજીએ ઇન્ટર મિલાનને ૫-૦થી હરાવીને આ ઉપલબ્ધિ મેળવી હતી. ખરેખર તો ભૂતકાળમાં પીએસજીને જે સિદ્ધિ લિયોનેલ મેસી, નેમાર કે કીલિયાન ઍમ્બપ્પે જેવા દિગ્ગજો નહોતા અપાવી શક્યા એ ૩૧ વર્ષના કૅપ્ટન માર્કિન્યૉસે અપાવી છે.



ટ્રોફી સાથે પીએસજીનો કૅપ્ટન માર્કિન્યૉસ. ૧૯ વર્ષનો ડૉઉ (જમણે) ચૅમ્પિયન્સ લીગની ફાઇનલમાં ગોલ કરનાર યંગેસ્ટ પ્લેયર બન્યો.

આ મૅચની ફ્રાન્સમાં ઉજવણીમાં તોફાનો થતાં બે જણના મૃત્યુ થયા હતા અને અનેક ઘાયલ થયા હતા. પોલીસે સેંકડો તોફાનીઓની ધરપકડ કરી હતી.

પીએસજીની ટીમમાં અનેક મહાન ખેલાડીઓ જોડાયા અને ટીમ છોડી પણ ગયા આ ટીમ ચૅમ્પિયન્સ લીગની ટ્રોફીથી વંચિત રહી હતી.

જોકે ટીમના કોચ લુઇ એન્રિકે કૅપ્ટન માર્કિન્યૉસ અને ટીમના બીજા ભરોસાપાત્ર ખેલાડીઓની મદદથી પીએસજીને ચૅમ્પિયન્સ ટ્રોફી જીતવામાં મોટું યોગદાન આપ્યું છે.

પીએસજીએ ૫-૦થી ફાઇનલ જીતીને આ ચૅમ્પિયનશિપના ઇતિહાસની ફાઇનલમાં સૌથી મોટા માર્જિનવાળી જીત મેળવી છે. પીએસજી વતી અશરફ હાકિમીએ ૧૨મી મિનિટમાં ગોલ કરીને ટીમનું ખાતું ખોલાવ્યું હતું.

ડિઝાયર ડૉઉએ ૨૦મી અને ૬૩મી મિનિટમાં ગોલ કર્યો હતો. તે ૧૯ વર્ષનો છે ફ્રાન્સનો છે. તે યુઇફા ચૅમ્પિયન્સ લીગની ફાઇનલમાં ગોલ કરનાર અને ગોલ કરવા માટે સહાયકની ભૂમિકા ભજવનાર (આસિસ્ટ કરનાર) સૌથી યુવાન વયનો ફૂટબોલર બન્યો છે.

ખ્વિચા ક્વારાત્ખેલિયાએ ૭૩મી મિનિટમાં અને છેલ્લે સેની માયુલુએ ૮૬મી મિનિટમાં ગોલ કર્યો હતો. ■

# અમદાવાદમાં મેઘરાજા મંગળવારની ફાઈનલ પણ બગાડશે?

અમદાવાદઃ અહીં રવિવારે સાંજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને પંજાબ કિંગ્સ (પીબીકેએસ) વચ્ચેની આઇપીએલની ક્વૉલિફાયર-ટૂ મૅચમાં ટૉસ ઉછાળવામાં આવ્યો ત્યાર બાદ મૅચ શરૂ થવાનો સમય નજીક આવ્યો ત્યારે વરસાદ પડવાની શરૂઆત થઈ ગઈ હતી. લગભગ સવાબે કલાકનો સમય બગડ્યો હતો. ધોધમાર વરસાદને લીધે ખેલાડીઓ, અધિકારીઓ તેમ જ હજારો પ્રેક્ષકો અને ટીવી-દર્શકો પણ હતાશ હતા. આઇપીએલની મંગળવારની બેંગ્લૂરુ સામેની ફાઇનલ માટે રિઝર્વ-ડે છે, પણ પ્લે-ઑફની કોઈ પણ મૅચ માટે રિઝર્વ-ડે ન હોવાથી મામલો વધુ ગૂંચવણભર્યો બન્યો હતો.



અમદાવાદમાં રવિવારે સાંજે મૅચના આરંભ વખતે જ વરસાદ ત્રાટક્યો હતો. મંગળવારની ફાઇનલ પણ આ જ મેદાન પર રમાવાની છે. (બીસીસીઆઇ)

મેઘરાજાના લાંબા વિઘ્ન બાદ ક્વૉલિફાયર-ટૂ મૅચ પોણાદસ વાગ્યે શરૂ થઈ હતી. એક પણ ઓવર ઓછી નહોતી કરવામાં આવી અને પૂરી ૨૦-૨૦ ઓવર રમાડવાનું નક્કી થયું હતું. મુંબઈને પ્રથમ બૅટિંગ મળી હતી. ૧૯ રનના સ્કોર પર રોહિત શર્મા (૮ રન)ની વિકેટ પડી હતી અને ત્યાર બાદ તિલક વર્મા સાથેની મજબૂત ભાગીદારી બાદ બેરસ્ટૉ (૩૮ રન, ૨૪ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)એ ૭૦ રનના કુલ સ્કોર પર વિકેટ ગુમાવી હતી. આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યારે મુંબઈનો સ્કોર ૨ વિકેટે ૧૧૨ રન હતો. તિલક વર્મા ૪૧ રન અને સૂર્યા ૧૭ રને રમી રહ્યાં હતા.

લીગ રાઉન્ડ સુધીના પૉઇન્ટ્સ-ટેબલની સ્થિતિ આ મુજબ હતીઃ પંજાબ (૧૯ પૉઇન્ટ), બેંગલૂરુ (૧૯ પૉઇન્ટ), ગુજરાત (૧૮ પૉઇન્ટ), મુંબઈ (૧૬ પૉઇન્ટ). ■

# નાઈજિરિયામાં બસ બ્રિજ પરથી નીચે પડતા બાવીસ ઍથ્લીટનાં મૃત્યુ

અબુયા (નાઇજિરિયા)ઃ આફ્રિકા ખંડના નાઇજિરિયામાં ઉત્તર ભાગના કૅનો રાજ્યમાં શનિવારે ગમખ્વાર દુર્ઘટના બની હતી જેમાં એક સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં ભાગ લઈને ઘરે પાછા આવી રહેલા ઍથ્લીટોની બસ પુલ પરથી નીચે પડતાં ઓછામાં ઓછા બાવીસ ઍથ્લીટના મૃત્યુ થયા હતા અને બસમાંના બીજા કેટલાક ઉતારુઓને ઈજા થઈ હતી.

આ હોનારત પાછળનું કારણ તાત્કાલિક જાણી નહોતું શકાયું, પણ કહેવાય છે કે બસ કિરોમાવા બ્રિજ પર હતી ત્યારે ડ્રાઇવરે સ્ટિયરિંગ પરથી અંકુશ ગુમાવ્યો હતો અને કુલ ૩૦ ઉતારુઓ સાથેની આ બસ નીચે પડી હતી.

સોમવારનો દિવસ નાઇજિરિયામાં શોક દિન તરીકે પાળવામાં આવશે એવી સરકારે જાહેરાત કરી હતી. દરેક મૃત ઍથ્લીટના પરિવારને ૧૦ લાખ નાઇરા (અંદાજે ૫૪,૦૦૦ રૂપિયા) તેમ જ અન્નનો પુરવઠો આપવામાં આવશે. ■

# રિન્કુ સિંહ અને સાંસદ પ્રિયા સરોજની આઠમી જૂને સગાઈ અને નવેમ્બરમાં લગ્ન

લખનઊઃ ભારતીય ક્રિકેટ ટીમના વિસ્ફોટક બેટર રિન્કુ સિંહના લગ્ન ઉત્તર પ્રદેશની સમાજવાદી પાર્ટીની સાંસદ પ્રિયા સરોજ સાથે નક્કી થયા છે. તેમની ૮મી જૂને લખનઊમાં રિન્કુ અને પ્રિયાની રિંગ સેરેમની યોજાશે. તેઓ આ દિવસે સગાઈ કરશે ત્યાર બાદ ૧૮મી નવેમ્બરે તેઓ લગ્નગ્રંથિથી જોડાશે. વારાણસીની હોટેલ તાજમાં લગ્નનો સમારોહ યોજાશે. આ સમારંભમાં ક્રિકેટ સ્ટાર્સ, રાજકારણીઓ, ફિલ્મી હસ્તીઓ અને ઉદ્યોગપતિઓ હાજરી આપે એવી શક્યતા છે.





## કોણ છે પ્રિયા સરોજ?

આઇપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી રમનાર અલીગઢના રિન્કુ સિંહની ભાવિ પત્ની પ્રિયા સરોજ ઉત્તર પ્રદેશના જૌનપુર જિલ્લાના મછ્લીશહર મતવિસ્તારની સમાજવાદી પાર્ટીની સાંસદ છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તેણે બીપી સરોજને ૩૫,૮૫૦ મતોના માર્જિનથી હરાવીને મોટી જીત મેળવી હતી. પ્રિયા સરોજનો જન્મ ૨૩ નવેમ્બર, ૧૯૯૮ના રોજ વારાણસીમાં થયો હતો. પ્રિયા સરોજ વ્યવસાયે વકીલ છે.

## પ્રિયાનાં પિતા દિગ્ગજ રાજકારણી

પ્રિયા સરોજના પિતાનું નામ તૂફાની સરોજ છે, જેઓ મછ્લીશહર મતવિસ્તારના સાંસદ રહી ચૂક્યા છે. હાલમાં, તેઓ કેરાકટ વિધાનસભા બેઠકના વિધાનસભ્ય છે. તૂફાની સરોજે અગાઉ કહ્યું હતું કે તેઓ અલીગઢમાં રિન્કુના પરિવારને મળ્યા હતા. પરિવાર લગ્ન માટે તૈયાર છે.

## પહેલીવાર ક્યાં મળ્યા હતાં બંને?

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પ્રિયાના એક મિત્રના પિતા ક્રિકેટર હતા. તેઓ રિન્કુને ખૂબ સારી રીતે ઓળખે છે. તેમણે જ રિન્કુ અને પ્રિયાની પહેલી વાર મુલાકાત કરાવી હતી. રિન્કુએ અલીગઢમાં જે નવું ઘર બનાવ્યું છે એ પ્રિયાએ જ ફાઇનલ કર્યું હોવાની ચર્ચા છે.■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| ભલામણ | DISTINGUISH |
| દેખરેખ | SUMMARIZE |
| ભેદ કરવો | RECOMMEND |
| વર્ગીકરણ | MONITOR |
| સારાંશ | CATEGORIZE |

### ઓળખાણ પડી?

૬૭૦૦ મુસાફરોને સમાવવાની ક્ષમતા ધરાવતું વિશ્વનું સૌથી વિશાળ પેસેન્જર શિપ 'ઓયાસિસ ક્લાસ'નું બાંધકામ કયા દેશમાં થયું હતું?



અ) વિયેતનામ બ) ઈટલી ક) ચીન ડ) ફિનલેન્ડ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | મ | ૨ થ | ળ | ■ | ૩ દ | ૪ ર | મિ | ૫ યા | ૬ ન |
| મ | ■ | ના | ■ | ૬/અ પ્ર | ગા | ઢ | ■ | ૭ ત | જા |
| ૮ જા | ૯ ના | ર | ■ | તિ | ■ | ■ | ૧૦ પિ | ના | ક |
| ૧૧ વ | ગ | ■ | ૧૨ હા | નિ | કા | ૧૩ ર | ક | ■ | ત |
| ૧૪ ટ | ર | ૧૫ ચો | ■ | ધિ | ■ | ૧૬ મા | નિ | ૧૭ નિ | ■ |
| ■ | ૧૮ વે | પા | ર | મં | ત્રી | ■ | ૧૯ ક | બં | ૨૦ ધ |
| ૨૧ ઉ | લ | ટ | ■ | ડ | ■ | ૨૨ ઢે | ■ | ૨૩ ધ | ર |
| ર | ■ | ■ | ૨૪ ક | ળ | ૨૫ ત | ર | ■ | ૨૬ કા | પ |
| ■ | ૨૭ ટ | ૨૮ સ | ર | ■ | રા | ■ | ૨૯ ધા | ર | ક |
| ૩૦ બિ | ન | જા | મી | ન | પા | ત્ર | ■ | ■ | ડ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | ■ | ૯ | | ૧૦ | ■ | | ■ | |
| ૧૧ | | | ■ | ■ | ૧૨ | | | ■ | |
| | ■ | ■ | ૧૩ | | | ■ | ૧૪ | ૧૫ | |
| ■ | ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | ■ | ૨૦ | |
| ૨૧ | | | | | ■ | ૨૨ | | | ■ |
| | ■ | ■ | | ■ | ૨૩ | | ■ | ■ | ૨૪ |
| ૨૫ | | ૨૬ | ■ | ૨૭ | | ■ | ૨૮ | | |
| | ■ | ૨૯ | ૩૦ | ■ | | | | ■ | |
| ૩૧ | | | | ■ | ૩૨ | | | | |

**આડી ચાવી**

૧. સતત, એકધારું (૫)
૫. હક (૪)
૮. નાના બાળકનાં કપડાં (૨)
૯. માણસ (૩)
૧૧. સલામત (૩)
૧૨. મનને ગમે એવું (૩)
૧૩. અયોધ્યા (૩)
૧૪. યુવાની --- માટે હોય (૩)
૧૬. સારે પ્રસંગે --- રંધાય (૩)
૧૮. --- રાખે તેમ રહીએ (૨)
૨૦. ઋતુ (૨)
૨૧. છાપ, માન્યતા (૫)
૨૨. ચાહનાર (૩)
૨૩. આ સાલમાં, ચાલુ સમયમાં (૨)
૨૫. ગૌરવવાળા (૩)
૨૭. શમન પામેલ (૨)
૨૮. સખત, કઠોર (૩)
૨૯. જ્યારે (૨)
૩૧. તીર ચલાવવામાં નિષ્ણાત (૪)
૩૨. થનગનાટ (૫)

**ઊભી ચાવી**

૧. વારસ વિનાનું (૪)
૨. બાલ્કની (૩)
૩. બધાના --- અણગમા અલગ હોય (૨)
૪. ભારે વજનનું માપ (૨)
૬. ધિક્કાર કરનાર (૪)
૭. સહેલું કામ (૫)
૧૦. પૃથ્વી (૪)
૧૩. ઉત્તર ગુજરાતમાં આવેલી ગિરિશૃંખલા (૪)
૧૫. મારનાર (૩)
૧૬. પતિ (૨)
૧૭. બધા (૨)
૧૯. એક રોગ (૩)
૨૧. મોટી ઉંમરે --- પ્રવૃત્તિ કરવી (૫)
૨૩. એકદમ ભળી જવું તે (૪)
૨૪. ઘામ, કઠારો, સંતાપ (૪)
૨૬. તમે જો જો, આ --- નિભાવજો, પિયુ પહેલી પેસેન્જરમાં આવજો (૩)
૨૮. એક છંદ (૩)
૩૦. ચીડ, ખીજ, ગુસ્સો (૨) (જો.છૂ.)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતમાં વિવિધ શૈક્ષણિક યુનિવર્સિટી છે. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી કયા શહેરમાં સ્થિત છે એ જણાવો.

અ) ગાંધીનગર બ) પાલનપુર ક) જૂનાગઢ ડ) બોટાદ

### માતૃભાષાની મહેક

જર થોડા ને સ્નેહ ઘણા, ને તું શું મારશે પારધી, અમે વણમાર્યા મૂઆ. જીવનની વરવી વાસ્તવિકતા દર્શાવતી આ કહેવતમાં ધનનું મહત્ત્વ દર્શાવાયું છે. પાસે પૈસો હતો ત્યારે બધા પ્રીતિ રાખતા હતા અને હવે કપરો સમય આવ્યો છે ત્યારે મર્યા બરાબરની સ્થિતિમાં હે કાળ, તું અમને શું મારીશ? એવી વ્યથા છે.

### ઈર્શાદ

પથ્થરો સાથે ય વાતો શક્ય છે,
શોધ, ભાષા તું પ્રથમ શબ્દો વગરની.
- રમેશ પારેખ

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'જિહ્વા થકી અસત્ય ન બોલે' પંક્તિમાં જિહ્વા શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) મન બ) જીગર ક) બુદ્ધિ ડ) જીભ

### સુડોકુ-૯૦૦૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૮ | | | | | ૫ | |
| ૧ | ૬ | | | | ૭ | | | |
| | | ૯ | ૨ | | | | ૩ | |
| | ૫ | | | ૬ | | | | |
| ૩ | | | | | | | | ૪ |
| | | | | ૭ | | | ૯ | |
| | ૨ | | | | ૧ | ૩ | | |
| | | | ૫ | | | | ૮ | ૭ |
| | ૮ | | | | | ૨ | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૧ | ૨ | ૫ | ૪ | ૩ | ૮ | ૬ |
| ૬ | ૮ | ૨ | ૩ | ૯ | ૭ | ૧ | ૫ | ૪ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૬ | ૮ | ૭ | ૯ | ૨ |
| ૮ | ૧ | ૭ | ૫ | ૩ | ૬ | ૪ | ૨ | ૯ |
| ૨ | ૬ | ૪ | ૮ | ૧ | ૯ | ૫ | ૩ | ૭ |
| ૩ | ૫ | ૯ | ૭ | ૪ | ૨ | ૮ | ૬ | ૧ |
| ૧ | ૨ | ૮ | ૬ | ૭ | ૩ | ૯ | ૪ | ૫ |
| ૫ | ૪ | ૬ | ૯ | ૮ | ૧ | ૨ | ૭ | ૩ |
| ૯ | ૭ | ૩ | ૪ | ૨ | ૫ | ૬ | ૧ | ૮ |

### માઈન્ડ ગેમ

આપણા દેશના કયા રાજ્યમાં પ્રખ્યાત અજંતા ગુફા, ઈલોરા ગુફા અને એલિફન્ટા ગુફા આવેલી છે એ કહી શકશો?

અ) કેરળ બ) અરુણાચલ પ્રદેશ ક) મહારાષ્ટ્ર ડ) મિઝોરમ

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| સુવિધા આપવી | FACILITATE |
| અસ્ખલિત બોલવું | ARTICULATE |
| રસ્તો બતાવવો | NAVIGATE |
| ફાળવી દેવું | ALLOCATE |
| સમર્થન કરવું | ADVOCATE |

ગુજરાત મોરી મોરી રે: વલસાડ

ઓળખાણ પડી?: કેનેડા

માઈન્ડ ગેમ: ભોપાલ

ચતુર આપો જવાબ – અર્થ જણાવો: નિસર્ગ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) ભારતી બુચ (૪) મુલરાજ કપૂર (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) હર્ષા મહેતા (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) લજિતા ખોના (૧૧) નિખિલ બંગાળી (૧૨) અમીશી બંગાળી (૧૩) મહેન્દ્ર લોઢાવિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ દોશી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) ભાવના કર્વે (૧૮) નુતન વિપીન શાહ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) જયવંત પદમશી ચિખલ (૨૨) અલકા વાણી (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) પ્રવીણ વોરા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) નિતિન જયંતિલાલ બજરિયા (૩૧) સુભાષ મોમાયા (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) પુષ્પા ખોના (૩૪) નીતા દેસાઈ (૩૫) કિશોર બી. સંઘરાજકા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જગદીશ ઠક્કર (૩૮) અરવિંદ કામદાર (૩૯) મહેશ સંઘવી (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) રમેશ દલાલ (૪૪) ધીરેન ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા

# કોર્પોરેટ ક્ષેત્રની નાણાકીય કામગીરી એકંદરે સંતોષજનક

મુંબઇઃ નાણાકીય પરિણામોની ચાલુ રહેલી મોસમમાં કોર્પોરેટ ક્ષેત્રની નાની કંપનીઓની કામગીરી એકંદરે સંતોષજનક રહી છે.

શિપ મેનેજમેન્ટ, વેસલ ઓનરશીપ, મરીન અને પોર્ટ સર્વિસીસ પ્રોવાઈડર અગ્રણી મેરીટાઇમ કંપની, એબીએસ મરીન સર્વિસીસ લિમિટેડે સ્ટેન્ડઅલોન ધોરણે નાણાકીય વર્ષ ૨૦૨૫ના બીજા છ મહિનાના ઓડિટેડ નાણાકીય પરિણામમાં ૩૮.૯૯ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૦૨.૦૭ કરોડની કુલ આવક, ૧૭૮ ૪૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૯ ૬૬ કરોડનો ચોખ્ખો નફો, ૧૩૦.૭૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૭ ૯૪ કરોડનો એબીટા નોંધાવ્યો છે.

નોન-ફેરસ મેટલ પ્રોડક્ટ ઉત્પાદક, રાજપૂતાના ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૬૯.૧૫ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૫૫૩.૧૩ કરોડની કુલ આવક, ૪ ૨૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૮ ૯૨ કરોડનો એબીટા, ૬૧ ૭૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૧.૧૧ કરોડનો કરવેરા પહેલાંનો નફો અને ૬૧ .૩૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૮.૨૭ કરોડનો ચોખ્ખો નફો વાંધાવ્યો છે.

ફેસીલીટી મેનેજમેન્ટ સેક્ટરની સુપ્રિમ ફેસિલિટી મેનેજમેન્ટ લિમિટેડે, નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૧૨.૧૫ ટકા વૃદ્ધિ સાથે કુલ આવક રૂ. ૩૩૧.૫૭ કરોડ, ૨૭.૦૨ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૨.૯૫ કરોડનો એબીટા, ૯૫.૦૪ ટકા વૃદ્ધિ સાથે રૂ.૬.૭૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

નોન-ફેરસ ધાતુઓમાંથી બનેલા વાઈન્ડિંગ વાયર અને સ્ટ્રીપ્સ ઉત્પાદક શેરા એનર્જી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૪૫.૯૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૨૭૯.૦૫ કરોડની કુલ આવક, ૧૫.૦૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૬૦.૪૮ કરોડનો એબીટા,૬૦.૨૦% વૃદ્ધિ સાથે રૂ. ૩૦.૨૦ કરોડનો કર પહેલાંનો નફો અને ૫૯.૪૩% વૃદ્ધિ સાથે રૂ. ૨૨.૪ કરોડનો ચોખ્ખો નફો નનોંધાવ્યો છે.

કર્ણાટક રાજ્યમાં સિમેન્ટ અને સૌર ઉર્જા ઉત્પાદન અને વિતરણના ઉત્પાદનમાં વ્યસ્ત શ્રી કેશવ સિમેન્ટ અને ઇન્ફ્રા લિમિટેડએ નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરમાં કુલ આવક રૂ. ૩૮.૯૬ કરોડ, રૂ. ૭.૬૨ કરોડનો એબીટા અને રૂ. ૪.૪૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જ્યારે નાણાકીય વર્ષ ૨૫ માટે કુલ આવક રૂ. ૧૨૪.૬૦ કરોડ, રૂ. ૨૫.૧૭ કરોડનો એબીટા અને રૂ. (૬.૧૭) કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટ્રક્ચર્ડ ફાઇનાન્સમાં વિશેષતા ધરાવતી પ્રખ્યાત રોકાણ વ્યવસ્થાપન પેઢી, નિસસ ફાઇનાન્સ સર્વિસીસ કંપની લિમિટેડે નાણાકીય વર્ષ ૨૫ના ઉત્તરાર્ધમાં કુલ આવક રૂ. ૩૨.૯૪ કરોડ, રૂ. ૧૮.૮૩ કરોડનો એબીટા અને રૂ. ૧૩.૭૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૫ માટે વાર્ષિક ધોરણે ૫૬.૩૭% વૃદ્ધિ સાથે કુલ આવક રૂ. ૬૭.૩૦ કરોડ, ૩૫.૫% વૃદ્ધિ સાથે રૂ. ૩૨.૫૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઇક્વિપમેન્ટ ઉદ્યોગની પાવર એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૭૩.૨૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૭૧.૨૮ કરોડની કુલ આવક, ૫૮.૪૨ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૯.૫૯ કરોડનો એબિટા અને ૯૯.૫૮ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૧.૭૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

દેશભરમાં બાવીસ શાખા સાથે હાજરી ધરાવતી લોજિસ્ટિક્સ સર્વિસ પ્રોવાઇડર, તેજસ કાર્ગો ઈન્ડિયા લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૨૦.૨૭% વૃદ્ધિ સાથે રૂ. ૫૦૮.૨૪ કરોડની કુલ આવક, ૫૦.૨૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૦૩.૬૯ કરોડનો એબિટા અને ૪૪.૭૩ ટકા વૃદ્ધિ સથે રૂ. ૧૯.૧૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ભારતની ૧૭.૩ અબજ ડોલરની બજારમાં પ્રો ઑડિયો, એવી અને લાઇટિંગ ઉદ્યોગનું ભવિષ્ય અત્યંત તેજીમય રહેવાની અપેક્ષા દેશના વ્યાવસાયિક ઑડિયો, એવી ઇન્ટિગ્રેશન અને એન્ટરટેનમેન્ટ લાઇટિંગ ટેક્નોલોજી માટેના સૌથી મોટા પ્લેટફોર્મ પામ એવી-આઈસીએન એક્સપોની ૨૩મી આવૃત્તિ વિષે વાત કરતાં ઇન્ફોર્મા માર્કેટ્સ ઇન ઇન્ડિયાના પ્રવક્તાએ વ્યક્ત કરી હતી, જેમાં હર્મન, યામાહા, શુર, એલ-એકોસ્ટિક્સ, એપ્સન સહિત ૩૦૦થી વધુ એક્ઝિબિટર્સ અને ૧૦૦૦થી વધુ બ્રાન્ડ્સ સહભાગી થઈ છે.

# શૅરબજારની ચાલનો આધાર મેક્રો ડેટા પર, અફડાતફડી સાથે સુધારાતરફી ઝોંકની અપેક્ષા

**ફોરકાસ્ટ**
**નિલેશ વાઘેલા**

મુંબઇઃ આ સપ્તાહે શેરબજારની ચાલનો આધાર મેક્રો ડેટા પર અવલંબિત રહેવા સાથે સત્ર દરમિયાન અફડાતફડી સાથે સુધારાતર્ફી ઝોંક રહેવાની અપેક્ષા બજારના સાધનો વ્યક્ત કરી રહ્યાં છે. ખાસ કરીને આરબીઆઇની પોલિસી, મેન્યુફેકચરિંગ અને સર્વિસ પીએમઆઇ, યુએસ જોબ ડેટા, ઇસીબીની બેઠક જેવા દસ મુખ્ય પરિબળો પર રોકાણકારોની નજર રહેશે. બજારના નિષ્ણાતોના મતે, ઘટાડે લેવાલીની વ્યૂહરચના સાથે સંભવિત રેન્જબાઉન્ડ ટ્રેડિંગ વચ્ચે સેન્ટિમેન્ટ એકંદરે હકારાત્મક બની શકે છે.

સમીક્ષા હેઠળના ત્રીસમી મેના રોજ પૂરા થયેલા સતત બીજા સપ્તાહમાં બજારમાં અસ્થિરતા અને રેન્જબાઉન્ડ ટ્રેડિંગ વચ્ચે ઘટાડો જોવા મળ્યો હતો, કારણ કે નબળા વૈશ્વિક સંકેતો અને મુખ્ય હકારાત્મક ટ્રિગર્સના અભાવે સેન્ટિમેન્ટ પર દબાણ આવ્યું હતું. જોકે, આ સપ્તાહે આઇરબીઆઇ દ્વારા ત્રીજા વ્યાજ દરમાં ઘટાડાની આશા, ફુગાવાનું દબાણ હળવું થવા સાથે સારા ચોમાસાની આગાહી અને નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ત્રિમાસિકમાં સ્વસ્થ જીડીપી વૃદ્ધિએ સાપ્તાહિક નુકસાનને ૦.૪ ટકા સુધી મર્યાદિત રાખ્યું હતી.

માસિક ધોરણે, મે મહિનામાં બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં ૧.૭૧ ટકાનો વધારો થયો છે. નિફ્ટી ૫૦ ૧૦૨ પોઈન્ટ (૦.૪૧ ટકા) ઘટીને ૨૪,૭૫૧ પર સ્થિર થયો હતો અને સેન્સેક્સ ૨૭૦ પોઈન્ટ (૦.૩૩ ટકા) ઘટીને ૮૧,૪૫૧ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી મિડકેપ ૧૦૦ અને સ્મોલકેપ ૧૦૦ શેરઆંકોએ અઠવાડિયા દરમિયાન અનુક્રમે ૧.૨૯ ટકા અને ૧.૩૬ ટકાનો વધારો કરીને બેન્ચમાર્ક શેરઆંક કરતાં વધુ સારો દેખાવ કર્યો હતો. બીજી જૂનથી શરૂ થતા આગામી અઠવાડિયામાં, બજાર સૌ પ્રથમ ગયા ઓટો કોર્પોરેટ્સ દ્વારા જાહેર કરાયેલ માસિક ઓટોમોબાઈલ વેચાણ ડેટા પર પ્રતિક્રિયા આપે તેવી અપેક્ષા છે. ફુગાવાના અનુકૂળ વલણ અને હકારાત્મક ઓટો વેચાણ ડેટાને કારણે વ્યાજ દરમાં ઘટાડાની વધતી આશા બજારના મૂડને ટેકો આપી શકે છે, જ્યારે બજારના સહભાગીઓ ચોમાસાની પ્રગતિ, ઉત્પાદન અને સેવાઓના પીએમઆઇ ડેટા, યુએસ રોજગાર ડેટા અને ઇસીબીના વ્યાજ દરના નિર્ણય તેમજ યુએસ ટેરિફના સંદર્ભમાં વધુ નવી જાહેરાતો પર નજર રાખશે.

બજારના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, આ સપ્તાહે આરબીઆઈ દ્વારા દર ઘટાડાની વધતી આશા વચ્ચે ખાસ કરીને પીએસયુ બેંકો સહિતના વ્યાજ દર સાથે સંવેદનશીલ ક્ષેત્રો ફોકસમાં રહેવાની શક્યતા છે. વધુમાં, માસિક ઓટો વેચાણ અને વોલ્યુમ ડેટાની જાહેરાતને ઓટોમોબાઈલ ક્ષેત્રમાં શેરલક્ષી ચાલ શરૂ થઈ શકે છે. આરબીઆઇ નીતિ બેઠક ઉપરાંત, બજારના સહભાગીઓ અનુક્રમે બીજી જૂન અને ચોથી જૂનના રોજ જાહેર થનારા મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ પીએમઆઇના ફાઇનલ ડેટા પર નજર રાખશે. પ્રારંભિક અંદાજ મુજબ, મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ એપ્રિલમાં ૫૮.૨ સામે મે મહિનામાં ૫૮.૩ સુધી વધીને અને સર્વિસ પીએમઆઇ ગયા મહિનાના ૫૮.૭ થી વધીને ૬૧.૨ સુધી પહોંચી ગયો છે. વધુમાં, ૨૩ મેના રોજ પૂરા થયેલા પખવાડિયા માટે બેંક લોન અને ડિપોઝિટ વૃદ્ધિ અને ૩૦ મેના રોજ પૂરા થયેલા સપ્તાહ માટે વિદેશી હૂંડિયામણ અનામતના ડેટા છઠ્ઠી જૂનના રોજ જાહેર કરવામાં આવશે.બજારના સહભાગીઓ વિદેશી સંસ્થાકીય રોકાણકારોના મૂડ પર ઝીણવટભરી નજર રાખશે કારણ કે તેઓ બીજા અઠવાડિયા માટે ચોખ્ખા વેચાણકર્તા રહ્યા છે. ગયા સપ્તાહે તેમણે રૂ. ૪૧૮ કરોડના શેર વેચ્યા જે તે અગાઉના સપ્તાહમાં વેચાયેલા રૂ. ૧૧,૫૯૧ કરોડના શેર કરતા ઘણા ઓછા હતા. માસિક ધોરણે રૂ. ૧૧,૭૭૩ કરોડની લેવાલી સાથે એફઆઇઆઇ સતત ત્રીજા મહિને ખરીદદાર રહ્યા છે. નિષ્ણાતોને આશા છે કે યુએસ ડોલર ઇન્ડેક્સમાં ઘટાડો, ધીમો પડી રહેલો યુએસ અને ચીનનો વિકાસદર, ભારતનો સારો વિકાસ અને આરબીઆઇ દ્વારા વધુ દર ઘટાડાની શક્યતાને કારણે એફઆઇઆ ભારતીય ઇક્વિટીમાં ખરીદદાર રહી શકે છે.

મૂડી બજારમાં નોંધપાત્ર પ્રવૃત્તિ પછી, આ સપ્તાહે સુસ્ત વાતાવરણ રહેવાની અપેક્ષા છે કારણ કે મેઇનબોર્ડ સેગમેન્ટમાં કોઈ નવા પબ્લિક ઇશ્યૂ ખુલશે નહીં, જ્યારે એસએમઇ સેગમેન્ટમાં માત્ર એક પબ્લિક ઇશ્યૂ લાઇનમાં છે.

## આરબીઆઇ સતત ત્રીજા રેટકટની તૈયારીમાં

મુંબઈઃ દેશની મધ્યસ્થ બેન્ક વિવિધ ઇકોનોમિક મેક્રૌ ડેટાને આધારે આ વખતે પણ રિપોઝિશન રેટમાં ઘટાડો કરવાની તૈયારી કરી રહી હોવાની ચર્ચા છે. નિષ્ણાતોના મતે, શુક્રવારે આરબીઆઇ સતત ત્રીજો ૨૫ બેસિસ પોઈન્ટનો દર ઘટાડશે તેવી અપેક્ષા છે.

યુએસ ટેરિફ ચાલને કારણે વૈશ્વિક અનિશ્ચિતતા ચાલુ રહેવા વચ્ચે વૃદ્ધિને વેગ આપવા માટે, ફુગાવાનું સ્તર ચાર ટકાના સરેરાશ લક્ષ્યાંકથી નીચે રહ્યું હોવાની બાબત ધ્યાનમાં રાખીને, રિઝર્વ બેંક શુક્રવારે ૨૫ બેસિસ પોઈન્ટનો સતત ત્રીજો દર ઘટાડશે તેવી શક્યતા છે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની વ્યાજદરની વધઘટ અંગે નિર્ણય લેનારી, રેટ-સેટિંગ પેનલની મોનેટરી પોલિસી કમિટી ચોથી જૂને આગામી દ્વિ-માસિક મોનેટરી પોલિસી પર ચર્ચા શરૂ કરશે અને છઠી જૂનના રોજ નિર્ણય જાહેર કરશે. આરબીઆઇએ ફેબ્રુઆરી અને એપ્રિલમાં મુખ્ય વ્યાજ દર (રેપો)માં પચ્ચીસ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને છ ટકાનો રેટ જાહેર કર્યો હતો. આરબીઆઇ ગવર્નર સંજય મલ્હોત્રાના નેતૃત્વ હેઠળના છ સભ્યોની એમપીસીએ તેની એપ્રિલ મહિનાના નીતિમાં વલણને તટસ્થથી બદલીને અનુકૂળ, એકોમોડેટીવ બનાવવાનો પણ નિર્ણય લીધો હતો.

## દેશના પંદર શહેરમાં ઘરોનું વેચાણ ઘટ્યું

નવી દિલ્હીઃ કેલેન્ડર વર્ષના પ્રથમ ત્રિમાસકિ સમયગાળા દરમિયાન પંદર નાના શહેરોમાં મકાનોના વેચાણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ઉપલબ્ધ રિપોર્ટ અનુસાર જાન્યુઆરીથી માર્ચ સુધીના સમયગાળામાં ૧૫ મુખ્ય ટાયર-ટુ શહેરોમાં મકાનોની માગ ધીમી રહી કારણ કે વેચાણ વાર્ષિક ધોરણે આઠ ટકા ઘટીને ૪૩,૭૮૧ યુનિટ થયું છે.

જોકે, એ પણ નોંધવું રહ્યું કે ઉપરોક્ત સમયગાળા દરમિયાન મૂલ્યની દ્રષ્ટિએ ઘરોનું વેચાણ છ ટકા જેટલું વધીને રૂ. ૪૦,૪૪૩ કરોડ સુધી પહોંચ્યું હોવાનું ઉપરોક્ત અહેવાલમાં જણાવાયું છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના સમાન સમયગાળામાં, વોલ્યુમના ધોરણે મકાનોનું વેચાણ ૪૭,૩૭૮ યુનિટ રહ્યું હતું, જ્યારે મૂલ્યની દ્રષ્ટિએ વેચાણ રૂ. ૩૮,૧૦૨ કરોડના સ્તરે નોંધાયું હતું.

## બેન્ચમાર્કની પીછેહઠ છતાં માર્કેટ કેપમાં ₹ ૨.૨૩ લાખ કરોડનો વધારો

મુંબઇઃ બેન્ચમાર્ક ઈન્ડેક્સમાં સતત બીજા સપ્તાહે ઘટાડો થયો હોવા છતાં માર્કેટ કેપમાં રૂ. ૨.૨૩ લાખ કરોડનો વધારો નોંધાયો છે. સપ્તાહ દરમિયાન સ્થાનિક અને વિદેશી સંસ્થાઓની કુલ રૂ.૩૪,૮૨૧ કરોડની ચોખ્ખી લેવાલી નોંધાઇ છે. ૩૦ મે, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ગત સપ્તાહના શુક્રવારના ૮૨,૩૩૦.૫૯ના બંધથી ૨૭૦.૦૭ પોઈન્ટ્સ (૦.૩૩ ટકા) ઘટ્યો હતો.

સેન્સેક્સ ૨૬ મે, સોમવારે ૮૧,૯૨૮.૯૫ ખૂલી એ જ દિવસે ઊંચામાં ૮૨,૪૯૨.૨૪ સુધી અને ૨૯ મે, ગુરુવારે નીચામાં ૮૧,૪૫૧.૦૧ સુધી જઈને અંતે ૮૧,૭૨૧.૦૮ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૪૪.૧૯ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ. ૪૪૧.૯૬ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૨.૨૩ લાખ કરોડનો વધારો થયો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ સ્મોલકેપ (૧.૭૩ ટકા) વધ્યો હતો, જ્યારે બીએસઈ ૧૦૦ (૦.૩૪ ટકા), બીએસઈ ૨૦૦ (૦.૨૪ ટકા) ઘટ્યા હતા. બીએસઈ ૫૦૦ સ્થિર હતો અને બીએસઈ મિડકેપ (૦.૬૧ ટકા) વધ્યો હતો. આઈપીઓ ૦.૯૯ ટકા અને એસએમઈ આઈપીઓ ૨.૯૫ ટકા વધ્યો હતો.

સેક્ટોરલ ઇન્ડેક્સમાં સપ્તાહ દરમિયાન પીએસયુ બેન્ક ૪.૩૭ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૬૬ ટકા, રિયલ્ટી ૧.૪૩ ટકા, પીએસયુ ૦.૮૯ ટકા, બેન્કેક્સ ૦.૩૧ ટકા, હેલ્થકેર ૦.૨૧ ટકા અને ટેક ૦.૧૯ ટકા વધ્યા હતા, જ્યારે એફએમસીજી ૧.૭ ટકા, મેટલ ૧.૧૬ ટકા, ઓટો ૦.૮ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૭ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૫૬ ટકા, આઈટી ૦.૧૨ ટકા, પાવર ૦.૦૩ ટકા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૦.૦૨ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં ઈન્ડસઈન્ડ બેન્ક ૨.૯૧ ટકા, સ્ટેટ બેન્ક ૨.૭૦ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૬૦ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૨.૦૬ ટકા અને ભારતી એરટેલ ૧.૩૩ ટકા વધ્યો હતો.

# ગુજરાત

## ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસનો આંક ૩૨૦ પર પહોંચ્યો, છેલ્લા ૨૪ કલાકમાં ૫૫ નવા કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફરી એક વખત કોરોનાના કેસમા ચિંતાજનક રીતે વધી રહ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૫ નવા કેસ નોંધાયા હતા. રાજ્યમાં એક્ટિવ કેસનો આંકડો ૩૨૦ પર પહોંચ્યો છે. ગુજરાતમાં ૨૨ લોકોએ કોરોનાને હરાવવામાં સફળ થતા તેમને રજા આપવામાં આવી હતી.

રાજ્યમાં કોરોના કેસ વધી રહ્યા છે, ત્યારે આરોગ્ય પ્રધાને લોકોને સાવચેત રહેવાની સાથે ડરવાની જરૂર ન હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, કોરોનાના કેસ અંગે કેન્દ્ર સરકાર સાથે ચર્ચા કરી છે. જેએફ-૧ ઓમિક્રોન વેરિએન્ટ જ છે. આ વેરિએન્ટમાં સામાન્ય રીતે જે લક્ષણો આવે છે, તેના લક્ષણોના આધારે દર્દીઓને સારવાર અપાઈ છે. જ્યારે અત્યારે જેટલાં પણ દર્દીઓ છે, તેઓ હોમ આઈસોલેટ થકી સારવાર મેળવી રહ્યા છે. આરોગ્ય પ્રધાને એમ પણ કહ્યું કે,રાજ્યના લોકોને મારી વિનંતી છે કે, બને ત્યાં સુધી આવા લક્ષણો ઘરની અંદર જણાય તો વ્યક્તિને આઇસોલેટ કરો એ વધુ હિતકારક છે. જોકે, આનાથી ડરવાની જરૂર નથી. કેન્દ્ર સરકાર સાથે અને તેની સંસ્થાઓ સાથે આરોગ્ય વિભાગે ચર્ચા કરી લીધી છે. કોઈએ ગભરાવાની જરૂર નથી, પરંતુ સાવચેતીની જરૂર છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, ભારતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩૭૫૮ પર પહોંચી છે. છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસમાં ૩૬૩નો વધારો થયો હતો. કેરળમાં ૧૪૦૦, મહારાષ્ટ્રમાં ૪૮૫, દિલ્હીમાં ૪૩૬, પશ્ચિમ બંગાળમાં ૨૮૭, તમિળનાડુમાં ૧૯૯, ઉત્તર પ્રદેશમાં ૧૪૯, રાજસ્થાનમાં ૬૨, પુડુચેરીમાં ૪૫, હરિયાણામાં ૩૦, આંધ્ર પ્રદેશમાં ૨૩ એક્ટિવ કેસ છે.

## કડી વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે આપના ઉમેદવાર જગદીશ ચાવડા આજે ઉમેદવારી ફોર્મ ભરશે

અમદાવાદઃ ચૂંટણી પંચ દ્વારા કડી અને વિસાવદરની ખાલી બેઠક માટે પેટાચૂંટણીની જાહેરાત કરાઈ છે. કડી બેઠક પરથી આમ આદમી પાર્ટીએ જગદીશ ચાવડાને મેદાને ઉતાર્યા છે. તેઓ આવતીકાલે એટલે કે બીજી જૂનના રોજ ભવ્ય રેલી યોજીને ઉમેદવારી ફોર્મ ભરશે.

આમ આદમી પાર્ટીના કડી વિધાનસભા પેટા ચૂંટણીના ઉમેદવાર જગદીશ ચાવડાએ જણાવ્યું હતું કે, કડી વિધાનસભાની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ મને ઉમેદવાર તરીકે જાહેર કર્યો છે. ત્યારે આવતીકાલે તારીખ બીજી જૂન સોમવારના રોજ કડી સ્થિત મેલડી માતાના મંદિરથી એક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે અને આ રેલી બાદ હું મારું ઉમેદવારી ફોર્મ ભરીશ. તો કડી વિધાનસભાના લોકોને અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ, સમર્થકો અને ગુજરાત રાજ્યમાં બદલાવની ચાહ રાખનાર તમામ લોકોને હું વિનંતી કરીશ કે આવતીકાલે આપ તમામ લોકો આ કાર્યક્રમમાં જોડાઓ અને મને આશીર્વાદ આપો. તેમણે વધુમાં કહ્યું હતું કે, હું એક સામાન્ય પરિવારમાંથી આવનાર સામાન્ય માણસ છું અને આપણી આસપાસના અનેક લોકો માટે આ ખૂબ જ મોટી અને સપનાં સમાન વાત હોય છે કે એક સામાન્ય માણસ પણ વિધાનસભા ચૂંટણી લડી શકે. આજે આપણે તમામ લોકોએ જોયું કે આમ આદમી પાર્ટી મારા જેવા એક સામાન્ય માણસને પણ ટિકિટ આપે છે. તો હું આજે આમ આદમી પાર્ટીના તમામ રાષ્ટ્રીય અને પ્રદેશના નેતૃત્વને આભાર વ્યક્ત કરું છું.

તેમણે કહ્યું હતું કે, હું આજે કડી સહિત ગુજરાતની જનતાને વિનંતી કરું છું કે સામાન્ય લોકોની તાકાત અને સામાન્ય લોકોનો અવાજ વિધાનસભામાં પહોંચે એ માટે જો આપણને એક રસ્તો મળ્યો છે તો આપ તમામ લોકો આ ચૂંટણીમાં જોડાઓ એવી મારી અપીલ છે. હું આપ તમામ લોકોને ખાતરી આપું છું કે આપનો પ્રેમ અને વિશ્વાસ ક્યારેય એળે નહીં જવા દઉં. હું ફરી એક વાર કડી વિધાનસભાના લોકોને આમંત્રિત કરવા માંગુ છું કે આપ તમામ લોકો મને આશીર્વાદ આપવા માટે પધારો, આપણે સાથે મળીને ખૂબ જ સારી રીતે વિધાનસભાની ચૂંટણી લડીશું અને આપણે વિજય બનીએ તેઓ આશીર્વાદ આપો.

## રાજકોટમાં કોરોનાનો કેરઃ વધુ પાંચ કેસ નોંધાતા કુલ આંક ૩૭ પર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં કોરોના વાઇરસનું સંક્રમણ વધી રહ્યું છે. રવિવારે વધુ પાંચ નવા કોવિડ-૧૯ પોઝિટિવ કેસ નોંધાતા શહેરમાં કોરોનાના પોઝિટિવ કેસનો આંકડો ૩૭ પર પહોંચી ગયો હતો. હાલ ૩૩ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. ૧૯ મે ૨૦૨૫થી ૧ જૂન સુધીમાં રાજકોટ શહેરમાં કુલ ૩૭ કેસ નોંધાયા છે, જેમાંથી ૪ દર્દીઓ સાજા થઇ ચૂક્યા છે. રવિવારે નોંધાયેલા પાંચ નવા કેસ પૈકી બે દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી બહાર આવી છે. જેમાં વોર્ડ-૧૪, માસ્તર સોસાયટીના ૪૫ વર્ષીય મહિલા વિયેતનામથી પરત ફર્યા હતા, જ્યારે વોર્ડ-૧૦, ઉમાપાર્કના ૫૨ વર્ષીય પુરુષ જામનગરથી આવ્યા હતા. અન્ય ત્રણ કેસમાં વોર્ડ-૮, અતિથિ ચોકના ૫૬ વર્ષીય પુરુષ; વોર્ડ-૧, સોપાન હાઈટના ૨૫ વર્ષીય પુરુષ; અને વોર્ડ-૮, રૈયા રોડના ૬૯ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. રાહતની વાત એ છે કે તમામ પાંચેય દર્દીઓની તબિયત હાલ સ્થિર છે અને તેઓને તબીબી સલાહ મુજબ હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

## ગોપાલ ઈટાલિયા પાસે એક બાઈક, સોનું સહિત કુલ ₹ ૧૪.૧૮ લાખની સંપત્તિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચૂંટણી પંચ દ્વારા થોડાક દિવસો પહેલાં કડી અને વિસાવદરની ખાલી બેઠકો પર પેટાચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી હતી. એ પછી આમ આદમી પાર્ટીના વિસાવદર બેઠકના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાએ ભવ્ય રોડ શો કરીને ઉમેદવારી નોંધાવી હતી. આ પછી તેમણે ઉમેદવારીપત્રમાં દર્શાવેલી મિલકતની વિગતો જાણવા મળી હતી. વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલીયાએ ઉમેદવારીપત્ર સાથે પોતાના પર થયેલા કેસ અને સંપતિ સહિતની વિગતો જાહેર કરી છે. ઈટાલીયા પર અલગ-અલગ કુલ ૨૧ ફોજદારી કેસ થયા છે. તેમાંથી એકપણ ગુનામાં ગુનેગાર ઠેરવવામાં આવ્યા નથી. તેમની પાસે એક બાઈક, સોનું સહિત કુલ ₹ ૧૪.૧૮ લાખની સંપત્તિ જાહેર કરી છે.

## અમદાવાદના રાણીપમાં પોલીસકર્મીએ પાંચ વાહનને અડફેટે લીધા, મહિલા સહિત ત્રણ ઘાયલ

અમદાવાદઃ અમદાવાદના રાણીપમાં શનિવારે મોડી રાત્રે એક ગંભીર અકસ્માતનો બનાવ બન્યો હતો. માધવપુરા પોલીસ સ્ટેશનના એક પોલીસકર્મીની કારે પાંચથી વધુ વાહનોને અડફેટે લીધાં હતાં. પોલીસકર્મી નશાની હાલતમાં કાર ચલાવી રહ્યો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. અકસ્માતના આ બનાવમાં અકસ્માતમાં ત્રણ લોકોને ઇજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. વાહનોને અડફેટે લઇ કાર એક દીવાલમાં ઘુસાડી દીધી હતી. બનાવની જાણ થતાં જ ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી. અમદાવાદના રાણીપમાં આવેલી બકરામંડી નજીક શનિવારે મોડી રાત્રે એક પોલીસકર્મીએ અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત કરનાર પોલીસકર્મીનું નામ યુવરાજસિંહ જોરાવરસિંહ હોવાનું જાણવા મળ્યું હતું. આ પોલીસકર્મી એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. તે સેન્ટ્રલ જેલ તરફથી આવી રહ્યો હતો. ત્યારે તેણે પૂરપાટ ઝડપે ગાડી હંકારીને પાંચથી વધુ વાહનોને અડફેટે લીધાં હતાં. આ અકસ્માતમાં એક બાઈકચાલક અને એક મહિલા સહિત ત્રણ લોકો ઇજાગ્રસ્ત થયા હતા.

## દાહોદ મનરેગા કૌભાંડ કેસમાં પ્રધાન બચુ ખાબડના મોટા પુત્ર બળવંત ખાબડની પણ ધરપકડ, વધુ એક ફરિયાદ દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદમાં મનરેગા કૌભાંડ કેસમાં રાજ્યકક્ષાના પ્રધાન બચુ ખાબડના બંને પુત્રોને જામીન મળ્યા બાદ જેલમુક્ત થતાની સાથે જ પોલીસે પ્રધાન પુત્ર કિરણ ખાબડની જેલ બહારથી ધરપકડ કર્યા બાદ હવે બીજા પુત્ર બળવંત ખાબડની પણ ધરપકડ કરી હતી.

૨૯ તારીખે જ કોર્ટે બચુ ખાબડના બંને પુત્રોના જામીન મંજૂર કર્યા હતા. ભાણપુર ગામે ૩૩ લાખનું કૌભાંડ આચર્યાની બળવંત ખાબડની રાજ ટ્રેડર્સ એજન્સી વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ હતી, જ્યારે દેવગઢ બારિયા તાલુકાના લવારીયા ગામે મનરેગાના ૭૯ જેટલા કામોમાં ૨૧ કામો કાગળ પર બતાવી પ્રધાન પુત્રએ બિલ પાસ કરાવી કૌભાંડ આચર્યું હોવાનું બહાર આવ્યું હતું. દાહોદ જિલ્લામાં બહુચર્ચિત રૂ.૭૧ કરોડના મનરેગા કૌભાંડમાં પોલીસે બી ડિવિઝનમાં ફરિયાદ દાખલ કરી પ્રધાન બચુભાઈ ખાબડના બંને પુત્ર બળવંત અને કિરણ ખાબડની ધરપકડ કરી હતી. પોલીસે તપાસ દરમિયાન બંનેના રિમાન્ડ મેળવ્યા બાદ કસ્ટડીમાં મોકલી દીધા હતા.

બંને પ્રધાન પુત્રોના દાહોદની ચીફ જ્યુડિશિયલ કોર્ટે ૫૦,૦૦૦ ના બોન્ડ પર શરતી જામીન મંજૂર કરતા પોલીસે આ જામીન સામે સ્ટે આપવા માટે દાદ મેળવી હતી. કોર્ટે પોલીસની જામીન અરજી રદ કરવાનો સ્ટે ફગાવી બંને મંત્રી પુત્રોને જામીનમુક્ત કર્યા હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

એરિયા ટ્રાફિક કન્ટ્રોલ ડિપાર્ટમેન્ટ

**ઈ-ટેન્ડર નોટીસ**

ATC-EE-SITC-RTC-૨૫-૨૬

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમીશનર નીચે આપેલા કામો માટે સિલબંધ ટેન્ડરો મંગાવે છેઃ

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ (બારડી) (રૂ.) | ટેન્ડર સંદર્ભ નં. | પ્રારંભ તારીખ | પાકતી તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | બૃહન્મુંબઈના આઈસ્લેન્ડ શહેર કોન્વેન્શનલ નવી રોડ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમોનું સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ અને ડિફેક્ટ લાયબીલીટીની ૧૨ મહિનાની મુદત સુધી સબસ્કયૂટ પ્રિવેન્ટીવ અને કરેક્ટીવ જાળવણી | ૫,૨૩,૦૦૦/- | ૨૦૨૫_MCGM_ ૧૧૮૪૨૪૧ | ૦૨.૦૬.૨૦૨૫ | ૧૬.૦૬.૨૦૨૫ |
| ૨ | બૃહન્મુંબઈના પશ્ચિમ પરાંમાં કોન્વેન્શનલ ન્યૂ રોડ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમનું સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ અને ડિફેક્ટ લાયબીલીટીની ૧૨ મહિનાની મુદત સુધી કરેક્ટીવ જાળવણી અને સબસ્કયૂટ પ્રિવેન્ટીવ | ૨,૯૨,૯૦૦/- | ૨૦૨૫_MCGM_ ૧૧૮૩૯૦૫ | ૦૨.૦૬.૨૦૨૫ | ૧૬.૦૬.૨૦૨૫ |
| ૩ | બૃહન્મુંબઈના પશ્ચિમી પરાંમાં કોન્વેન્શનલ ન્યૂ રોડ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમનું સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ અને ડિફેક્ટિવ લાયબિલીટીની ૧૨ મહિનાની મુદત સુધી કરેક્ટીવ જાળવણી અને સબસ્કયૂટ પ્રિવેન્ટીવ | ૫,૨૨,૯૦૦/- | ૨૦૨૫_MCGM_ ૧૧૮૩૮૫૦ | ૦૨.૦૬.૨૦૨૫ | ૧૬.૦૬.૨૦૨૫ |

વધુ વિગતો માટે લોગ ઓન કરો https://www.mahatenders.gov.in

સહી/-
એક્ષિક્યૂટીવ એન્જિનિયર (ATC)
બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન

PRO/541/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# ૩૧ ઓક્ટોબરથી નાશિક કુંભમેળાની શરૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

નાશિકઃ નાશિકમાં યોજાનારા કુંભમેળાની તારીખો રવિવારે જાહેર કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ નાશિક જિલ્લા કલેક્ટર કાર્યાલય ખાતે બેઠક માટે પહોંચ્યા હતા. નાસિક જિલ્લા કલેક્ટર કાર્યાલય ખાતે સિંહસ્થ કુંભ મેળા અંગે મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. કલેક્ટર કાર્યાલય ખાતે દેવેન્દ્ર ફડણવીસે સાધુ-મહંતો સાથે આગામી કુંભ મેળાના આયોજન અંગે ચર્ચા કરી હતી. આ બેઠકમાં તમામ ૧૩ અખાડાના વડાઓ સહિત, બે સાધુ-મહંતો હાજર રહ્યા હતા.

દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં થયેલી આ બેઠકમાં કુંભમેળાની તારીખો અંગે મુખ્ય પ્રધાનને માહિતી આપવામાં આવી હતી. કુંભપર્વ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ધ્વજવંદન સાથે શરૂ થશે. નાશિક અને ત્ર્યંબકેશ્વર બંનેમાં યોજાનારા કુંભમેળાના શાહીસ્નાન (અમૃતસ્નાન)ની તારીખો નીચે મુજબ છે.

**નાશિક કુંભમેળો અમૃતસ્નાન**

પહેલું અમૃતસ્નાન -૨ ઓગસ્ટ ૨૭
બીજું અમૃતસ્નાન -૩૧ ઓગસ્ટ ૨૭
ત્રીજું અમૃતસ્નાન -૧૧ સપ્ટેમ્બર ૨૭

(જુઓ પાનું ૪) ▸▸



મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ નાશિકમાં સાધુ મહંતો સાથે

# પાલિકાની ચૂંટણીમાં ઠાકરેબંધુઓની યુતિ?

## પહેલો પ્રયોગ ડોંબિવલીમાંઃ સ્થાનિક સમસ્યાને માટે સાથે હોવાની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજકારણમાં કોઈ કોઈનો કાયમી દુશ્મન નથી હોતો. ઉદ્ધવ અને રાજ ઠાકરે બંને પિતરાઈ ભાઈઓ પોતાની દુશ્મની ભૂલીને ફરી એક થશે એવી ચર્ચા મહારાષ્ટ્રના રાજકારણમાં લાંબા સમયથી ચાલી રહી છે પણ બંને પક્ષમાંથી કોઈએ પણ આ બાબતે કોઈ દિવસ સ્પષ્ટતા કરી નથી. મુંબઈમાં સ્થાનિક સમસ્યાઓને મુદ્દે બંને ભાઈઓ એક થાય એવી શક્યતા હાલ તો જણાતી નથી પણ ડોંબિવલીમાં બંને ભાઈઓના પક્ષના નેતા એક સાથે જોવા મળતા કલ્યાણ-ડોંબિવલીમાં બંને ભાઈઓ એકસાથે ચૂંટણી લડે એવી અટકળો રાજકીય સ્તરે થઈ રહી છે.

લાંબા સમયથી ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે પક્ષના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને મનસે અધ્યક્ષ રાજ ઠાકરે પોતાના મતભેદો ભૂલાવી ફરી એક થશે એવું ચર્ચાઈ રહ્યું છે ત્યારે કલ્યાણ-ડોંબિવલીમાં બંને પક્ષના સ્થાનિક નેતાઓ એક સાથે પલાવા પુલના કામના ઈન્સપેકશન માટે પહોંચી ગયા. તેથી રાજકીય સ્તરે અનેક ચર્ચાઓ થઈ રહી છે. બંને નેતાઓએ મીડિયા સાથે વાતચીત દરમ્યાન કહ્યું હતું કે પલાવા પુલનું કામ છેલ્લા અનેક વર્ષોથી રખડી પડયું છે. શિવેનાના વિધાનસભ્ય રાજેશ મોરેએ આ પુલના કામનું નિરીક્ષણ કર્યા બાદ પુલ ખુલ્લો મૂકવામાં આવશે એવું કહ્યું હતું પણ પુલ હજી સુધી ખુલ્લો મુકાયો ન હોવાને કારણે તેઓ પુલના કામનું નિરીક્ષણ કરવા ગયા હતા.

મનસેના ભૂતપૂર્વ વિધાનસભ્ય રાજૂ પાટીલે આ દરમ્યાન કહ્યું હતું કે બંને પક્ષના નેતા એક સાથે પુલનું નિરીક્ષણ કરવા ગયા તેમાં અલગ સ્તરે ચર્ચાએ જોર પકડયું છે. અમે સ્થાનિક સ્તરે એક થયા છે. નાગરિકોના હિત માટે બંને પક્ષના નેતા એક સાથે કોઈ જગ્યાએ

(જુઓ પાનું ૪) ▸▸

# નાયબ મુખ્ય પ્રધાને લાડકી બહિણ યોજનાની નોંધણીમાં ભૂલ સ્વીકારી

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે રવિવારે કહ્યું હતું કે તેઓ છેલ્લા કેટલાક વર્ષોમાં પુણે જિલ્લામાં જારી કરવામાં આવેલા શસ્ત્ર લાઇસન્સ વિશે તપાસ કરશે અને પ્રાપ્તકર્તાઓને ખરેખર એની જરૂર છે કે કેમ તે અંગે તપાસ કરશે. તાજેતરના અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે ૨૦૨૧થી ૨૦૨૩ વચ્ચે પુણેમાં

(જુઓ પાનું ૪) ▸▸

## નાશિકમાં થનારા સિંહસ્થ કુંભમેળા માટે ૪,૦૦૦ કરોડના કામને મંજૂરીઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં નાશિકમાં મહત્ત્વની બેઠક થયા બાદ ૨૦૨૬ની સાલમાં નાશિકમાં થનારા સિંહસ્થ કુંભમેળાની તારીખ જાહેર કરવામાં આવી હતી. કુંભસ્થ મેળાની જોરદાર તૈયારીઓ વચ્ચે હજી સુધી નાશિકના પાલકપ્રધાનનું કોયડું ઉકેલાયું નથી એ બાબતે પણ મુખ્ય પ્રધાને સ્પષ્ટતા કરી હતી.

નાશિકમાં મહત્ત્વની બેઠક બાદ દેવેન્દ્ર ફડણવીસે (જુઓ પાનું ૪) ▸▸

# શિવસેના (યુબીટી)નો એઆઈ પર મદાર

## બાળ ઠાકરેનો અવાજ ફરી ગુંજતો કર્યો

મુંબઈઃ શિવસેનાના સંસ્થાપક બાળ ઠાકરેનો અવાજ ફરીથી ગુંજતો કરવાની તેમજ પોતાના મુખપત્ર 'સામના' માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એન્કર વિકસાવવા જેવી કમાલ કરી શિવસેના (યુબીટી) મહારાષ્ટ્રમાં આગામી પાલિકા ચૂંટણી માટે મોટો મદાર બાંધી રહી છે.વિરોધ પક્ષ આ નવા યુગની ટેકનોલોજીનો ઉપયોગ બહુસંખ્યક જનતા અને ખાસ કરીને ટેક-સેવી યુવાનો સુધી પહોંચવા માટે કરે તેવી શક્યતા છે. આર્થિક સમૃદ્ધિ ધરાવતી બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત વિવિધ નાગરિક સંસ્થાઓની ચૂંટણીઓ આ વર્ષના અંતમાં યોજાય તેવી શક્યતા છે. શિવસેનામાં ભાગલા અને ૨૦૨૨માં મહા વિકાસ આઘાડી

(જુઓ પાનું ૪) ▸▸

# અજિત પવારને મોટો ફટકો! નાગાલેન્ડના સાત વિધાનસભ્યએ છેડો ફાડ્યો

## વિધાનસભ્યો સામે કાર્યવાહી કરવાની તૈયારી

મુંબઈઃ નાગાલેન્ડમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના તમામ સાત વિધાનસભ્યો શનિવારે શાસક એનડીપીપીમાં જોડાઈ ગયા હતા. જેને કારણે મુખ્ય પ્રધાન નેફ્યુ રિયોના નેતૃત્વ હેઠળની પાર્ટીને ૬૦ સભ્યોની વિધાનસભામાં સંપૂર્ણ બહુમતી મળી છે. આ વિલીનીકરણ સાથે નેશનાલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી (એનડીપીપી)ના વિધાનસભ્યોની સંખ્યા ૨૫થી વધીને ૩૨ થઈ ગઈ છે.

શરદ પવારની એનસીપીમાં વિભાજન પછી નાગાલેન્ડ એકમે અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીને ટેકો આપ્યો હતો. ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં એનડીપીપી અને તેના સાથી એનસીપી ભાજપ પછી રાજ્યમાં ત્રીજા સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યા હતા અને ૧૨ બેઠકો જીતી હતી. વિધાનસભા અદયક્ષ શેરિંગન લોંગકુમાર દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ તમામ સાત વિધાનસભ્યો રૂબરૂ હાજર થયા અને એનડીપીપીમાં ભળી જવાના તેમના નિર્ણયને દર્શાવતા ઔપચારિક પત્રો સુપરત કર્યા. તેમણે કહ્યું હતું કે આ વિલીનીકરણ બંધારણની દસમી અનુસૂચિ હેઠળ બંધારણીય આવશ્યકતાઓને પૂર્ણ કરે છે.

નાગાલેન્ડમાં એનસીપીના તમામ વિધાનસભ્યો એનડીપીપીમાં જોડાયા પછી એનસીપીએ આની ગંભીર નોંધ લીધી છે અને હાલમાં આ વિધાનસભ્યો સામે પાર્ટીના આંતરિક પ્રતિબંધ કાયદા હેઠળ કાર્યવાહી કરવાની પ્રક્રિયામાં છે, એમ પાર્ટીના રાષ્ટ્રીય મુખ્ય પ્રવક્તા બ્રિજમોહન શ્રીવાસ્તવે એક પત્રમાં જણાવ્યું હતું. ગઈ વિધાનસભા ચૂંટણીમાં સ્થાનિક નાગરિકો દ્વારા એનસીપીને આપવામાં આવેલા આદેશનું અપમાન છે અને અમે ટૂંક સમયમાં તેમનો પક્ષ સમજવા માટે તેમની સાથે વાત કરીશું. અમે આ મામલો કાનૂની અને રાજકીય સ્તરે લડીશું, એમ તેમણે એમ પણ કહ્યું છે.

નાગાલેન્ડ વિધાનસભા સભ્યો (પક્ષપલટાના આધારે ગેરલાયકાત) નિયમો, ૨૦૧૯ મુજબ સ્પીકરે વિલીનીકરણને મંજૂરી આપી હતી અને

(જુઓ પાનું ૪) ▸▸

# મે મહિનામાં ૧૦૭ વર્ષમાં સૌથી વધુ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં આ વર્ષે નૈઋર્ત્યનું ચોમાસાનું તેના નિર્ધારીત સમય કરતા ૧૬ દિવસ વહેલું એટલે કે ૨૬ મેના જ આગમન થઈ ગયું છે. પહેલી મેથી સાત મે દરમ્યાન મુંબઈમાં સરેરાશ ૮૮૧.૬ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો છે, જે ૧૦૭ વર્ષમાં મે મહિનાનો સૌથી વધુ વરસાદ છે. આ અગાઉ ૧૯૯૮માં મે મહિનામાં ૨૭૯.૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

આ વર્ષે મુંબઈ સહિત રાજ્યમાં ઉનાળો અસામાન્ય રહ્યો હતો. મે મહિનામાં શહેરમાં ગરમીનું મોજું અને તાપમાનમાં વધારો જોવા મળ્યો નહોતો, કારણકે છ મેના રોજ મુંબઈમાં કમોમસી વરસાદ ચાલુ થયો હતો અને ત્યારબાદ છૂટાછવાયા ઝાપટાં અને ત્યારબાદ ૨૬ મેના જ ચોમાસાના આગમન સાથે જ મુશળધાર વરસાદ પડી ગયો હતો.

હવામાનમાં થયેલા ફેરફારને કારણે મુંબઈ અને ઉપનગરમાં મે મહિનામાં પડેલો વરસાદ અને ત્યારબાદ સમય કરતા વહેલા બેસેલા ચોમાસાને કારણે મે મહિનામાં સરેરાશ ૮૮૧.૬ મિ.મી. વરસાદ નોંધાયો છે. હવામાન ખાતાએ કોલાબામાં ૫૦૩.૨ મિ.મી. તો સાંતાક્રુઝમાં ૩૭૮.૪ મિ.મી. વરસાદ નોંધ્યો હતો. સામાન્ય રીતે સાંતાક્રુઝમાં મે મહિનામાં સરેરાશ ૧૮. મિ.મી.ની આસપાસ વરસાદ પડતો હોય છે.

હવામાન ખાતાના કહેવા મુજબ મુંબઈમાં જૂન મહિનામાં સરેરાશ ૫૦૦ મિ.મી.ની આસપાસ વરસાદ અપેક્ષિત હોય છે. સામાન્ય રીતે ૧૦ જૂન પછી ચોમાસાનું આગમન થતું હોય છે.

હવામાન વિભાગના અધિકારીના

(જુઓ પાનું ૪) ▸▸

## દક્ષિણ મુંબઈ સૌથી ભીનું રહ્યું

ભારતીય હવામાન વિભાગના રેકોર્ડ મુજબ કમોસમી વરસાદ અને નિર્ધારીત સમય કરતા વહેલા ચોમાસાને આગમનને કારણે આ સિઝનમાં અત્યાર સુધી દક્ષિણ મુંબઈમાં સૌથી વધુ વરસાદ પડયો છે, જેમાં સરેરાશ વરસાદ ૩૦૨૫ ટકા નોંધાયો છે. તો ઉપનગરમાં સામાન્ય કરતા ૧,૯૪૫ ટકા વધુ વરસાદ નોંધાયો છે. મે મહિનામાં પડેલા રેકોર્ડ બ્રેક વરસાદ પડવાને કારણે મુંબઈ શહેર મહારાષ્ટ્રનો મે મહિનાનો સૌથી વધુ ભીનો જિલ્લો રહ્યો છે. એકંદરે મહારાષ્ટ્રમાં મે મહિના સુધી ૫૬૦ ટકા વરસાદ નોંધાઈ ચૂકયો છે. ■

## વાવણી માટે ઉતાવળ કરશો નહીંઃ કૃષિ વિભાગની અપીલ

મુંબઈઃ આ વર્ષે મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ચોમાસનું આગમન નિર્ધારીત સમય કરતા વહેલું થયા બાદ હાલ ચોમાસાએ વિરામ લીધો છે, તેને કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ચોમાસું ૧૦ જૂન બાદ જ ફરી સક્રિય થવાની શક્યતા છે. હાલ ફક્ત પશ્ચિમ કિનારપટ્ટી અને રાજ્યના અમુક વિસ્તારોમાં હળવો વરસાદ પડવાનો અંદાજ છે.

બદલાયેલા વાતાવરણને કારણે ચોમાસું આગળ વધતું થોભી ગયું છે. ૧૦ જૂન સુધી ચોમાસું ફરી સક્રિય થઈને મુશળધાર વરસાદ પડવાની શક્યતા ઓછી છે. રાજ્યના મોટાભાગના વિસ્તારમાં (જુઓ પાનું ૪) ▸▸

# બૅન્ગકોકથી દુર્લભ પ્રાણીઓ લાવનારા ભારતીય નાગરિકની ઍરપોર્ટ પર ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર કસ્ટમ્સના અધિકારીઓએ બૅન્ગકોકથી આવેલા ભારતીય નાગરિકની ધરપકડ કરી કથિત દાણચારીથી લવાયેલાં દુર્લભ પ્રાણી જપ્ત કર્યાં હતાં. આરોપી પાસેથી સર્પ અને કાચબા મળી આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

મળેલી માહિતીને આધારે કસ્ટમ્સના અધિકારીઓએ શનિવારે બૅન્ગકોકથી મુંબઈ આવી પહોંચેલા ભારતીય નાગરિકને ઍરપોર્ટ પર આંતર્યો હતો. પૂછપરછ કરવામાં આવતાં આરોપી ઉડાઉ જવાબ આપવા લાગ્યો હતો. શંકાને આધારે તેના સામાનની તપાસ કરવામાં આવતાં દુર્લભ પ્રાણીઓ મળી આવ્યાં હતાં.

અધિકારીએ જણાવ્યું હતું કે બૅગમાંથી ત્રણ સ્પાઈડર ટેઈલ્ડ હૉર્ન વાઈપર્સ, પાંચ એશિયન લીફ ટર્ટલ્સ અને ૪૪ ઈન્ડોનેશિયન પીટ વાઈપર્સ મળી આવ્યાં હતાં. આ પ્રકરણે ગુનો નોંધી રવિવારે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી વિરુદ્ધ કસ્ટમ્સ ઍક્ટ લગાવવામાં આવ્યો હતો.

જપ્ત કરાયેલાં દુર્લભ પ્રાણીઓ જે દેશમાંથી લાવવામાં આવ્યાં હતાં ત્યાં પાછાં મોકલી દેવાની કાર્યવાહી શરૂ કરાઈ છે. આરોપી મુંબઈમાં આ પ્રાણીઓ કોને આપવાનો હતો તેની તપાસ કરવામાં આવી રહી છે. કસ્ટમ્સના એક અધિકારીના કહેવા મુજબ આ પ્રાણીઓ બૅન્ગકોકમાં સસ્તામાં મળતાં હોવાથી ત્યાં લાવીને ભારતમાં ઊંચી કિંમતે વેચવામાં આવે છે. ફેબ્રુઆરીમાં પણ કસ્ટમ્સ દ્વારા એક પ્રવાસીને પકડી પાડવામાં આવ્યો હતો. કુઆલા લમ્પુરથી મુંબઈ આવેલા આ પ્રવાસી પાસેથી પાંચ સિયામાંગ ગિબ્બો મળી આવ્યા હતા. ■

# 'દખ્ખન કી રાણી' અને 'પંજાબ મેલ'ની અવિરત સફર, પ્રવાસી સંગઠને કર્યું સેલિબ્રેશન

## પહેલી જૂન, ૧૯૩૦ના શરૂ થઈ હતી મુંબઈ-પુણે વચ્ચેની સૌથી પહેલી ડિલક્સ ટ્રેન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશની આર્થિક રાજધાની મુંબઈ અને પુણેને જોડતા સૌથી પહેલી ડિલક્સ ટ્રેનની શરૂઆત અંગ્રેજોએ કરી હતી, જે ટ્રેને આજે વિધિવત રીતે પૂરા ૯૫ વર્ષ પૂરા કરીને ૯૬મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ડેક્કન ક્વીન (૯૫ વર્ષ) અને પંજાબ મેલ (૧૧૪ વર્ષ) અવિરત રીતે પ્રવાસીઓને ઉત્તમ સેવા પૂરી પાડી રહી છે, જે રેલવેની સાથે પ્રવાસીઓ માટે પણ ગૌરવની વાત છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

દર વર્ષની માફક આજે પણ ડેક્કન ક્વીનના બર્થ-ડે નિમિત્તે કેક કાપીને બેન્ડબાજા સાથે સેલિબ્રેશન કર્યું હતું. ભારતની સૌથી પ્રતિષ્ઠિત અને ઐતિહાસિક ટ્રેન પૈકીની ડેક્કન ક્વીને આજે ૯૬મા વર્ષમાં પ્રવેશ કર્યો છે, જેની ખુશી નિમિત્તે પુણે રેલવે સ્ટેશન ખાતે વિવિધ અધિકારીઓ, પ્રવાસીઓ અને રેલ પ્રવાસી સંગઠનના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. ડેક્કન ક્વીનની માફક પંજાબ મેલ પણ ઉત્તર ભારત સાથેનું કનેક્શન પણ ગજબનું ધરાવે છે, એમ પુણે રેલ પ્રવાસી સંગઠનના પ્રમુખ હર્ષા શાહે જણાવ્યું હતું.




સ્વતંત્રતાના સમયે બ્રિટિશરોએ ગ્રેટ ઈન્ડિયન પેનિન્સુલા રેલવે કંપની (Great Indian Peninsula Railway Company) દ્વારા પહેલી ડિલક્સ ટ્રેન સર્વિસ તરીકે પહેલી જૂન, ૧૯૩૦ના મુંબઈ-પુણે વચ્ચે ડેક્કન ક્વીન એક્સપ્રેસ દોડાવવાની શરૂઆત કરી. શરૂઆતના દિવસોમાં માત્ર બ્રિટિશરો જ આ ટ્રેનમાં પ્રવાસ કરી શકતા હતા, પરંતુ બાદમાં ૧૯૪૩માં ભારતીયોને પણ આ ટ્રેનમાં પ્રવાસ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

ડિલક્સ ટ્રેન શરૂ કરવામાં આવી ત્યારે સાત કોચ હતા, જે ખાસ કલરના હતા, જેમાં સિલ્વર અને સ્કાર્લેટ બોર્ડર તેમ જ રોયલ બ્લુ અને ગોલ્ડ લાઈનિંગ. આ કોચને ઈંગ્લેન્ડમાં તૈયાર કરવામાં આવ્યા હતા, જ્યારે બોડીનું નિર્માણ માટુંગા વર્કશોપમાં કર્યું હતું. ૧૯૬૬ સુધી તેમાં નવા સ્ટીલના કોચ જોડવામાં આવ્યા હતા અને કોચની સંખ્યા વધારીને બાર કરી હતી, જેમાં એક એરબ્રેક રેક પણ જોડી હતી. ૨૦૨૧માં તેમાં પહેલો વિસ્ટાડોમ કોચ સામેલ કર્યો હતો, જે પ્રવાસીઓને વિશેષ પસંદ પડ્યો હતો.

રેલવેના અધિકારીએ કહ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▸▸

# ફાયર સેફ્ટી સિસ્ટમને અભાવે ૫૦ ઈલેક્ટ્રિક બસ ડેપોમાં ધૂળ ખાતી પડી છે

મુંબઈઃ મુંબઈના રસ્તા પર પહેલાથી ઓછી સંખ્યામાં બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની બસો દોડી રહી છે અને પ્રવાસીઓ વધારાની બસ દોડાવવાની માગણી કરી રહ્યા છે ત્યારે નવી ખરીદવામાં આવેલી ૫૦ ઈલેક્ટ્રિક બસ તેમાં ફાયર ડીટેક્શન એન્ડ સપ્રેશન સિસ્ટમ (એફડીએસએસ) નહીં હોવાને કારણે બેસ્ટના શિવાજી નગર ડેપોમાં ધૂળ ખાતી પડી રહી છે.

સેન્ટ્રલ મોટર વેહિકલ્સના નિયમ હેઠળ અમુક બસોમાં એફડીએસએસ હોવું ફરજિયાત છે ત્યારે બેસ્ટ ઉપક્રમની ૫૦ બસ તારદેવ રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસમાં બે મહિના પહેલા રજિસ્ટર્ડ થઈ ગઈ છે, છતાં એફડીએસએસને અભાવે તે રસ્તા પર દોડી શકતી ન હોવાનું જાણવા મળ્યું હતું.

બેસ્ટ ઉપક્રમને ખાનગી કંપની પાસેથી ૨,૧૦૦ ઈલેક્ટ્રિક બસ મળવાની છે, તેમાંથી ૧૨ મીટર લાંબી ૫૦ ઈ-બસનો કબજો મળી ગયો છે. જોકે એફડીએસએસને અભાવે તે ધૂળ ખાતી પડી છે. આ તમામ બસો દક્ષિણ મુંબઈમાં દોડાવવામાં આવવાની છે.

એક ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ બસોના ઈન્સ્પેકશન દરમ્યાન જણાઈ આવ્યું હતું કે બસમાં એફડીએસએસ નથી. તેથી તેને રસ્તા પર દોડાવી શકાય નહીં તેથી હાલ તેને ડેપોમાં રાખવામાં આવી છે.

નોંધનીય છે કે બેસ્ટ ઉપક્રમના કાફલામાં રહેલી બેસ્ટની બસોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. અનેક બસ તેનું આયુષ્ય પૂરું કરતા ભંગારમાં કાઢી નાખવામાં આવી છે. તેની સામે એટલી સંખ્યામાં બસની સંખ્યામાં વધારો થતો ન હોવાને કારણે રસ્તા પર બસની ફ્રીકવન્સી ઓછી હોવાથી પ્રવાસીઓને હાડમારી ભોગવવી પડી રહી છે.

એફીએસએસના અભાવે બસો ધૂળ ખાતી પડી રહી છે એ બાબતે બેસ્ટના પ્રવકતા જણાવ્યા મુજબ એફડીએસએસની ડિલિવરી આગામી ૨૦ દિવસની અંદર મળવાની શકયતા છે. એ સાથે જ તેને બસોમાં બેસાડવામાં આવશે.

એફડીએસએસ પ્રવાસીઓની સુરક્ષા માટે બસમાં હોય છે, જે બસના એન્જિનમાં આગ લાગે તો તેની ૩૦ સેકેન્ડમાં નોંધ લઈને મિનિટની અંદર આગને બુઝાવી દેતી હોય છે. બસમાં ફાયર એલાર્મ સિસ્ટમ હોવું ફરજિયાત છે, જે બેસ્ટના એન્જિનમાં આગ લાગે તો એલાર્મ વગાડીને ડ્રાઈવર અને પેસેન્જરને તેની જાણ કરે છે. છેલ્લા થોડા વર્ષોમાં બસમાં આગ લાગવાનું પ્રમાણ વધી ગયું છે. એપ્રિલ મહિનામાં ચર્ચગેટ સ્ટેશન બહાર ઊભેલી ઈ-બસમાં આગ લાગી હતી. સદ્નસીબે તે સમયે બસમાં કોઈ પ્રવાસી નહોતો. ■

# પનવેલ સ્ટેશન બહારથી બાળકીનું અપહરણઃ ૨૪ કલાકમાં મહિલા પકડાઈ

થાણેઃ પનવેલ રેલવે સ્ટેશન બહારથી ત્રણ મહિનાની બાળકીનું કથિત અપહરણ કરનારી મહિલાને પોલીસે ૨૪ કલાકમાં જ પકડી પાડી બાળકીને સહીસલામત તેની માતાને ફરી સોંપી હતી. પનવેલ શહેર પોલીસે ધરપકડ કરેલી મહિલાની ઓળખ રોશની વિનોદ વાગેશ્રી (૩૫) તરીકે થઈ હતી. પનવેલ રેલવે સ્ટેશન નજીકની ઝૂંપડપટ્ટીમાં રહેતી વાગેશ્રીએ ભીખ મગાવવા માટે બાળકીનું અપહરણ કર્યું હોવાની શક્યતા પોલીસે સેવી હતી.

સિનિયર ઈન્સ્પેક્ટર નીતિન ઠાકરેએ જણાવ્યું હતું કે બાળકીનું અપહરણ શુક્રવારની બપોરે ૩થી ૩.૩૦ દરમિયાન પનવેલ રેલવે સ્ટેશન બહારથી થયું હતું. સ્ટેશન બહાર માતા બાળકીને લઈને ઊભી હતી ત્યારે અજાણી મહિલા તેને પોતાની સાથે લઈ ગઈ હતી.

બાળકીના અપહરણની માહિતી મળતાં જ પોલીસ અધિકારીઓની પાંચ ટીમ તપાસમાં લાગી હતી. પોલીસે પનવેલ સ્ટેશન નજીકના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી આરોપી મહિલાની ઓળખ મેળવી હતી. મહિલા બાળકીને લઈ પુણે જતી ટ્રેનમાં ચઢી હોવાનું જાણવા મળ્યું હતું. બાળકીની શોધમાં પોલીસની અલગ અલગ ટીમ કર્જત, લોનાવલા, દૌંડ અને પુણે મોકલવામાં આવી હતી. લોનાવલા રેલવે સ્ટેશનના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસતાં મહિલા પુણે જતી ટ્રેનમાંથી લોનાવલા ઊતરી ગઈ હતી. પનવેલ પોલીસે નવી મુંબઈનાં દરેક પોલીસ સ્ટેશનને મહિલા અને બાળકીની તસવીર મોકલી અલર્ટ રહેવા કહ્યું હતું. દરમિયાન શનિવારે કળંબોલી પોલીસ સ્ટેશનની ટીમ પેટ્રોલિંગ પર હતી ત્યારે તેમની નજર કળંબોલી ફાયર સ્ટેશન નજીકથી પસાર થતી મહિલા અને બાળકી પર પડી હતી. તાબામાં લેવાયેલી મહિલાને પનવેલ શહેર પોલીસને સોંપાઈ હતી. ■

# ટૂ વ્હીલરની બેટરીમાં બ્લાસ્ટ થતાં ત્રણ મહિલા જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે જિલ્લાના મુંબ્રાના કૌસામાં ઘરમાં રાખવામાં આવેલી ટૂ વ્હીલરની બેટરીમાં સ્ફોટ થતા ત્રણ મહિલાઓ ગંભીર રીતે દાઝી ગઈ હતી. તેમને તાત્કાલિક હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ મુંબ્રાની અલ્માસ કોલોનીમાં ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળનો સુપ્રીમ ટાવર આવેલો છે. રવિવારે સાંજે ૫.૧૫ વાગે બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં પર રહેતા અસઝદ જમાલ શેખના ઘરે રાખવામાં આવેલી ટૂ વ્હીલરની બેટરીમાં બ્લાસ્ટ થઈને આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને આગ બુઝાવી હતી. આગમાં ત્રણ મહિલા દાઝી ગઈ હતી.

ઘરમાં બેટરીનો બ્લાસ્ટ થઈને આગ લાગવાથી વોશિંગ મશીન, કપડા, ઈલેક્ટ્રિક વાયરિંગ બળીને ખાખ થઈ ગયા હતા. દાઝી ગયેલી મહિલાઓમાં ૪૫ વર્ષની નુસરત સૈયદ, ૨૪ વર્ષની હફઝા સૈયદ અને ૧૮ વર્ષની અફઝા સૈયદનો સમાવેશ થાય છે. ત્રણેય મહિલા ૩૦ ટકા કરતા વધુ દાઝી હોવાને કારણે મોડેથી તેમને મુંબઈની વાડિયા હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**